પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૦-૬-૨૦૨૫, મંગળવાર
વર્ષ: ૧૪, અંક : ૭૯

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia



સુવિચાર
લોકો આપણને પર્સનલી જાણવા કરતા... ધારણાઓથી વધુ ઓળખતા હોય છે...

**ગાંધીગ્રામના ૫૫ વર્ષીય આધેડને કોરોના ભરખી ગયો**

(વાંચો છેલ્લા પાને)





સુઝલોનના પ્રમોટર તંતીએ ૧૩૦૦ કરોડના શેર વેચ્યા !!



કોહલી, રોહિત શર્મા, કલાર્સન બાદ નિકોલસ પુરનની અચાનક નિવૃત્તિથી ક્રિકેટ જગત સ્તબ્ધ



ધોનીનો સીતારો આઈસીસી હોલ ઓફ ફેમમાં ચમકયો



તમારે ભૂલી જવાનું ભૂલાવી દેવું છે કે યાદ રાખવું છે??!!!

### મેઘરાજાની સંતાકુકડી વચ્ચે ગરમીનો પારો ઉંચકાયો

# જગતાત ચિંતીત: વરસાદ ખેંચાશે તો મગફળી-કપાસના વાવેતરને જોખમ

**રાજ્યમાં અત્યાર સુધીમાં માત્ર ૭૭,૦૬૭ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ, કપાસની ૩૪ હજાર હેક્ટર, મગફળીની ૩૧ હજાર હેક્ટર જયારે શાકભાજીની પાંચ હજાર હેક્ટરમાં વાવણી: ૨૫ જૂન સુધીમાં વરસાદ નહિ આવે તો ખેડૂતોએ ફરીથી વાવેતર કરવાની તૈયારી રાખવી પડશે**

**અબતક, રાજકોટ**

મેઘરાજા જાણે સંતાકુકડી રમતા હોય તેમ રાજ્યભરમાં હાલ ગરમીનો પારો ઉંચકાયો છે અને તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. મે માસમાં વરસાદ આવતા લાગતું હતું કે ચોમાસુ ગુજરાતમાં વહેલું દસ્તક આપશે. જેને લઈ મોટાભાગના વિસ્તારમાં વરસાદની આશાએ અને ભીમ અગિયારસનું સુકનવન્તુ મુહૂર્ત સાચવવા ખેડૂતોએ વાવેતર કરી દીધું પણ હાલમાં વરસાદ ખેંચાયો છે. રાજ્યમાં મુખ્ય પાક મગફળી અને કપાસનું ખેડૂતોએ ૭૭ હજાર હેક્ટરમાં વાવેતર કરી દીધું છે, ત્યારે હવે ખેડૂત મૂંઝાયો છે. ખેડૂતો આકાશમાં દેખાતા કાળા ડિબાગ વાદળાઓ સામે જોઈ અને વરસાદની રાહ જોઈ રહ્યા છે. જો વરસાદ થઈ જાય તો મગફળીનો પાક બચાવી શકાય નહીં તો વરસાદ ખેંચાશે તો ખેડૂતોએ ફરીથી વાવેતર કરવાની તૈયારી રાખવી પડશે. ભીમ અગિયારસ

(અનુ. આઠમા પાને)



### વરસાદ ખેંચાશે તો પાણીનો પોકાર સર્જાશે

ઉનાળાના વિદાય સમયે સૌરાષ્ટ્રના જળાશયોની હાલત કફોડી બની છે અને ૨૫ જૂન સુધીમાં વરસાદ નહીં થાય તો પાણીની વિકટ સમસ્યા સર્જાય તેવા એંધાણ મળી રહ્યાં છે. રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૮૧ જળાશયોમાં સરેરાશ ૨૦ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ પૈકી ૩૨ જેટલા જળાશયો સંપૂર્ણપણે ખાલી હોવાથી તેના પર આધારિત વિસ્તારોમાં પાણીની સમસ્યા જોવા મળી રહી છે.રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળ આવતા રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા આ ૩૨ ડેમમાં હવે પાણી બચ્યું નથી. જો વરસાદ વધુ સમય ખેંચાય તો આ ડેમો હેઠળ આવતા ગામડાઓમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. રાજકોટ જિલ્લામાં જળાશયોમાં સૌથી વધુ પાણી છે, જે ૩૬.૬૫ ટકા નોંધાયું છે. રાજકોટ જિલ્લાના ૨૭ જળાશયમાં સરેરાશ ૩૬.૬૫ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ જિલ્લાના ૫ મહત્ત્વના જળાશયો, જેમાં કરમાળ, વેણુ-૨, ડોંડી, ખોડાપીપર અને માલગઢ ડેમનો સમાવેશ થાય છે, તે સંપૂર્ણપણે ખાલી થઈ ગયા છે. મોરબી જિલ્લાના ૧૦ જળાશયમાં ૧૮.૨૬ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે. જોકે, આ જિલ્લાના ૪ ડેમ, જેમાં ધોડાધ્રોઈ, બંગવાડી અને મચ્છુ-૨ જેવા ડેમોનો સમાવેશ થાય છે, તે પણ ખાલી છે.

### સરકારી બેન્કોનો 'વનવાસ' તૂટ્યો

# ન હોય.. ખાનગી બેંકોને પછાડી સરકારી બેંકોએ જબરદસ્ત પરિણામ આપ્યું

**ખાનગી બેંકોની લોન વૃદ્ધિ ૯ ટકા નોંધાઈ, જ્યારે સરકારી બેંકોની લોન વૃદ્ધિ તેનાથી ૪ ટકા વધી ૧૩.૧ ટકાએ પહોંચી**

**અબતક, નવી દિલ્હી**


ભગવાન રામ જેમ વનવાસ ગયા હતા અને ૧૪ વર્ષ બાદ તેઓનો વનવાસ તૂટ્યો હતો. તેવી જ રીતે સરકારી બેન્કોનો પણ ૧૪ વર્ષ બાદ વનવાસ તૂટ્યો છે. છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમવાર સરકારી બેંકોએ ખાનગી બેંકોને પછાડી જબરદસ્ત પરિણામ આપ્યું છે.

૨૦૧૧ પછી પહેલી વાર, જાહેર ક્ષેત્રની બેંકોએ લોન વૃદ્ધિમાં ખાનગી બેંકોને પાછળ છોડી દીધી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ ના અંતે, જાહેર ક્ષેત્રની બેંકોએ ખાનગી બેંકોને ૪ ટકાથી પાછળ છોડી દીધી છે, જેમાં ખાનગી બેંકોની ૯% ની સરખામણીમાં વાર્ષિક ધોરણે સરકારી બેંકોએ ૧૩.૧% લોન વૃદ્ધિ નોંધાવી છે.

મજબૂત પ્રદર્શન બહુવિધ ક્ષેત્રોમાં જોવા મળ્યું, જેમાં પરંપરાગત ક્ષેત્રો જેમ કે મોર્ટગેજ અને કોર્પોરેટ લોન, તેમજ ઓટો લોન જેવા વિવિધ નોન-મોર્ટગેજ રિટેલ સેગમેન્ટનો સમાવેશ થાય છે.

"ખાનગી બેંકોએ ઐતિહાસિક રીતે તેમના સ્થિર બજાર હિસ્સાના લાભને કારણે પ્રીમિયમ મૂલ્યાંકનનો આનંદ માણ્યો છે, જે સિસ્ટમ વૃદ્ધિ દર કરતા ૬-૭% વધુ ઝડપથી વૃદ્ધિ પામી છે," બર્નસ્ટેઈન ખાતે ભારતના નાણાકીય બાબતોના વડા પ્રણવ ગુંડલાપલ્લેએ જણાવ્યું હતું. "જો મધ્યમ ગાળામાં વૃદ્ધિ લાભ ઓછો થતો રહે છે, તો પ્રીમિયમ મૂલ્યાંકન માટેનો કેસ નબળો પડે છે. જ્યારે ખાનગી બેંકો હજુ પણ સરેરાશથી ઉપર નફાકારકતા ઓફર કરે છે અને

(અનુ. આઠમા પાને)




### આઈસીઆઈસીઆઈ અને એસબીઆઈના પ્રાઈસ ટુ બુક રેશિયોમાં મોટો તફાવત

આઈસીઆઈસીઆઈ બેંકનો પ્રાઈસ-ટુ-બુક રેશિયો હાલમાં ૩.૫ ની આસપાસ છે. તેનાથી વિપરીત, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો પ્રાઈસ-ટુ-બુક રેશિયો ૧.૫ ની આસપાસ છે, જે બંને બેંકોની વૃદ્ધિની સંભાવનાઓ, નફાકારકતા અને જોખમ પ્રોફાઈલ્સ વિશે વિવિધ બજાર ધારણાઓને પ્રતિબિંબિત કરે છે.

### જાહેર બેંકોનો કુલ લોન પોર્ટફોલિયો રૂ.૯૮.૨ લાખ કરોડ

જાહેર ક્ષેત્રની બેંકોનો પ્રભાવશાળી લોન વૃદ્ધિ તેમના નોંધપાત્ર વર્તમાન લોન આધારને ધ્યાનમાં લેતા વધુ નોંધપાત્ર બને છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ ના અંત સુધીમાં, જાહેર બેંકોનો કુલ લોન પોર્ટફોલિયો રૂ. ૯૮.૨ લાખ કરોડ હતો, જે બજાર હિસ્સાનો ૫૨.૩% હતો. તેની તુલનામાં, ખાનગી ક્ષેત્રની બેંકોનો લોન આધાર રૂ. ૭૫.૨ લાખ કરોડ હતો, જે કુલ લોનના ૪૦% હતો. જ્યારે ટોચની ૫ જાહેર બેંકોએ તેમની કોર્પોરેટ લોનમાં સરેરાશ ૧૦% વધારો કર્યો હતો, ત્યારે ખાનગી બેંકોએ ૪% કરતા ઓછો વિકાસ જોયો હતો. એચડીએફસી બેંક અને ઈન્ડસઈન્ડ બેંક માટે નકારાત્મક વૃદ્ધિને કારણે આ આંકડાઓ વિકૃત હતા. રિટેલ લોનના સંદર્ભમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ ના અંતમાં ટોચની પાંચ જાહેર બેંકોએ તેમના હિસાબમાં ૨૨% થી વધુનો વધારો કર્યો હતો, જ્યારે ખાનગી બેંકોએ ૧૨% થી ઓછો વિકાસ નોંધાવ્યો હતો.

### ૨૦૩૪: વન નેશન વન ઈલેકશન

# ૨૦૨૯ પછી રાજ્યો પૂર્ણકાળ સત્તા નહિ ભોગવી શકે

**વર્ષ ૨૦૩૪માં લોકસભા અને તમામ વિધાનસભાઓની ચૂંટણી એકસાથે કરવા કવાયત: ૨૦૨૯ બાદ જે રાજ્યમાં ચૂંટણી થશે તેઓ ૨૦૩૪ સુધી જ સત્તામાં રહેશે**

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ૨૦૩૪ સુધીમાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' ની મહત્વાકાંક્ષી યોજનાને અમલમાં મૂકવાનું લક્ષ્ય રાખ્યું છે. આ યોજના હેઠળ, લોકસભા અને તમામ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજાશે. આ પહેલનો ઉદ્દેશ વારંવાર થતી ચૂંટણીઓને કારણે થતા ખર્ચને ઘટાડવાનો અને શાસનમાં સાતત્ય લાવવાનો છે. આ માટે, બંધારણ (૧૨૯મો સુધારો) બિલ, ૨૦૨૪ અને કેન્દ્રશાસિત

(અનુ. આઠમા પાને)



### 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' શું છે?

'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પ્રસ્તાવ એ ભારતમાં લોકસભા અને તમામ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવાની યોજના છે. હાલમાં, ભારતમાં કેન્દ્ર અને વિવિધ રાજ્યોની ચૂંટણીઓ અલગ અલગ સમયે યોજાય છે, જેના પરિણામે ભારે નાણાકીય અને વહીવટી બોજ પડે છે. આ પ્રસ્તાવ હેઠળ, મતદારો એક જ દિવસે કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે મતદાન કરશે, જેનાથી ચૂંટણી પ્રક્રિયા સરળ અને ખર્ચ-અસરકારક બનશે.

### સમિતિ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુલાકાત લેશે

જેપીસીના અધ્યક્ષ ચૌધરીએ એ પણ માહિતી આપી હતી કે સમિતિના સભ્યો અત્યાર સુધી મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડની મુલાકાત લઈ ચૂક્યા છે. પેનલના મોટાભાગના સભ્યો સંમત થયા છે કે તેઓ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુલાકાત લેશે જેથી અંતિમ ભલામણ તૈયાર કરી શકાય. આ કારણોસર, સમિતિનો કાર્યકાળ લંબાવી શકાય છે. તે જાણીતું છે કે બંને બિલ ડિસેમ્બર ૨૦૨૪ માં લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા અને તે પછી તેમને જેપીસીને સોંપવામાં આવ્યા હતા. સમિતિ આ વિષય પર વિવિધ હિસ્સેદારો સાથે વિગતવાર પરામર્શ કરી રહી છે.

### અમેરિકન પ્રેસિડેન્ટના "હથેળીમાં ચાંદ"

# ૨૦૨૫માં જન્મેલા અમેરિકન બાળકોને શેરબજારમાં ૧૦૦૦ ડોલરના રોકાણનું "ટ્રમ્પ" એકાઉન્ટ મળશે


**૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ પછી, ૧ જાન્યુઆરી, ૨૦૨૯ પહેલા જન્મેલા યુએસ નાગરિક માટે ટેક્સ ફ્રી એકાઉન્ટમાં યોગદાન અપાશે**

**અબતક, રાજકોટ**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી પેઢીની નાણાકીય સુરક્ષા વધારવા માટે એક મહત્વાકાંક્ષી યોજના જાહેર કરી છે. આ યોજના હેઠળ, ૨૦૨૫ અને ૨૦૨૯ ની વચ્ચે જન્મેલા દરેક અમેરિકન બાળક માટે ૧,૦૦૦ના શેરબજારમાં રોકાણ ખાતા ખોલવામાં આવશે. આ "ટ્રમ્પ એકાઉન્ટ"માં કર-મુલતવી રાખવામાં આવશે અને શેરબજારના પ્રદર્શનને ટ્રેક પર લાવશે.

ટ્રમ્પે આ પહેલને "પરિવાર-લક્ષી" પ્રયાસ તરીકે વર્ણવી હતી, જેનો હેતુ પરિવારોને અમેરિકન અર્થતંત્રની મજબૂતાઈનો સીધો લાભ આપવાનો છે. તેમણે જણાવ્યું હતું કે, "૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ પછી, ૧ જાન્યુઆરી, ૨૦૨૯ પહેલા જન્મેલા દરેક યુએસ નાગરિક માટે, ફેડરલ સરકાર એક વખતના ટેક્સ ફ્રી એકાઉન્ટમાં ૧,૦૦૦ ડોલરનું યોગદાન આપશે જે

(અનુ. આઠમા પાને)



### વિસાવદર તેનો મિજાજ યથાવત રાખશે કે બદલશે?

# ૧૯૯૫થી હાઈ પ્રોફાઈલ બની ગયેલી વિસાવદર બેઠક આ વખતે કોને ફળશે?

**૨૦૦૭ પછી ભાજપ વિસાવદર વિધાનસભા બેઠક જીતી શક્યું નથી: પાટીદારોના મત નિર્ણાયક, આ બેઠક પરથી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને કુરજીભાઈ ભેંસાણીયા ત્રણ-ત્રણ વાર જીત્યાં છે: એકવાર હારેલા ઉમેદવાર કયારેય બીજીવાર અહીં જીતતો નથી**

**અબતક, રાજકોટ**

સત્તાના સમીકરણો પર કોઈ અસર કરતી ન હોવા છતાં ગુજરાત વિધાનસભાની વિસાવદર અને કડી બેઠકની પેટા ચૂંટણીએ રાજયભરમાં ભારે રાજકીય ગરમાવો લાવી દીધો છે. જુનાગઢ જિલ્લાની વિસાવદર બેઠક ૧૯૯૫ થી હાઈ પ્રોફાઈલ બની ગઈ છે. આ એજ બેઠક છે જેને ગુજરાતમાં ભાજપ સરકારને પ્રથમ મુખ્યમંત્રી આપ્યા, વિસાવદરના મતદારો પોતાનો મિજાજ યથાવત રાખશે કે બદલશે તેના પર તમામની મીટ મંડાયેલી છે.

પાટીદાર સમાજ કોના પર રીઝશે વિધાનસભામાં ભાજપનું બળ વધશે કે પછી કોંગ્રેસ ફરી આ બેઠક પર પંજાની પકડ જમાવી શકશે? કે આમ આદમી પાર્ટી પોતાની બેઠક જાળવી રાખશે તે વાત પરથી રરમીએ પડદો ઉંચકાય જશે.

કેશુભાઈ પટેલ જયારે ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ૧૯૯૫માં વિસાવદર બેઠક પરથી ચુંટણી લડવા આવ્યા ત્યારથી આ બેઠક ગુજરાતની ૧૮૨ બેઠકોમાંથી હાઈ પ્રોફાઈડ બેઠકોમાં સ્થાન મેળવી ચુકી છે. ૧૯૯૫ અને ૧૯૯૮માં ભાજપના ઉમેદવાર તરીકે જયારે ૨૦૧૨માં ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે એમ કુલ ત્રણ વાર કેશુભાઈ પટેલ વિજેતા બન્યા છે. જયારે કુરજીભાઈ ભેંસણીયા ૧૯૬૭ માં સ્વતંત્ર પક્ષમાંથી, ૧૯૭૫માં ક્રીમલોયમાંથી અને ૧૯૯૦માં જનતા દળમાંથી વિસાવદર બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચુંટાઇ

(અનુ. આઠમા પાને)



### ૧૯૯૫થી વિસાવદર બેઠકનું પરિણામ

* ૧૯૯૫માં ભાજપના ઉમેદવાર તરીકે કેશુભાઈ પટેલ જીત્યા
* ૧૯૯૮માં ફરી કમળ પરથી ચૂંટણી લડી કેશુબાપા બન્યા ધારાસભ્ય
* ૨૦૦૨માં ભાજપના કનુભાઈ ભાલાળા વિજેતા બન્યા
* ૨૦૦૭માં ફરી મતદારોએ કનુભાઈ ભાલાળા પર કળશ ઢોળ્યો
* ૨૦૧૨માં કેશુબાપા જીપીપીના ઉમેદવાર તરીકે ચૂંટણી જીત્યા
* ૨૦૧૪માં પેટા ચૂંટણીમાં હર્ષદ રિબડીયા કોંગ્રેસમાંથી જીત્યા
* ૨૦૧૭માં ફરી હર્ષદભાઈ રીબડીયા કોંગ્રેસમાંથી જીત્યા
* ૨૦૨૨માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ભૂપત ભાયાણી બન્યા વિજેતા


**કન્યા જોઈએ છે**

રાજકોટ સ્થિત જૈન પરિવારના Sept. 1993 બોર્ન / 5'7" / 67kg બેચલર ઓફ એન્જિનીયરીંગ, સ્વતંત્ર વ્યવસાય, પોશ વિસ્તારમાં રેસીડેન્સ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ, નિર્વ્યસની, સુખી સાધનસંપન્ન નાના પરિવારના અપરણિત યુવક માટે સંસ્કારી, મધ્યમવર્ગીય, સ્લિમ, ગ્રેજ્યુએટ મિનીમમ, યુવતીના વાલી તરફથી સંપર્ક આવકાર્ય છે. સ્વજ્ઞાતિને અગ્રતા, ઉચ્ચજ્ઞાતિ બાધ નથી.

સંપર્ક : હિમાંશુ ચિનોય M. 98980 32600

બાળ જીવનને રિચાર્જ કરીને

# નવા અનુભવો, નવી યાદો: વેકેશનની મોજ પૂર્ણ-સ્કૂલ ચલે હમ

## વેકેશન પુરૂ થયું ને વિદ્યાર્થીની ફરી શિક્ષણની રફતારે સાથેનું નવું સત્ર શરૂ થયું: નવા મિત્રો અને નવા પુસ્તકો સાથે આનંદમય શિક્ષણની યાત્રા શરૂ: ખુશીઓની અનંતયાત્રા પુરી થઇ ફરી જ્ઞાન-મંદિરમાં ફૂલો ગોઠવાઇ ગયા

ઉનાળાના લાંબા વેકેશન બાદ આજે ફરી નવા શૈક્ષણિક સત્ર જુન ૨૦૨૫થી ૩૧ મે ૨૦૨૬ના બન્ને સત્રો માટે જ્ઞાનયાત્રામાં જોડાઇ ગયા હતા. પ્રથમ દિવસે બાળજીવનને વેકેશનમાં રિચાર્જ કરીને નવા અનુભવો, નવી યાદો સાથે વેકેશનની મોજ પૂર્ણ કરીને બાળકો સાથે જ્ઞાનમંદિરના પગથિયા ચડ્યા હતા. નવા મિત્રો અને નવા પુસ્તકો સાથે આનંદમય શિક્ષણની યાત્રા આરંભી હતી. વિદ્યાર્થીઓ માટે વેકેશન એટલે ખુશીઓની અનંત યાત્રા હોય છે. આજે ફરી બાળ ફૂલો શાળાની ફૂલદાનીમાં ગોઠવાય ગયા હતા. નવા ધોરણના નવા વર્ગ સાથે શિક્ષક પણ નવા આવવાથી શાળા પ્રારંભે જ આનંદમય અને અસરકારક કલાસરૂમના વાતાવરણથી થયો હતો.



મોટાભાગે છાત્રોની શાળા તેજ હોય છે, પણ વર્ગખંડ ફરી જતો હોય છે. શહેર કે બીજે રહેવાથી નવી શાળામાં એડમીશન લેનાર બાળકો પ્રથમ દિવસે સમોવડીયાને પૂંછીને અનુસરતા જોવા મળ્યા હતા. નાનકડા બાળકો પ્લે હાઉસ કે બાલવાટીકામાં એડમીશન મેળવતા હોવાથી વિદ્યા પ્રારંભે જ પ્રથમવાર ઘર છોડીને આવતા રડતા પણ જોવા મળતા હતા. નાના બાળકોને મમ્મી પ્રત્યેનો અપાર લગાવ હોવાથી તેના ટીચર પણ લેડીઝ જ હોવા જોઇએ કારણ એક સ્ત્રી જ બાળકની વેદના સમજી શકે છે. એક અગત્યની વાતએ છે કે આવા બાળકોએ જન્મથી આજના સાડા ત્રણ વર્ષ સુધી વેકેશન જ માણેલું હોય છે, તેથી પણ તેને શાળા વાતાવરણ કષ્ટમય લાગતું હોય છે. છેલ્લા થોડા વર્ષો હવે શાળા પ્રારંભે પ્રવેશ મહોત્સવ ઉજવતાં હવે બધી શાળા બાળકોને કુમકુમ તીલક કરીને પણ શાળા પ્રવેશ કરાવે છે, પણ બાળકની મનોદશા અને તેનું બાળ મનોવિજ્ઞાન સમજનાર શિક્ષકો અને

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

શાળા કેટલીએ પણ યક્ષ પ્રશ્ન છે. બાળકોને બેસવું, રમવું, કુદવું અને ભણવું ગમે તે શાળા સૌથી શ્રેષ્ઠ ગણી શકાય. શાળા પ્રારંભે સત્ર આયોજનમાં જુન-જુલાઇ અને ઓગસ્ટ શાળા તત્પરતા કાર્યક્રમ યોજવા જોઇએ. જેમાં શિક્ષકો વર્ગખંડના બાળકોને વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિ કરાવીને છાત્રોને ભણવા કે શિક્ષણ પરત્વે રસ લે તો કરવો જરૂરી છે. એક વાત દરેકે લખી રાખવી જોઇએ કે આપણે બાળકને ભણાવવાનો નથી, પણ તેને ભણતો કરવાનો છે. રસ-રૂચીને વલણો આધારીત શિક્ષણ આપનારી શાળાઓ આજે આંગણીના વેઢે ગણાય તેટલી પણ નથી, જે દુ:ખદ બાબત છે. પ્રારંભથી પોતાના વર્ગના તમામ બાળકોની માહિતી રાખવી જોઇએ, જેમાં તેનો ક્રમિક સંર્વાગી વિકાસ સાથે સતત મોનીટરીંગ મૂલ્યાંકનની નોંધનો પ્રોગ્રેસ રિપોર્ટ રાખવો જરૂરી છે, જે વર્ષ પૂર્ણ થયે ઉપલા ધોરણના શિક્ષકને આપી દેવાથી નવા શિક્ષકને ઘણી સુગમતા તેના અસરકારક વર્ગ વ્યવસ્થામાં રહે છે. શાળા પ્રારંભે દરેક બાળકને વ્યક્તિ સંભાળ પણ અતિ આવશ્યક છે, જો આમાં કંઇક કચાશ રહેશે તો બાળક અધવચ્ચેથી જ શાળા છોડશે. આજેપણ ડ્રોપ આઉટ બાળકોની સમસ્યા છે, અને તેને માટે સરકાર બ્રીજ કોર્ષ કે એસ.ટી.પી. (એસટીપી)ના વર્ગો ચલાવે છે.

બાળકોને વય કક્ષા મુજબ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિ સાથે જોડીને સત્રના પ્રારંભથી જ રસમય શિક્ષણમાં જોડવો જરૂરી છે. મા-બાપની પણ ભૂમિકા બાળકોના સંર્વાગી વિકાસ માટે શિક્ષક જેટલી જ જરૂરી હોય દરેક મા-બાપે આ બાબતે સમય કાઢીને તેના સંતાનો સાથે સતત વાતચિત કરીને દરરોજના રૂટીંગ કાર્યની વાતો જાણવી જ પડે છે. આજની શિક્ષણ પધ્ધતિમાં બાળકની સાથે મા-બાપને પણ શાળાઓ ભણાવતી જોવા મળે છે. શાળાનું ખાનગીકરણ વધતા શિક્ષણ ઘણું મોંઘુ થઇ જતાં, ઘણા



### બાળકોને રમતાં-રમતાં, હસતાં હસતાં શિક્ષણ આપો

બાળકોને પાઠ્ય પુસ્તક ઉપરાંત ઘણું શિખવવાનું હોય છે, જે માટે શિક્ષકની દરરોજની તૈયારી મહત્વની ગણાય છે. બાળકોને રમતાં-રમતાં કે હસતાં-હસતાં તમે ઘણું બધુ શિખડાવી શકો છો, એ વાત શાળા અને શિક્ષકોએ ભૂલવી ન જોઇએ. કોઇપણ બાળક કોરીપાટી ક્યારેય હોતો જ નથી, આપણને તેમાં લખાયેલું દેખાઇ કે વંચાઇ જાય તો જ આપણું શિક્ષક જીવન સાર્થક ગણાય છે. બાળકોમાં અનંત કલાઓ છૂપાયેલી હોય છે, આપણે ફક્ત તેને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

### છાત્રોના નવા ઉત્સાહ અને ઉમંગ સાથે જ્ઞાનમંદિરના દ્વાર ખુલ્યા

જુન-૨૦૨૫ના નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ છાત્રોના નવા ઉત્સાહ અને ઉમંગ સાથે આજે જ્ઞાનમંદિરના દ્વાર ખુલ્યા હતા. શાળાનો પ્રથમ દિવસ એક ખાસ ઉત્સાહ અને અપેક્ષા લઇને આવે છે. લાંબા સમય પછી મિત્રોને મળવાનો આનંદ એટલે શાળા પ્રારંભ. નવાસત્રનો પ્રારંભ એ માત્ર કેલેન્ડરનો એક દિવસ જ નથી પણ જ્ઞાન, મિત્રતા અને નવી શરૂઆતનું પ્રતિક છે. ગત વર્ષની ભૂલોમાંથી શીખીને અને ભવિષ્ય માટે આશાવાદી બનીને આજે છાત્રો સ્કૂલે પગથીયા ચડ્યા હતા. શિક્ષણ પ્રારંભ એટલે ભવિષ્યના શિક્ષણ અને વિકાસ યાત્રા સાથે કારકિર્દીનો પાયો ગણાય છે.

મા-બાપો પોતાના સંતાનોને સરકારી શાળામાં એડમીશન લેવા લાગ્યા છે. આજે તો લાખો રૂપિયાની ફિ કેને પરવડે તે મોટો પ્રશ્ન છે. પ્લે હાઉસમાં ભાવનાત્મક સાથે જીવનમૂલ્ય શિક્ષણ દરેક બાળકને પ્રારંભથી મળશે તો જ તેના સંર્વાગી વિકાસ થઇ શકશે. સંગીત-ચિત્ર-રમત ગમત સાથે બાળકોમાં રહેલી વિવિધ છૂપી કલાનો અવસર નવા સત્રના પ્રારંભથી જ શિક્ષકે પ્રોત્સાહન આપીને કાર્ય કરવું જ પડશે.

### વર્ગખંડો ફરીથી કલરવથી ગુંજી ઉઠ્યા, તો શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકબીજાને મળીને ખુશ થયા: વેકેશનની યાદો તાજી કરતાં, છાત્રો ભવિષ્યના શિક્ષણ માટે માનસિક રીતે તૈયાર થયા

## વંદે માતરમ સેવા ટ્રસ્ટ દ્વારા રાહત દરે ચોપડા વિતરણ

**અબતક, રાજકોટ**

વંદે માતરમ શિક્ષણ અને સેવા ટ્રસ્ટ સાથે રણછોડનગર શાખા, ભારત વિકાસ પરિષદ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ફુલ સ્કેપ ચોપડા રાહત ભાવે વિતરણ હર્ષ પેઢડીયા ચાણક્ય વિદ્યાલય ૯, બ્રાહ્મણીયાપરા પાણીના ઘોડા પાસે પેડક રોડ ચાણક્ય પુસ્તકાલય ની બાજુમાં, બીજો ધૈર્ય પટેલ, જનસેવા કેન્દ્ર મોરબી રોડ મીરા પાર્ક એચ પી પેટ્રોલ પંપ પાછળ લક્ષ્મણ પાર્ક મેઈન રોડ રોડ પર પાસે તેમજ મહેશ મિયાત્રા, ભગવતી પરા ખોડીયાર પાન એન્ડ કોલ્ડ્રિંક્સ ૫, ભગવતી પરા શાળા નંબર ૨૯ મા ભગવતી શાળા પાસે, આજી નદી ના કાઠે સ્ટોક હશે ત્યાં સુધી વિતરણ કરવામાં આવશે. આ સાથે સ્વદેશી જાગરણ મંચના હાદિકભાઈ વ્યાસ, ભારત વિકાસ પરિષદ રણછોડ નગર શાખા ના કાંતિભાઈ બગડા, મહેશભાઈ મિયાત્રા તેમજ હથિયારણ ગ્રુપના નરેશભાઈ હરીયાણી ની ટીમ સતત કાર્યરત રહી હતી



## અમૃતેશ્વર લાફિંગ કલબ દ્વારા રંગારંગ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી

**અબતક,રાજકોટ**

અમૃતેશ્વર લ ાફીંગ કલબ દ્વારા તાજેતરમાં ઠક્કર, જાણીતા લાફ્ટર થેરાપિસ્ટ આયોજિત હાસ્ય સાથે પ્રાણાયામ અને ધ્યાનના રંગારંગ કાર્યક્રમની ઉત્સાહ અને આનંદપૂર્વક ઉજવણી કરવામાં આવેલ. અરવિંદભાઈ વોરા, રાજકોટ ડિસ્ટ્રીક લાફિંગ કલબ કમિટીના જનરલ સેક્રેટરી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા .

કાર્યક્રમનું આયોજન અમૃતેશ્વર લાફિંગ કલબ ના કન્વીનર રમેશભાઈ અનડકટ તથા વહીવટી અધિકારી વિનોદભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ.

અમૃતેશ્વર લાફિંગ કલબ તથા વિર ભગતસિંહ લાફીગ કલબના કનવિનર તથા સભ્યો હાજર રહ્યા હતા તેમજ પૌષ્ટિક નાસ્તાનું પણ આયોજન કરવામાં આવેલ હતું.



## આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૬.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, જેઠ સુદ પૂનમ, જ્યેષ્ઠા નક્ષત્ર, સાધ્ય યોગ, બાલવ કરણ આજે રાત્રે ૮.૧૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય, શુભ દિન.

**મિથુન** (ક,છ,ઘ) : આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક** (ડ,હ) : નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પરથી શીખવું પડે.

**સિંહ** (મ,ટ) : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા** (પ,ઠ,ણ) : પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા** (ર,ત) : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર** (ખ,જ) : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ** (ગ,સ,શ) : મિત્રો સાથે આનંદ માણી શકો, ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.

**મીન** (દ,ચ,ઝ,થ) : વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

## લીમડીના ભોયકા ગામે કષ્ટભંજન દેવનો કાલે કેરી મનોરથ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત ગુજરાત પરના હનુમાન ભક્તો માટે આસ્થાનું ધામ લીમડી નજીકના ભોયકા ગામ બિરાજમાન હનુમાનજી મંદિરે કાલે ના બુધવાર પૂનમના રોજ દાદા ને કેરીનો મનોરથ ધરાવાશે. ઓસ્ટ્રેલિયા નિવાસી સોની નીલમબેન ગીતેશકુમાર અને આણંદના સોની ગહેનાબેન માનવ કુમાર દ્વારા આયોજિત મનોરથમાં હનુમાનજી ભક્ત ઉપસ્થિત રહેવા હનુમાનજી ભગત હિતેશભાઈ સોની દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે



## વોર્ડ નં.૧૨માં વિવિધ વિસ્તારોમાં ડામર કામનું ખાતમુહૂર્ત કરતા સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨ માં આવેલ રામેશ્વર સોસાયટી, ધનરાજ પાર્ક તેમજ રૂપ રેસીડેન્સીના રસ્તા પર અંદાજીત રૂ.૨ કરોડના ખર્ચે ડામર કરવાના કામનું ખાતમુહૂર્ત રાજકોટ લોકસભા સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં રાજકોટ લોકસભા સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્ય સભાના સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, રાજકોટ-૬૯ વિધાનસભાના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, પૂર્વ મેયર અને વોર્ડ નં.૧૨ કોર્પોરેટર ડો. પ્રદીપભાઈ ડવ, કોર્પોરેટર મગનભાઈ સોરઠીયા, કોર્પોરેટર મિતલબેન ચેતનભાઈ લાઠિયા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા, વોર્ડ નં.૧૨ પ્રમુખ જયેશભાઈ પંડ્યા, મહામંત્રી ધીરજભાઈ મૂંગરા, રાજકોટ શહેર યુવા ભાજપ પ્રમુખ કિશનભાઈ ટીલવા, રાજકોટ શહેર મહિલા મોરચા મહામંત્રી કિરણબેન હરસોડા, વોર્ડ પૂર્વ પ્રમુખ યોગેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ શહેર કિશાનમોરચા ઉપપ્રમુખ દશરથસિંહ જાડેજા, રાજકોટ શહેર ભાજપ એ. જા મોરચા મંત્રી રમેશભાઈ રાઠોડ, વગેરે ઉપસ્થિત રહેલ હતા.

વોર્ડ નં.૧૨ માં આવેલ રામેશ્વર સોસાયટી, ધનરાજ પાર્ક તેમજ રૂપ રેસીડેન્સીના રસ્તા પર ડામર કામ થવાથી આ વિસ્તારની સુવિધામાં વધારો થશે અને હાલાકીમાંથી મુક્તિ મળશે.



## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL

**તારીખ ૧૦-૦૬-૨૦૨૫ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ બિરયાની)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (યવયફની બોન કંડક્સન)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મન મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૬-૨૦૨૫ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ. મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૧-૬-૨૦૨૫ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** જેઠ શુદ પુનમ કબીર જયંતી
**નક્ષત્ર** જયેષ્ઠા
**યોગ** સાધ્ય **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૦૪ **સુર્યાસ્ત:** ૭.૩૦
**ચંદ્ર રાશી** વૃશ્ચિક બુધવારે રાત્રે ૮.૧૧ થી ધન
**રાશિ અક્ષર** ન.ય/ભ.ફ.ધ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૯ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | ૬ | | | ૫ | |
| ૭ | | | ૯ | | | | | ૬ |
| ૧ | | ૩ | | | | | | |
| | | | ૬ | | | ૫ | | ૧ |
| | | ૯ | ૫ | | | | ૪ | |
| ૨ | ૮ | | | ૯ | | | | |
| | | | ૮ | | | ૪ | | |
| | | | | ૭ | | | | ૮ |
| ૯ | | | | | | | ૬ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૨૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ |
| ૭ | ૪ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ | ૯ | ૮ |
| ૧ | ૯ | ૩ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ | ૨ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ |
| ૬ | ૮ | ૧ | ૫ | ૪ | ૨ | ૯ | ૭ | ૨ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૧ |
| ૮ | ૩ | ૨ | ૬ | ૯ | ૫ | ૭ | ૧ | ૪ |
| ૫ | ૧ | ૬ | ૪ | ૨ | ૭ | ૮ | ૩ | ૯ |
| ૪ | ૭ | ૯ | ૩ | ૮ | ૧ | ૬ | ૨ | ૫ |

## મંગળ કેતુ સાથે હોય ત્યારે જીવનમાં કોઈને કોઈ રીતે અસંતુલન ઉત્પન્ન થાય છે

૭ જૂનથી મંગળ મહારાજ સિંહમાં આવવા સાથે આગ્નિતત્વની સિંહાસનની આ રાશિમાં મંગળ કેતુ યુતિ શરુ થઇ ચુકી છે. મંગળ જમીન છે માટે મંગળ કેતુ સાથે જમીન વિવાદો સામે લાવે તો સરકારી જમીન અંગેના કેટલાક પ્રશ્નો ઉભા થાય સરકાર દબાણ હટાવવા પર વધુ ફોકસ કરે વળી મંગળ શરીર છે અને કેતુ બીમારી દર્શાવે છે માટે આ સમયમાં બીમારીથી સાવધ રહેવું જોઈએ તો મંગળ યુદ્ધ છે આતંકી ઘટના છે જમીન છે અંતે યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ પામે વળી જમીનના કારક મંગળ હોવાથી ભૂકંપ જેવી આપદાઓ સામે પણ સજ્જ રહેવું પડે વળી જલતત્વ અસંતુલિત હોવાથી જળથી ઉત્પન્ન પ્રશ્નો પણ ખડા થતા જોવા મળે. કેતુ જાસૂસી છે મંગળ એ યુદ્ધ છે માટે યુદ્ધ માં જાસૂસી અને જાસૂસી ઉપકરણોનો વધુ ઉપયોગ થાય તો મંગળ કેતુ સાથે અકસ્માત પણ સર્જે છે અને આત્મહત્યા થી લઈને ક્રૂર હત્યાનો સિલસિલો બતાવનાર છે જે આ સમયમાં કોઈ ને કોઈ રીતે સામે આવતું જોવા મળે. મારા વર્ષોના અનુભ્વમમાં મેં જોયું છે કે જયારે જાતકની જન્મ કુંડળીમાં મંગળ કેતુ સાથે હોય ત્યારે આ યોગ જીવનમાં કોઈને કોઈ રીતે અસંતુલન ઉત્પન્ન કરતા જોવા મળે છે. મારી દ્રષ્ટિએ વ્યક્તિગત જન્મકુંડળીમાં આ યોગની વિપરીત અસર દૂર કરવા માટે ગણપતિ પૂજા અને ગણપતિ અથર્વશીર્ષના પાઠ વિશેષ ફળદાયી રહે છે.

### મેળા આયોજકોમાં ભંગાણ પડ્યું?

# નનૈયા વચ્ચાળે એક જ પાર્ટીએ લોકમેળાની યાંત્રિકના ૨૦ ફોર્મ ઉપાડ્યાં

**રંગીલા રાજકોટનો લોકમેળો સાત દાયકા જૂનો, જેના થકી આખા સૌરાષ્ટ્રની જન્માષ્ટમી બને છે 'રૂડી': એકબાજુ મેળા-રાઈડ્સ એસો. એક પણ જગ્યાએ ફોર્મ નહીં ઉપાડે અને હરાજીમાં પણ નહીં જોડાવાનો સુર જયારે બીજીબાજુ આજે યાંત્રિકના ૨૦ ફોર્મ ઉપડતા ચર્ચાનો વિષય બન્યો**

## ગત વર્ષ કરતા સ્ટોલ-પ્લોટની સંખ્યામાં વધારો થયો

રાજકોટના રેસકોર્ષ મેદાનમાં આગામી તારીખ ૧૪ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીનો સૌરાષ્ટ્રનો સૌથી મોટો અને ભાતીગળ લોકમેળો યોજાવા જઈ રહ્યો છે ત્યારે રાઈડસ રાખવા માટેની રાજ્ય સરકારની કડક એસઓપીનો વિરોધ થઈ રહ્યો છે. બીજી તરફ સ્ટોલ કે પ્લોટના ભાડાની વાત કરીએ તો લોકમેળામાં આઈસ્ક્રીમના ચોકઠાનું ૫ દિવસનું ભાડું સૌથી વધુ રૂ.૪,૫૦,૦૦૦ છે. જ્યારે ૫૦ બાય ૮૦ ફૂટની સૌથી મોટી રાઈડનું ભાડું રૂ.૪,૨૦,૦૦૦ છે. ગત વર્ષની તુલનામાં આ વખતે રમકડાના સ્ટોલની સંખ્યામાં ૨૦નો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે એક યાંત્રિક રાઈડ વધી છે. તેમાં પણ ૪૫ બાય ૭૦ની એફ કેટેગરીની યાંત્રિક રાઈડમાં ૪નો ઘટાડો કરવામાં આવ્યો છે. જેના પરથી એવું લાગી રહ્યું છે કે છેલ્લી ઘડીએ તમામ રાઈડ ધારકો રાઈડ રાખવાની ના પાડી દે તો તે જગ્યા પર પ્લોટ ફાળવણી કરવા માટે વહીવટી તંત્રની પૂર્વ તૈયારી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### હરરાજી વાળી કેટેગરીનું ભાવ પત્રક

| કેટેગરી | સ્ટોલ/ પ્લોટનો હેતુ | સાઈઝ | પ્રાઈઝ | સ્ટોલની સંખ્યા | ગત વર્ષે સ્ટોલ |
|---|---|---|---|---|---|
| બી | રમકડા | ૧૫ બાય ૧૫ | ૪૦,૦૦૦ | ૧૨૦ | ૧૦૦ |
| સી | ખાણીપીણી નાની | ૧૫ બાય ૧૫ | ૪૦,૦૦૦ | ૬ | ૬ |
| જે | મધ્યમ ચકરડી | ૨૪ બાય ૨૪ | ૨૫,૦૦૦ | ૩ | ૩ |
| કે | નાની ચકરડી | ૧૨ બાય ૧૨ | ૧૫,૦૦૦ | ૧૨ | ૧૨ |

## સાત દાયકા જૂના લોકમેળાએ રાજકોટને ''રંગીલું'' બનાવ્યું!

રાજકોટના મેળાનો ઈતિહાસ જોઈએ તો ૧૯૫૩ સુધી શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા લોકમેળાનું શાસ્ત્રી મેદાનમાં ત્રણ દિવસ સુધી આયોજન કરવામાં આવતું હતું. ઉત્સવપ્રિય રાજકોટમાં જન્માષ્ટમીના પાવન પર્વે નિમિત્તે ૧૯૮૪માં રાજ્ય સરકારના યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ત્રણ દિવસ સુધી શાસ્ત્રી મેદાન ખાતે જ લોકમેળો યોજવામાં આવ્યો. આ આયોજનનું ૧૯૮૫માં પણ પુનરાવર્તન કરાયું ત્યાર બાદ, ૧૯૮૬થી સરકારી અધિકારીઓની વિવિધ સમિતિ દ્વારા આયોજનબધ્ધ રીતે લોકમેળો યોજાવાની શરૂઆત થઈ.આ લોક મેળો રાજકોટની ભાતીગળ ઓળખ બની ગયો છે.શરૂઆતથી શાસ્ત્રી મેદાનમાં યોજાતો આ મેળો વધતા જતાં માનવ મહેરામણના લીધે વર્ષ ૨૦૦૩થી રેસકોર્સ ખાતે યોજવામાં આવે છે. મેળાના સમયગાળો ત્રણ દિવસથી વધારીને પાચ દિવસનો કરવામાં આવ્યો. લોકમેળાના આયોજનના આ વિકેન્દ્રીકરણની લીધે રાજકોટનો મેળો વહીવટી રીતે નમૂનેદાર બન્યો છે. અતિ લોકપ્રિય આ લોકમેળામાં અનેક જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળે છે. ત્યારે મેળામાં લોક હરે ફરે અને નાના ધંધાર્થીઓ પણ રોજગારી મેળવે તે જરૂરી બન્યું છે.

## નિયમો હળવા નહી થાય તો ગુજરાતના તમામ લોકમેળાનો બહિષ્કાર કરવામાં આવશે: પરેશ ભટ્ટ



અબતક સાથેની વાતચીતમાં ગુજરાત મેળા એસોસિએશનના સભ્ય પરેશ ભટ્ટે જણાવ્યું હતું કે, રાજકોટમાં ગત વર્ષે ટીઆરપી ગેમઝોનની ઘટના બની અને ત્યારબાદ મેળામાં રાઈડસના કડક નિયમો બનાવી દેવામાં આવ્યા. રાજ્ય સરકાર દ્વારા એસઓપી તૈયાર કરવામાં આવી છે, તેમાં ૧૦માંથી અમુક મુદ્દાઓ અમને ખૂબ જ પરેશાન કરે છે. જેમ કે, સિમેન્ટના ફાઉન્ડેશન ઉપર રાઈડ તૈયાર કરવી જેનો ખર્ચો ખૂબ જ વધારે હોવાથી નાના મેળાના વેપારીઓને પોસાય તેમ નથી. તદુપરાંત રાઈડનું બિલ માંગવામાં આવે છે પણ હવે તે રાઈડ એસેમ્બલ હોય છે અને ૧૦થી ૧૫ વર્ષ જૂની હોય છે, જેથી તેનું કોઈ બિલ હોતું નથી.વધુમાં જણાવ્યું હતું કે,ગુજરાત મેલા એસોસિએશનમાં રજીસ્ટર થયેલા ૪૫૦ સભ્યો છે અને લોકમેળાઓ ઉપર નિર્ભર હજારો લોકો હોય છે. ગુજરાતમાં ૨ દિવસથી લઈને ૭૦-૯૦ દિવસ સુધીના ૪,૦૦૦થી પણ વધુ મેળાઓ થતા હશે. જો આ મુદ્દાઓને લઈને સરકાર દ્વારા હળવા નિયમો કરવામાં નહીં આવે તો સમગ્ર ગુજરાતના તમામ લોકમેળાઓનો બહિષ્કાર કરશું.

## એસઓપીના નિયમોનો અમલ કરવો મુશ્કેલ જ નહીં, પણ અશક્ય: કૃણાલ ભટ્ટ



અબતક સાથેની વાતચીતમાં મેળા એસોસિએશનના સભ્ય કૃણાલ ભટ્ટે પણ જણાવ્યું હતું કે, મેળા બાબતે સરકાર દ્વારા એસઓપી બનાવવામાં આવી છે, તેને અને પબ્લિક સેફ્ટીને કંઈ લાગતું વળગતું નથી. મેળાઓ પૌરાણિક કાળથી થતા આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી હતા ત્યારે મેળા માટે પરવાનો આપતા હતા, તે પ્રકારની પરમિશન તંત્ર દ્વારા આપવામાં આવે તેવી અમારી માંગણી છે.કડક એસઓપી સાથે એક પણ જગ્યાએ મેળા યોજવા શક્ય નથી પરંતુ, ગત વર્ષે અમુક જગ્યાએ જે મેળાઓ યોજાયા હતા, તે કદાચ કોઈની ભલામણથી, રાજકીય વગથી અથવા તો ભ્રષ્ટાચારથી યોજવામાં આવ્યા હોય એવું મને લાગી રહ્યું છે. ખાસ તો રાજકોટમાં નેતાગીરીની કમી દેખાઈ રહી છે કારણ કે, રાજ્ય સરકાર સમક્ષ અમે અનેક વખત રજૂઆત કરી છે પરંતુ, એક પણ વખત સરકાર દ્વારા અમારી સાથે કોઈપણ પ્રકારની વાતચીત કરવામાં આવી નથી.

**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટની આગવી ઓળખ એટલે પ્રતિવર્ષ રેષકોર્ષ મેદાનમાં યોજાતો લોકમેળો. હૈયુ દળાય તેટલો માનવ મહેરામણ આ મેળામાં ઉમટી પડે છે. આખુ વર્ષ જન્માષ્ટમીએ સૌરાષ્ટ્રભરના લાખો લોકો લોકમેળાની રાહ જોતા હોય છે. ઉંચા ઉંચા ફજર, ફાળકા સહિતની રંગબેરંગી રાઈડસમાં બેસવાની મોજ. એક અંદાજ મુજબ દર વર્ષે દસેક લાખ લોકો આ મેળામાં મહાલે છે. પરંતુ ગત વર્ષે બનેલી ટીઆરપી ઘટના બાદ જાણે લોકમેળાને ગ્રહણ લાગી ગયું હોય તેમ અગાવથી જ મેળો ચકડોળે ચડી ગયો છે. રાજકોટમાં રાઈડ નહીં તો ક્યાંય નહીં લાગે રાઈડ જેમાં રાઈડ સંચાલકો એક જૂથ થઈ નિર્ણય લીધો છે. રાઈડ સંચાલકોએ જણાવ્યું છે કે અન્ય જિલ્લામાં તંત્ર મંજૂરી આપે છે. રાજકોટમાં અધિકારીઓને તકલીફ છે. રાજકોટના અધિકારીઓના વાંકે આખા ગુજરાતમાં રાઈડ સંચાલકો રાઈડ લગાડશે નહિ અને આ નનૈયા વચારે સુરેન્દ્રનગરની એક જ પાર્ટીએ લોકમેળાની યાંત્રિકના ૨૦ ફોર્મ ઉપાડ્યા છે ત્યારે મેળા આયોજકમાં જ ભંગાણ પડ્યું કે કેમ તેવા સવાલો ઉભા થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં યોજાયેલી 'ઓલ ગુજરાત મેળા એસોસિએશન'ની બેઠકમાં ૨૦ વર્ષ જૂના એસોસિએશન સાથે જોડાયેલા ૪૫૦ સભ્યોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ચર્ચાના અંતે એવો આકરો નિર્ણય લેવાયો છે કે, જો સરકાર દ્વારા એસઓપીમાં છૂટછાટ નહીં મળે, તો ગુજરાતમાં થતા ૪૦૦૦ થી પણ વધુ મેળાઓનો સંપૂર્ણ બહિષ્કાર કરાશે. એસોસિએશન એક પણ જગ્યાએ ફોર્મ પણ નહીં ઉપાડે અને હરાજીમાં પણ જોડાશે નહીં. ત્યારે હવે યાંત્રિકના ૨૦ ફોર્મ ઉપડતા આયોજકમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. લોક મેળો રાજકોટની ભાતીગળ ઓળખ બની ગયો છે. ત્યારે નાના માણસોથી લઈ તમામને રોજગારી મળી રહે ત્યારે એક જ પાર્ટીએ યાંત્રિકના ૨૦ ફોર્મ ઉપાડી લેતા આ લોકમેળો લૂંટમેળો ન બને તેની તકેદારી રાખવા તંત્રએ પણ સજાગ બનવું જરૂરી છે.



### સેવા, સુશાસન અને વિકાસ


# સુશાસનના શિલ્પકાર, ''મોદી સરકારે'' બદલી ભારતની તસવીર: મુખ્યમંત્રી

**પાટીલ-પટેલની ઉપસ્થિતિમાં મોદી સરકારના ૧૧ વર્ષની સિદ્ધિઓ અને ૧૪૦ કરોડ દેશવાસી માટે વિકાસનો દશકો બન્યો**



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા સુશાસન અને ગરિબ કલ્યાણ તેમજ વિકસીત ભારતને સમર્પિત ભાજપ અને એનડીએની કેન્દ્રસરકારે ૧૧ વર્ષ પુર્ણ કર્યા છે તે સંદર્ભે ગુજરાત પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટીલજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા સુશાસન અને ગરિબ કલ્યાણ તેમજ વિકસીત ભારતને સમર્પિત ભાજપ અને એનડીએની કેન્દ્રસરકારે ૯ જૂનના રોજ ૧૧ વર્ષ પુર્ણ કર્યા છે આ સંદર્ભે ગુજરાત પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશક્તિમંત્રી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ થકી ૧૧ વર્ષના કાર્યકાળનો હિસાબની માહિતી આપવામાં આવી હતી. પત્રકાર પરિષદ પછી સંકલ્પથી સિદ્ધી અંતર્ગત ૧૧ વર્ષના કાર્યકાળની ઝાંખી દર્શાવતી પ્રદર્શનીનું ઉદઘાટન સી.આર પાટીલજી તેમજ ભુપેન્દ્રભાઈ પટેલે કર્યુ.સી.આર.પાટીલજીએ પ્રેસને સંબોધતા જણાવ્યું કે, દેશમા સૌથી વધુ સમય વડાપ્રધાન તરીકે જવાહરલાલ નહેરૂજી, ઈન્દીરા ગાંધીજી હતા અને ત્યાર પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ સતત ૧૧ વર્ષથી લોકપ્રિય વડાપ્રધાન બન્યા છે પરંતુ ૧૮ અને ૧૬ વર્ષના કાર્યકાળમા જે કામો થયા તેના કરતા અનેક ગણા કામો વડાપ્રધાનશ્રી મોદી સાહેબના ૧૧ વર્ષના કાર્યકાળમાં પુર્ણ થયા છે. સંર્વાગી વિકાસ શું હોઈ શકે તે ગુજરાતમાં આપણે પહેલા જોયું અને હવે દેશમાં જોઈ રહ્યા છીએ.પાટીલજીએ ૧૧ વર્ષના કરાયેલા મહત્વના કાર્યોની માહિતી આપતા જણાવ્યું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ૧૧ વર્ષના કાર્યો અકલ્પનિય અને અદભૂત છે જે સુવર્ણ અક્ષરોમાં લખાશે. દેશ ૧૧ વર્ષ પહેલા તૃષ્ટીકરણ અને તૃષ્ટીકરણ સાથે સમાજને ખંડિત કરી પોતાની ખુશીની સુરક્ષીત કરવી એક રાજકીય સંસ્કૃતિની પદ્ધતિ બની હતી. પાટીલજીએ દેશના અર્થતંત્ર વિશે માહિતી આપતા વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં દેશનું અર્થતંત્ર ૧૦મા સ્થાનેથી ૫માં સ્થાને આવ્યું છે અને હવે ચોથા નંબરનું અર્થતંત્ર બનવા તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. કોંગ્રેસ સરકારના સમયમા અર્થશાસ્ત્રી વડાપ્રધાન હતા જેમના માટે કોગ્રેસ મોટા દાવા કરતી હતી





(અનુ. આઠમા પાને)

# લોકરક્ષક દળની પરીક્ષા માટે એસટી નિગમ એકસ્ટ્રા બસો દોડાવાશે

**રાજ્યના કુલ ૭ મુખ્ય શહેરોમાં - અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર - પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરાયા**

**અબતક, રાજકોટ**

૧૫ જૂને રાજ્યભરમાં આયોજિત લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાને ધ્યાનમાં લઈ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ખાસ વ્યવસ્થા કરાઈ છે. રાજ્યના કુલ ૭ મુખ્ય શહેરોમાં - અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર - પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જ્યાં અંદાજે ૨.૪૮ લાખ ઉમેદવારો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.ઉમેદવારોને સરળ પ્રવાસ સુવિધા પૂરી પાડવા માટે, એસટી નિગમ દ્વારા દ્વારા ૧૪ અને ૧૫ જૂનના દિવસોમાં વિવિધ જીલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રની નજીકના ડેપોમાં પહોંચવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. પરિવહન નિગમે દરેક ડેપો ખાતેથી અલગ ફાળવવામાં આવેલી બસ રાઉટ્સ માટે ઓનલાઈન ટિકિટ બુકિંગની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવી છે. ઉમેદવારો વેબસાઈટ પરથી એડવાન્સમાં ટિકિટ બુક કરી શકશે અથવા પોતાના નજીકના ડેપો ખાતે કાઉન્ટર બુકિંગ (અનુ. આઠમા પાને)




# સહકાર એ માત્ર વ્યવહાર નથી, એક ભાવના છે: મુખ્યમંત્રી

## આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે રાજભવન ખાતે સહકારથી સમૃદ્ધિ સંમેલન યોજાયું

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે આજે રાજભવન-ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સહકારથી સમૃદ્ધિ સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી તેમજ સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલન પૂર્વે રાજ્યપાલ અને મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ સંમેલન અંતર્ગત વિવિધ સહકારી મંડળીઓ દ્વારા લગાવવામાં આવેલી પ્રદર્શનીની



મુલાકાત લઈને મંડળીના પ્રદર્શનકારો સાથે પ્રત્યક્ષ સંવાદ સાધ્યો હતો.

રાજ્યપાલએ કહ્યું કે, ગુજરાતના લોકો સહકારના બળ પર નિરંતર આગળ વધતા રહ્યા છે અને એનું જીવંત ઉદાહરણ છે - અમૂલ ડેરી. ગામડાંથી શરુ થયેલી નાની ડેરી આજે વિશ્વ કક્ષાએ ઓળખ મેળવી ચૂકી છે. તેમણે સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ પ્રતિનિધિઓને આહવાન કર્યું કે કૃષિ, બેંકિંગ, મત્સ્ય ઉદ્યોગ કે અન્ય કોઈપણ ક્ષેત્રમાં સહકાર દ્વારા નવી તકો ઊભી કરી, રોજગારીનું સર્જન કરો અને લોકોના જીવનમાં સુધારો લાવવાનો સંકલ્પ લો.

પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના પ્રયાસોની સરાહના કરતાં કહ્યું કે, ગુજરાતના લાખો ખેડૂતો હવે રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી બે ભિન્ન છે. પ્રાકૃતિક ખેતી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આપે છે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દ્વારા જમીન, પાણી, હવા અને લોકોના આરોગ્યનું રક્ષણ થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સહકાર એ માત્ર વ્યવહાર નથી, એ એક ભાવના છે, આ ભાવનાને દ્રઢપણે અપનાવવાથી આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી સાર્થક થશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતની સહકારિતા ક્રાંતિમાંથી પ્રેરણા લઈને આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણીનો પ્રારંભ પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી શરૂ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનના વિઝનથી 'કો-ઓપરેટિવ એમોન્ગ કો-ઓપરેટિવ્ઝ' એટલે કે સહકારિતામાં સહકારનો ઉમદા વિચાર સહકાર ક્ષેત્રને મળ્યો છે. આ વિચારમાં રાજ્યની બધી સહકારી સંસ્થાઓ પોતાના આર્થિક વ્યવહારો સહકારી સંસ્થાઓ સાથે જ કરે, દરેક પ્રાથમિક મંડળી, એ.પી.એમ.સી., હાઉસિંગ મંડળી, ડેરી વગેરે જેવી તમામ સંસ્થાના બેન્ક એકાઉન્ટ મધ્યસ્થ સહકારી બેંકમાં હોય, ઉપરાંત ધિરાણ લેવા માટે પણ સહકારી તંત્રનો જ ઉપયોગ થાય એવી પરસ્પર સહકારની ભાવના રહેલી છે.

તેમણે વધુમાં કહ્યું કે, સહકારના નાણાં સહકારમાં જ રહે અને આ નાણાં સમગ્ર સહકારના વિકાસનો સ્રોત બને તો તમામ સંસ્થાઓ એકબીજાને ઉપયોગી થવાની સાથે પાયાના લોકોના ઉત્થાનમાં પણ મદદરૂપ થઈ શકે.

સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું

(અનુ. આઠમા પાને)

# સ્નેહમિલન જેવા કાર્યક્રમો પરિવારમાં નવી ઉર્જા અને ભવિષ્ય માટે નવી દિશા અપાશે: ધારાસભ્ય રાદડીયા

## સમસ્ત ચોવટીયા પરિવારનું પ્રથમ સ્નેહમિલન સાથે ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન, કૌશિક ગમઢાને સમસ્ત ચોવટીયા પરિવારના પ્રમુખ તરીકેમી જવાબદારી સોપાઈ



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

રાજકોટના આંગણે સમસ્ત ચોવટીયા પરિવારનું પ્રથમ ઐતિહાસિક સ્નેહમિલન યોજાયું જેમાં કાલાવડ તાલુકાના નિકાવા ગામના વતની કૌશિકભાઈ ગમઢાને સમસ્ત ચોવટીયા પરિવાર ના પ્રમુખ તરીકે ની જવાબદારી સોંપાઈ

રાજકોટ શહેરમાં પ્રથમ વખત સમસ્ત ચોવટીયા અને ગમઢા પરિવારનો ઐતિહાસિક સ્નેહમિલન સમારોહ ખૂબ જ ભવ્ય અને ગૌરવસભર માહોલમાં યોજાયો. આ ભવ્ય કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી જેમાં સમસ્ત પરિવારજનોની હાજરીમાં સ્નેહમિલનની પ્રેરક શરૂઆત કરવામાં આવી.

આ પ્રસંગે નવનિયુક્ત કાર્યકારિણી સમિતિની ઘોષણા કરવામાં આવી જેમાં કાલાવડ તાલુકાના નિકાવા ગામના વતની કૌશિકભાઈ ગમઢાને તમામ પરિવારોની સહમતિથી પરિવારના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી. ઉપપ્રમુખ પદે હસમુખભાઈ, મંત્રી પદે દીપકભાઈ અને જયેશભાઈ, ખજાનચી તરીકે પંકજભાઈ, સહ-ખજાનચી તરીકે મુકેશભાઈ, હિતેશભાઈ, ભૂમિષભાઈ, તેમજ સહયોગી કાર્યકર્તા તરીકે બંટીભાઈ, રવિભાઈ, હરેશભાઈ, જયદીપભાઈ સહિત અનેક યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી.

પ્રમુખ કૌશિકભાઈ ગમઢા એ

(અનુ. આઠમા પાને)

# ડો. હિમાંશુ ઠક્કર લિખિત પુસ્તક ઈકોસ ઓફ કમ્પેસનનું વિમોચન

## સંતો-મહંતો, રાજકીય - સામાજિક આગેવાનો સહિત એનેક મહાનુભાવોની ઉપસ્થિતિ



**અબતક, રાજકોટ**

ડો. હિમાંશુ ઠક્કર દ્વારા લિખિત પુસ્તક ‘‘ઈકોસ ઓફ કમ્પેસન-અ ડોકટર્સ જર્ની ઈન ઈએનટી‘‘ નું વિમોચન અને આશીર્વચન સમારંભનું રવિવાર ના રોજ સવારે ફોર્ચ્યુન હોટલ ખાતે આયોજન કરવામાં આવેલ .આ પુસ્તક એ ડો. હિમાંશુ ઠક્કર ના તબીબી ક્ષેત્રમાં બે દાયકા થી પણ વધારે સમય ના અનુભવો અને કરૂણાભર્યા કાર્યોની સફર છે જેમાં ખાસ આરોગ્ય લક્ષી જન જાગૃતિ માટે અને કાન,નાક ,ગળા ના રોગો, તકેદારી , અને સારવાર વિષયક લેખો નો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે યુવાનો મા નાની ઉમરે આવતી બહેરાશ, મોબાઈલ નો અતિરેક ઉપયોગ, વધુ પાડતા મોટા આવાજ અને મ્યૂઝિક અને તેની શ્રવણ શક્તિ ઉપર થતી આડઅસર, વ્યસન અને તેને લીધે થતાં મો ગળાના કેન્સર અને વ્યસન મુક્તિ વિશે જાગૃતતા,નાક અને સાઈનસ અને એલર્જી, નાકસૂર, અવાજની સમસ્યા, કાન, નાક, ગળાની જ્ઞ્રુગત બીમારીઓ, કેવી રીતેથી બચી શકાય તે માહિતી આપવામાં આવી છે. ખાસ કયુઆર કોડ દ્વારા વાચક આરોગ્ય વિષયક વિડિયો પણ આ પુસ્તક ના માધ્યમથી જોઈ શકશે. આ ઉપરાંત આ પુસ્તકમાં ડો. ઠક્કરના મેડિકલ ક્ષેત્રમાં ભારતીય તથા આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયેલા લેખો, ડો. ઠક્કરના પુરસ્કારો અને એવોર્ડ્સ, તેમજ જટિલ ઓપરેશન ની શ્રેણી, તથા મહાનુભાવોના આશીર્વાદ તથા પ્રસંસા પત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ આરોગ્ય વિષયક જનજાગૃતિ ફેલાવવાનો છે. જેમાં પુસ્તક વિમોચન,પરમ પૂજય શ્રી રઘુરામ બાપા, વિરપુર ના વરદ હસ્તે કરવામાં આવેલ

આશીર્વચન, પ. પૂ. સ્વામી .પરમાત્માનંદ સરસ્વતી આર્ષ વિદ્યા

(અનુ. આઠમા પાને)

# આચારની શુધ્ધતા અને અનુભવ અસરકારક લેખનનું મુળ: નારાયણમુનિ સ્વામી

## બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે અસરકારક લેખન વિશે સેમિનાર યોજાયો

**અબતક, રાજકોટ**

બીએપીએસ સ્વામિનારાયણ શોધ સંસ્થાન દ્વારા, નવી દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે ‘‘અસરકારક લેખન‘‘ પર કેન્દ્રિત એક ખાસ સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ અસરકારક અને અર્થપૂર્ણ લેખન શૈલી વિશે જાગૃતિ વધારવાનો અને સહભાગીઓને આ વિષય પર યોગ્ય તાલીમ આપવાનો હતો. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોના ૨૦૦ થી વધુ સહભાગીઓ સીધા હાજર રહ્યા હતા અને પાંચસોથી વધુ લોકોએ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે પ્રો. રમેશ ભારદ્વાજ (વાઈસ ચાન્સેલર, મહર્ષિ વાલ્મીકિ



સંસ્કૃત યુનિવર્સિટી, કૈથલ, હરિયાણા), પ્રો. સચ્ચિદાનંદ મિશ્રા, પ્રો. ભાગીરથી નંદા, અનિરુધ્ધ શર્મા, ધર્મેન્દ્ર કુમાર અને ન્યાયાધીશ અભિલાષા કુમારી સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

દીપપ્રાગટ્ય સમારોહ સાથે શરૂ થયું. વૈદિક મંત્રોના પવિત્ર પડઘા અને પ્રગટાવેલા દીપની હાજરીમાં, બીએપીએસ ના વરિષ્ઠ સંત પૂ. નારાયણમુનિ સ્વામીએ બધા મહેમાનોનું હારતોરાથી સ્વાગત કર્યુ અને સ્મૃતિચિહ્ન તરીકે 'સ્પીરીઅન્સ' નામનું પુસ્તક આપીને તેમનું સન્માન કર્યું.

સ્વાગત પ્રવચનમાં, પૂ. નારાયણમુનિદાસ સ્વામીએ આચારની શુદ્ધતા અને અનુભવને અસરકારક લેખનનું મૂળ બતાવ્યું. આ પછી, બીએપીએસ સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ પૂ. મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ તેમના પૂર્વ-રેકોર્ડેડ વિડીયો સંદેશ દ્વારા સેમિનારની થીમ પર પોતાના વિચારો રજૂ કર્યા.

આ શ્રુંખલામાં, ડો. જ્ઞાનાનંદદાસ સ્વામી(સહનિદેશક, બીએપીએસ સ્વામિનારાયણ શોધ સંસ્થાન, નવી દિલ્હી)એ ઔપચારિક લેખન, સર્જનાત્મક લેખન, વ્યક્તિગત ડાયરી લેખન અને પ્રેસ રિલીઝ જેવા વિવિધ લેખન સ્વરૂપો પર પ્રકાશ પાડ્યો અને અસરકારક લેખનના મૂળભૂત સિદ્ધાંતોને અભિવ્યક્ત કર્યા.

ધર્મેન્દ્ર કુમાર (નિર્દેશક, પતંજલિ આઈએએસ વર્ગો) એ નિબંધ લેખન પર સત્રનું સંચાલન સંભાળ્યું. ન્યાયાધીશ (નિવૃત્ત) અભિલાષા કુમારીએ સમાપન ભાષણ આપ્યું. તેમણે વિષયની સુસંગતતા પર ભાર મૂક્યો અને ચિંતનશીલ અભિવ્યક્તિના મહત્ત્વ પર ભાર મૂક્યો.

આ સેમિનારની સફળતાનું મુખ્ય શ્રેય પ. પૂ. મહંત સ્વામી મહારાજની દિવ્ય પ્રેરણા, આશીર્વાદ અને આધ્યાત્મિક માર્ગદર્શન હતું.

# સ્વ. સરયુબેન શેઠની સ્મૃતિમાં રાહતદરે ચોપડાનું વિતરણ

## રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ સી.એમ.શેઠ પૌષધશાળા ઓમનવાળા, શેઠ ઉપાશ્રય જૈન સંઘ અને મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ શેઠ પૌષધ શાળા ખાતે ચોપડાનું કરાયું વિતરણ

**અબતક, રાજકોટ**

રાર્જોટનાં આંગણે છેલ્લા ૩૧ વર્ષથી મહાવીર સેવ ટ્રસ્ટ તથા રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ-સી. એમ. શેઠ પૌષધશાળા (ઓમાનવાળા ઉપાશ્રય) ના આંગણેથી ધણા વષોથી રાહતદરે ફૂલસ્કેપ ચોપડા વિતરણ કરવામાં આવે છે.



રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ-સી.એમ.શેઠ પૌષધશાળા-ઓમાનવાળા ઉપાશ્રય, શેઠ ઉપાશ્રય જૈન અને મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ-શેઠ પૌષધશાળા ખાતે ચોપડા વિતરણ કરવામાં આવેલ હતું. જૈન સમાજના તમામ વિદ્યાથીઓને ઉપયોગી થવા માટે જેઓ સદાય ગતિશીલ છે તેવા ચંદ્રકાંતભાઈ શેઠનાં માર્ગદર્શન હેઠળ સવે શૈક્ષણિક આયોજનો ચાલી રહ્યા છે. તેમજ સ્વ.સરયૂબેન ચંદ્રકાંતભાઈ શેઠ ના સ્મૃતિ ઉપલક્ષમાં રાહત દરે ચોપડા વિતરણ દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવેલ હતું. ચંદકાંતભાઈ શેઠ ના માર્ગદર્શન હેઠળ રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી. એમ. શેઠ પૌષધશાળા-ઓમાનવાળા ઉપાશ્રયમાં

(અનુ. આઠમા પાને)

# આંખોને ઠારે પણ જળસંપત્તિને બાળે પાણી પરની લીલીછમ વનસ્પતિઓ તંત્ર માટે ‘‘હેડેક’’



પાણીની સપાટી પર ગાઢ લીલાછમ ગાદલા સમાન પથરાયેલી જળકુંભી કે સમાન જળચર વનસ્પતિઓ દૃષ્ટિએ ભલે આકર્ષક લાગે, કુદરતી સૌંદર્યનો નજારો પ્રસ્તુત કરે, અને પશુ આહાર જેવા કેટલાક સીમિત ફાયદા ધરાવે, પરંતુ તેનું અનિયંત્રિત પ્રસરણ સ્થાનિક તંત્ર માટે મોટો ‘‘દુખાવો‘‘ બની જાય છે.જળકુંભી અત્યંત ઝડપથી ફેલાઈને સમગ્ર જળાશયને ઢાંકી દે છે. આનાથી સૂર્યપ્રકાશ પાણીમાં પ્રવેશતો અટકે છે, પરિણામે પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જાય છે. ઓક્સિજનના અભાવે માછલીઓ સહિતના જળચર જીવો મૃત્યુ પામે છે, જે જૈવવિવિધતા અને માછીમારી ઉદ્યોગ માટે મોટો ખતરો છે. આ ઉપરાંત, જળકુંભીના ગાઢ આવરણથી નદીઓ, તળાવો અને નહેરોમાં જળપ્રવાહ અવરોધાય છે, જેનાથી નેવિગેશન, સિંચાઈ અને જળ પરિવહન જેવી પ્રવૃત્તિઓમાં વિક્ષેપ પડે છે. તે મચ્છરો અને અન્ય રોગવાહક જીવો માટે આશ્રયસ્થાન બની રોગચાળાનો ભય પણ ઉભો કરે છે.આ સમસ્યાના નિરાકરણ માટે તંત્રને મોટા પાયે મશીનરી, માનવબળ અને ભંડોળ ખર્ચવું પડે છે. જળકુંભીને યાંત્રિક રીતે (મશીનો દ્વારા) દૂર કરવી, જૈવિક નિયંત્રણ પદ્ધતિઓ અપનાવવી અથવા રાસાયણિક નિયંત્રણ કરવું એ ખર્ચાળ અને સતત ચાલતી પ્રક્રિયા છે. તેનું નિયમિત નિરીક્ષણ અને તાત્કાલિક વ્યવસ્થાપન ન થાય તો તે સ્થાનિક ઈકોસિસ્ટમ અને માનવજીવન બંને માટે ગંભીર પડકારો ઊભા કરી શકે છે, જે તંત્ર માટે સતત ચિંતાનો વિષય બની રહે છે.

# પરંપરા અને વિજ્ઞાનના સમન્વય થકી ગામોની પ્રગતિ: ડો. વલ્લભ કથીરિયા

## ‘દિવ્ય ભારત’ કર્મયોગી સંગમમાં હાજરી આપી ડો. વલ્લભ કથીરિયાએ માર્ગદર્શન પુરૂ પાડ્યું

**અબતક, રાજકોટ**

સિદ્ધગિરી મઠ, કનેરી, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)ની પવિત્ર ધરા પર તા. ૭ થી ૯ જૂન, ૨૦૨૫ દરમ્યાન ‘‘દિવ્ય ભારત - કર્મયોગી સંગમ‘‘નું ભવ્ય આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું. આ ઐતિહાસિક સંગમમાં સમગ્ર દેશમાંથી સંત-મહંતો, કૃષિ વૈજ્ઞાનિકો, ગૌસેવકો, સામાજિક કાર્યકરો તથા ગ્રામ વિકાસને સમર્પિત કર્મયોગીઓએ હાજરી આપી અને રાષ્ટ્રનિર્માણ અંગે સંયુક્ત મંથન કર્યું.



આ અવસરે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંબોધનમાં તેમણે કહ્યું કે, ભારતની આત્મા તેના ગામોમાં વસે છે. જો આપણે ભારતને આત્મનિર્ભર બનાવવું હોય, તો સૌ પ્રથમ આપણા ગામોને આત્મનિર્ભર બનાવવા પડશે. તેમણે દેશી ગૌવંશ આધારિત પ્રાકૃતિક ખેતી, પંચગવ્ય અને ગોમય આધારિત ઉત્પાદનના વૈજ્ઞાનિક ઉપયોગો, જળસંચય તથા પરંપરાગત બળદથી ચાલતા ખેત સાધનોની પુનઃસ્થાપના જેવા વિષયો પર વિસ્તૃત ચિંતન કરતા કહ્યું કે પરંપરા અને વિજ્ઞાનનો સમન્વય જ ગામોની પ્રગતિનો સાચો માર્ગ છે. સમાપન સમારંભમાં ડો. વલ્લભભાઈ કથિરિયાએ જણાવ્યું હતું કે, આ સંગમ માત્ર વિચારમંચ નહીં, પણ ભારતને આત્મનિર્ભર, સંસ્કારયુકત અને ગ્રામકેન્દ્રિત બનાવવાનો એક દિવ્ય સંકલ્પ છે. તેમણે આયોજક સમિતિ, સિદ્ધગિરી મઠ પરિવાર, ડો. રવિન્દ્રસિંહ અને સંજય વશિષ્ઠ સહિત તમામ સહયોગીઓને આ પવિત્ર કાર્યક્રમની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને જણાવ્યું કે જો આવા જાગૃતિ અભિયાનો દેશભરમાં સતત ચાલે, તો ભારતને પુનઃ વિશ્વગુરુ બનતા કોઈ રોકી નહીં શકે.

ભરોસાની ભેંસે...!!

# જવેલર્સ પેઢીમાંથી કટકે કટકે બઠાંતરી કરેલું સોનું પરત નહિ આપતાં 'હેડ' વિરુદ્ધ ગુનો

## મવડીમાં આવેલા અર્જુન જવેલર્સમાંથી કર્મચારીએ જ રૂ.૨૫.૬૨ લાખના દાગીનાની ચોરી કરી

### શો-રૂમના સ્ટાફે સ્ટોક ચેક કરતાં ૨૫૨ ગ્રામના સોનાના ૧૦ દાગીના ગુમ હોવાની જાણ થઈ : સીસીટીવી ચેક કરતાં નૈમિશ જાનીની કરતૂત હોવાનો ભાંડાફોડ

### દાગીના ચોર્યાની કબૂલાત બાદ પરત આપી દેવાની લેખિત બાહેંધરી આપી

માલીક મનિષભાઈએ સ્ટાફની રૂબરૂમાં નૈમિષ જાનીને વાતચીત કરવા શો રૂમે બોલાવી પુછતા તેને આશરે રૂ.૨૫,૧૨,૫૦૦ ના સોનાના દાગીના ચોરી કરેલ હોવાનુ કબુલ્યું હતું. તેમજ નૈમિષએ દાગીના પરત આપી દેવાનુ જણાવેલ જેથી આ ચોરી અંગે રૂ.૨૫ લાખનું લખાણ કરેલ જેમા તેને સહી કરી આપેલ હતી. જે બાદ તેમના વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

### રાજકોટની જ અલગ અલગ જવેલર્સ પેઢીમાં દાગીના વેંચી માર્યાની કેફીયત

મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સમાંથી ચોરીની ઘટના સામે આવી હતી. જેમાં એરપોર્ટ રોડ પર રહેતો અને શોરૂમમાં કામ કરતો નૈમિશ જાની છેલ્લા બે વર્ષથી શો-રૂમમાં કામ કરે છે અને એક વર્ષથી ચોરી કરતો હતો. જે બાદ તેને મોટો હાથ મારતાં ચોરીનો કિસ્સો સામે આવ્યો હતો. જે બાદ પોલીસની પૂછતાછમાં તેને અલગ અલગ શહેરના જવેલર્સમાં દાગીના વેંચી નાંખ્યા હતાં. જે અંગે પોલીસે દાગીના રિકવર કરવાં તજવીજ આદરી છે.

### દેણું થઈ જતાં ચોરી કર્યાની લેખિતમાં કબૂલાત : ગુનો નોંધી દાગીના રિકવર કરવાં તાલુકા પોલીસની કવાયત

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સમાંથી ૨૫.૬૨ લાખના દાગીનાની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ કર્મીએ જ હાથ ફેરો કર્યાનું સામે આવતાં તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મોટા મવા સ્મશાન પાસે આંગન ગ્રીન સીટીમાં રહેતાં હીતેષભાઈ ભગવાનજીભાઈ વસોયા (ઉ.વ. ૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નૈમિશ વિજય જાની (રહે. રાજકોટ) નું નામ આપતાં તાલુકા પોલીસે ચોરીની કલમ કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સાતેક વર્ષથી મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સ પ્રાઈવેટ લીમીટેડ નામની સોના ચાંદીના રીટેલ વેપારના શો રૂમમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવે છે. તે શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે નૈમિષ જાની તથા યશભાઈ ઠુંમર જે સ્ટોકની દેખભાળની ફરજ બજાવે છે.

ગઈ તા.૨૨/૦૫/૨૦૨૫ ના અર્જુન જવેલર્સનું સ્ટોકનું કામ સાંભળતા યશભાઈ ઠુંમરએ સ્ટોક ચેક કરતા શો-રૂમની તિજોરીમાં જોતા એક પ્લાસ્ટીકના પાઉચમાં રાખેલ સોનાના દાગીના જેમા સોનાના ચેઈન ત્રણ જેમા એક ચેઈન ૮૨ ગ્રામનો જેમાથી એક ભાગ જે આશરે ૧૩.૫ ગ્રામનો ચેઈન મુકેલ પાઉચમાં પડેલ છે. બીજો ભાગ જે ૬૮.૫ ગ્રામનો ચેઈન રૂ.૬.૯૭ લાખ, બીજા બે ચેઈન જે ૨૪-૨૪ ગ્રામના કુલ બે ચેઈન ૪૮ ગ્રામના રૂ.૪.૮૭ લાખ તેમજ સોનાની વીંટી ત્રણ નંગ રૂ.૪.૨૮ લાખ, સોનાની માળા આશરે ૧૭ ગ્રામની રૂ.૧.૭૨ લાખ, સોનાની હાથના આંગળામાં પહેરવાની પ્લેન રીંગ નંગ-૦૧ રૂ. ૭૫,૫૦૦ સોનાનુ પેન્ડલ નં.૦૧ રૂ.૧.૭૫ લાખ, સોનાનુ બ્રેસલેટ નં.૦૧, રૂ.૫.૨૮ લાખ મળી કુલ ૨૫૨ ગ્રામના ૧૦ નંગ સોનાના દાગીના રૂ.૨૫,૬૨,૫૦૦ ના જોવામાં આવેલ નહી.

જેથી તેઓએ શો રૂમની કોર ટીમને વાત કરતા આ પાઉચમાં જોતા સોનાના દાગીના જોવામાં આવેલ નહી, બાદમાં ફરીયાદીએ સ્ટાફને પુછપરછ કરેલ પરંતુ આ ચોરી થયેલ સોનાના દાગીના બાબતે કાઈ જાણવા ન મળતા બાદ તા.૦૬/૦૬/૨૦૨૫ ના શો-રૂમના સીસીટીવી ફૂટેજ ચેક કરતા તા.૧૫/૦૩/૨૦૨૫ ના લોકરની બાજુમા કેશ કાઉન્ટર ઉપર મુકેલ પ્લાસ્ટીકના ડબ્બામાના પ્લાસ્ટીકના પાઉચમા રહેલ દાગીના પૈકી અમુક દાગીના ભરેલ જે પાઉચ આ શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે નોકરી કરતા નૈમીષ જાનીએ ચોરી જતા જોવામાં આવતા હોય જેથી ગઈ તા.૦૩ ના નૈમિષ જાનીને ચોરીના દાગીના બાબતે પુછતા તેને વાત કરેલ કે, મારે દેવું વધી ગયેલ હોય જેથી સોનાના દાગીના ચોરી કરેલ છે, તેમ વાત કરતા શો-રૂમના માલિક મનિષભાઈ ધાડીયાને બનાવની વાત કરેલ હતી.બાદમાં માલીક મનિષભાઈએ સ્ટાફની રૂબરૂમાં નૈમિષ જાનીને વાતચીત કરવા શો રૂમે બોલાવી પુછતા તેને આશરે રૂ.૨૫,૧૨,૫૦૦ ના સોનાના દાગીના ચોરી કરેલ હોવાનુ કબુલ્યું હતું. તેમજ નૈમિષએ દાગીના પરત આપી દેવાનુ જણાવેલ જેથી આ ચોરી અંગે રૂ.૨૫ લાખનું લખાણ કરેલ જેમા તેને સહી કરી આપેલ હતી. જે બાદ તેમના વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

# અમારી શેરીમાંથી કેમ નીકળે છે કહી બેડી ગામે વૃદ્ધ પર ત્રિપુટીનો હિચકારો હુમલો

## ધારિયું અને પાઈપ વડે મારી ૬૧ વર્ષીય વૃદ્ધને લોહીલુહાણ કરી દેવાયા : કુવાડવા પોલીસમાં ગુનો

### છ માસ પૂર્વે વાહન ધીમું ચલાવવા ટકોર કર્યાનો ખાર રાખી ખેડૂતને માર મરાયો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ બેડી ગામે ૬૧ વર્ષીય ખેડૂતને અમારી શેરીમાંથી કેમ નીકળે છે કહી ત્રિપુટીએ ધારિયું અને લોખંડના પાઈપ વડે માર મારી લોહીલુહાણ કરી દીધાનો બનાવ સામે આવ્યો છે. છ માસ પૂર્વે શેરીમાંથી પૂરપાટ ઝડપે વાહન નીકળનાર હુમલાખોરને ટપારનાર ખેડૂત પર જૂની અદાવતનો ખાર રાખી હુમલો કરાયો હતો. જે બનાવમાં કુવાડવા પોલીસમાં ગુનો નોંધાયો છે.

મામલામાં શહેરની ભાગોળે આવેલો બેડી ગામના ૬૧ વર્ષીય વૃદ્ધ ખેડૂત મોહનભાઈ જાદવભાઈ નંદાણીયાએ કુવાડવા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુરેશ જેન્તી વડેચા, બાબુ જેન્તી વડેચા અને વનરાજનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના ચાર વાગ્યે હું બેડી ગામ ખાતે વિશાલ રેસ્ટોરન્ટ સામે ગાત્રાળ પાન પાસે હતો. ત્યારે અમારા ગામના સુરેશ જેન્તી વડેચા મને જોઈ જતા મને કહેવા લાગેલ કે, અમારી શેરીમાંથી કેમ નીકળે છે, અમારી ડેલી સામે જોતો નહી તેમ કહી ત્યાથી જતો રહેલ હતો. બાદ હું મારા કામ અર્થે રાજકોટ ગયેલ હતો. બાદ રાત્રીના નવ વાગ્યે હુ ઘરે ગયેલ ત્યારે મારા પત્ની હંસાએ મને વાત કરેલ કે, સાંજના સાડા છ વાગ્યાની આસપાસ હુ તથા પુત્ર જયદીપના પત્ની કાજલ બન્ને ઘરે હતા. ત્યારે સુરેશ વડેચા આપણા ઘરે આવેલ અને કહેવા લાગેલ કે, તમારા ઘરવાળાને ઘરની બહાર કાઢતા નહી, નહીતર હું તેના ટાટીયા ભાંગી નાખીશ અને મારી નાખીશ તેમ કહી ગાળો આપી જતો રહેલ હતો. બાદમાં રાત્રે જમીને રાજકોટ-મોરબી હાઈવે પર મધુરમ હોસ્પિટલની સામે આવેલો શ્રી પાનની દુકાને હતો ત્યારે સાડા અગિયાર વાગ્યે સુરેશ તથા તેનો સગો ભાઈ બાબુભાઈ અને એક અજાણ્યો વ્યક્તિ મારી પાસે આવેલ હતા. ત્યારે સુરેશ પાસે ધારીયુ હતું અને એક અજાણ્યા વ્યકિતના હાથમાં લોખંડનો પાઈપ હતો. બાદ સુરેશ તથા તેનો ભાઈ બાબુ મને ગાળો આપી કહેવા લાગેલ હતા કે, આજ તો તારા ટાટીયા ભાંગી જ નાખવા છે અને તને પતાવી દેવો છે. ત્યારબાદ સુરેશએ ધારીયા વડે મારા ડાબા હાથમાં ત્રણ ઘા મારેલ હતા. તેની સાથે રહેલ અજાણ્યા વ્યકતિએ પાઈપ વડે મને ડાબા પગમાં બે-ત્રણ ઘા મારેલ હતા. બાબુએ મને ઢીકાપાટાનું માર માર્યો હતો. હુમલાને પગલે દેકારો થતાં આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા અને અમારા ગામના નિલેષભાઈ દોમડીયા તથા રમેશભાઈ દોમડીયા વચ્ચે પડી મને છોડાવેલ હતો. બાદમાં ત્રણેય હુમલાખોર બનાવસ્થળેથી નાસી ગયા હતા.

હુમલાને પગલે મને ડાબા હાથમાં તથા પગમાં લોહી નીકળવા લાગેલ હોય નિલેષભાઈ દોમડીયા એ મારા મોબાઈલ ફોનથી ૧૦૮માં ફોન કરતા એમ્બયુલન્સ દોડી આવી હતી. બાદમાં પુત્ર જયદીપ પણ ત્યાં આવી જતાં મને એમ્બયુલન્સમાં સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, છ મહીના પહેલા સુરેશ અમારી શેરીમાં તેનુ મોટરસાયકલ લઈ ફુલ સ્પીડમાં બે ત્રણ વખત નીકળેલ હતો. જેથી મે તેને એક દીવસ ઉભો રાખી વાહન ધીમુ ચલાવવાનું કહ્યું હતું. જે બાબતનો ખાર રાખી સુરેશ, બાબુ અને વનરાજ નામના અજાણ્યા શખ્સે હુમલો કર્યો હતો. બનાવને પગલે કુવાડવા પોલીસે ત્રિપુટી વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# નવ લાખના ચેક રિટર્ન કેસમાં સ્ટેશનરીના વેપારીને ૧ વર્ષની જેલ

## ચેકની રકમ ૩ માસમાં ફરિયાદીમહિલાને વળતર તરીકે ચુકવી આપવા હુકમ

**અબતક ,રાજકોટ**

જામનગરના મહિલા પાસેથી સંબંધના દાવે ઉછીના લીધેલા નવ લાખ પરત કરવાનો ચેક રિટર્ન થવાના કેસમાં જામનગર અદાલતે નડિયાદના સ્ટેશનરી વેપારીને એક વર્ષની જેલસજા અને ચેકની રકમ વળતર તરીકે મહિલા ફરિયાદીને ચુકવી આપવા હુકમ ફરમાવ્યો છે.આ કેસની હકીકત મુજબ, ફરીયાદી ભારતીબેન ગોપાલદાસ ચંચલાણી પાસેથી નડિયાદના સ્ટેશનરીના વેપારી અનિલકુમાર રસીકલાલ મોજીદ્રાએ પોતાના ધંધાના વિકાસ માટે આર્થિક જરૂરીયાત ઉભી થતાં અલગ અલગ તારીખોએ કુલ રૂા.૯ લાખ વગર વ્યાજે હાથ ઉછીના લીધાં હતાં. સદર રકમ ચુકવવા માટે અનિલ મોજીદ્રાએ રૂા. ૯ લાખનો ચેક આપ્યો હતો, તે ચેક ભારતીબેને પોતાના ખાતાવાળી બેંકમાં વટાવવા નાંખતા 'ચેક લખનારના ખાતામાં અપુરતા ભંડોળ'ની નોંધ સાથે પરત ફરેલ, જેથી ભારતીબેને લીગલ નોટિસ સહિતની કાર્યવાહી બાદ અનિલભાઈ મોજીદ્રા સામે જામનગર જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ



વકીલ અંશ ભારદ્વાજ

ફર્સ્ટ ક્લાસ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેની અદાલતમાં ટ્રાયલ દરમ્યાન લાગતા વળગતા સાહેદોની જુબાની નોંધવામાં આવેલ હતી. તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર લેવામાં આવેલ હતો. તેમજ ચાલુ કેસે કોર્ટના હુકમ મુજબ ફરિયાદીને વચ્ચગાળાના વળતર પેટે ચેકની રકમના ૧૦ % વળતર એટલે કે રૂા. ૯૦ હજાર પુરા ચુકવ્યા હતા. કેસ આખરી દલીલના સ્ટેજમાં આવતા ફરીયાદપક્ષના વકીલ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ થકી તથા જે દસ્તાવેજો પર આરોપીએ આધાર રાખેલ છે તે થકી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતા કાનુની અનુમાનોનું ખંડન કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ નીવડેલ છે. જેથી આ તમામ સંજોગોને ધ્યાને લઈ આરોપીને તકસીરવાર ઠરાવી સજા કરવી જોઈએ. આથી અદાલતે ફરીયાદ પક્ષની દલીલો તથા પુરાવાઓ ગ્રાહ્ય રાખી આરોપી નડિયાદના સ્ટેશનરી વેપારી અનિલકુમાર રસીકલાલ મોજીદ્રાને તકસીરવાર ઠરાવી એક વર્ષની જેલસજા ચેક પૈકીની બાકી રહેતી રકમ રૂા. ૮.૧૦ લાખ વળતર તરીકે ૩ માસમાં ફરિયાદીને ન ચુકવે તો વધુ ૬ માસની કેદ નો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં ફરીયાદી વતી અભય ભારદ્વાજ એન્ડ એસોસિએટ્સના એડવોકેટસ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, કૃણાલ દવે, દિશા ફળદુ, મિહિર શુકલ વિગેરે રોકાયા હતા.

# ચેક રિટર્ન કેસમાં લોન ધારકને એક વર્ષની સાદી કેદની સજા

## સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળીને ચેકની રકમ ૯% ના વ્યાજ સાથે એક માસની અંદર ચૂકવવા હુકમ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળી માંથી સભાસદ દરજ્જે લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલ ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનામાં લોન ધારકને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ ૯% ના વ્યાજ સાથે એક માસની અંદર ચૂકવી આપવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા ભરત તુલસીંગ અમલીયાર નામના યુવાને સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળીમાંથી સભાસદ દરજજે ૧.૩૯ લાખની લોન લીધી હતી તે લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અદાલતમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી તે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સૌરાષ્ટ્ર શરાફી મંડળીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા , હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે ભરત અમલીયાર ને એક વર્ષની સાદી કેદની ૧ વરસની સજા અને ચેકની રકમ ૯% ના વ્યાજ સાથે વળતર પેટે એક માસમાં ચૂકવી આપવા હુકમ કર્યો છે. જો એક માસની અંદર રકમ ચૂકવવામાં આરોપી નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સજા નો હુકમ કરવામાં આવ્યો છે ફરિયાદી સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળીના એડવોકેટ ઋષિ એન જોશી, એ એચ સંઘવાણી અને આસિસ્ટન્ટ તરીકે તુલન ભાઈ વૈષ્ણવ રોકાયા હતા.

# બાપુનગરમાં કડિયા કામે ગયેલી સગીરાને એમપીનો 'ઉમરો' ઉઠાવી ગયો

### લાપાસરી ગામે રહેતા શ્રમિક પરિવારની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે પોક્સો, અપહરણ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરના બાપુનગરમાં કડિયાકામે ગયેલ ૧૬ વર્ષીય સગીરાને મધ્યપ્રદેશનો શખ્સ રીક્ષામાં બેસાડી અપહરણ કરી લઈ નાસી છૂટતાં ભક્તિનગર પોલીસ મથકમાં પોકસો, અપહરણ સહીતની કલમ હેઠળ ગૂનો નોંધાયો હતો.બનાવ અંગે લાપાસરી ગામમાં રહેતાં મૂળ મધ્યપ્રદેશના વતની ૩૫ વર્ષીય શ્રમિક યુવાને નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઉમરો (રહે. ઢીકર, મધ્યપ્રદેશ) નું નામ આપતાં ભકિતનગર પોલીસે અપહરણ, પોકસો સહીતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૧૫ વર્ષથી અહીં રહે છે અને છત ભરવાની મજૂરી કામ કરે છે. તેઓને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જેમાં સૌથી મોટી દિકરી ૧૬ વર્ષની છે. તેઓ પરીવારના સભ્યો સ્લેબ ભરવાનુ મજુરી કામ કરતા હોય અને તેમની દિકરી પણ સ્લેબ ભરવાનુ મજુરી કામ કરે છે. ગઈ તા.૦૬ ના સવારના છએક વાગ્યાના અરસામાં લાપાસરી ગામથી તેઓની દિકરી અને તેના સગા માસી તેમજ બીજા ઘણા બધા લોકો કડીયા કામ માટે જવા રણુજા મંદિર પાસે ગયેલ અને ત્યાથી કડીયા કામનો કોન્ટ્રાકટ રાખતા કોન્ટ્રાકટર સ્લેબ ભરવાનુ કામ કરવા બાપુનગર સ્મશાન પાસે લઈ ગયેલ હતા.

બપોરના બારેક વાગ્યાની આસપાસ તેમની દિકરી કામ કરતી-કરતી નીકળી ગયેલ અને તેની પાછળ પાછળ તેની માસી ગયેલ તો બાપુનગરના કાટા પાસે એક રીક્ષા હતી, જેમાં દિકરીને આરોપી ઉમરો ભગાડીને લઈ ગયેલ હતો. આ ઉંમરો દિકરીને રીક્ષામાં ભગાડી લઈ જતો હતો ત્યારે ફરીયાદીના સાળી પાછળ પાછળ દોડેલ તો તેને રીક્ષા ભગાડી મુકેલ હતી.આરોપી ઉમરો મૂળ મધ્યપ્રદેશનો વતની છે અને અગાઉ તે રણુજા મંદિર વેલનાથ સોસાયટી પાસે ઝુપડામાં રહેતો હતો. આ ઉમરો ગઈ તા.૧૮/૦૩/૨૦૨૫ ના લાપાસરી ગામેથી દિકરીને ભગાડીને લઈ ગયેલ હતો, જે બાબતે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ હતી.જે બાદ ફરીથી આરોપી ફરીયાદીની પુત્રીને લલચાવી ફોસલાવી ભગાડી જતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી પીઆઈ એમએમ સરવૈયા અને ધીમી તપાસ આદરી હતી.

# 'અમે આવીશું તો રૂપિયા લઈને અથવા તને મારીને જઈશું' વ્યાજખોર દંપતીનો અસહ્ય ત્રાસ

## યુવકે રૂ.૨.૫૦ લાખ સામે ૧.૯૦ લાખ ચૂકવ્યા છતાં વધુ ૩.૫૦ લાખની પઠાણી ઉઘરાણી

### રેલનગરના મોબાઈલના ધંધાર્થીની ફરિયાદ પરથી પ્ર. નગર પોલીસે મનીલેન્ડ સહિતની કલમો હેઠળ દંપતી વિરૂદ્ધ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

રેલનગરના મોબાઈલના ધંધાર્થીએ વ્યાજખોર ઘનશ્યામસિંહ પાસેથી લીધેલ રૂપિયા ૨.૫૦ લાખના ૧.૯૦ લાખ ચૂકવી દીધા છતાં વધુ ૩.૫૦ લાખની માંગણી કરી દંપતિએ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં પ્ર. નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રેલનગરમાં સનરાઈઝ સ્કૂલની પાછળ રહેતાં પ્રશાંતભાઈ યોગેશભાઈ જાની (ઉ.વ. ૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઘનશ્યામસિંહ પરમાર (રહે. રેલનગર મેઈન રોડ, કોપર બિલ્ડીંગ) અને શીતલબા ઘનશ્યામસિંહ પરમારનું નામ આપતાં પ્ર. નગર પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ છુટકમા મોબાઈલ રીપેરીંગનો ધંધો કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ૧૪ મહીના પહેલા મોબાઈલના ધંધામા નુકશાની ગયેલ હોય જેથી રુપીયાની જરૂરીયાત ઉભી થતાં અગાઉ તેમની મોબાઈલની દુકાને આવતા ઘનશ્યામસીંહ પરમાર પાસેથી રૂ.૨.૫૦ લાખ વ્યાજે લીધેલ હતા. જે રકમ પેટે ઘનશ્યામસિંહે ૮ ટકા વ્યાજ આપવાનું કહેલ હતું. રૂ.૨.૫૦ લાખ ઘનશ્યામસીંહે આરટીજીએસથી આપેલ હતાં અને ચેક બાહેંધરી પેટે લીધેલ હતો.

ઘનશ્યામસિંહને દર મહીને વ્યાજ પેટે રૂ.૨૦ હજાર ચૂકવતાં હતાં. આ રકમ પૈકિ આજ દીન સુધી ઘનશ્યામસિંહને કટકે કટકે કુલ રૂ.૧.૯૦ લાખ ચુકવી દીધેલ છે. છેલ્લા બે ત્રણ મહીનાથી તેઓની આર્થીક પરીસ્થીતી સારી ન હોય જેથી તેને વ્યાજની રકમની ચુકવણી કરી શકેલ નહી. જેથી ઘનશ્યામસીંહએ કહેલ કે, મારા લેવાના નીકળતા રૂપીયા રૂ.૩.૫૦ લાખ મને આપી દેજે, જો તુ રુપીયા નહી આપે તો તને મારી નાખીસ તેમ ધમકી આપેલ હતી.

જેથી તેઓએ ઘનશ્યામસીંહને કહેલ કે, હાલ મારી પાસે રૂપીયાની સગવડ નથી મારી પાસે રૂપીયા આવશે એટલે તમને ચુકવી આપીસ. બાદમાં ઘનશ્યામસીંહના પત્ની શીતલબા અવાર નવાર ફોન કરી ફોનમા ખરાબ ગાળો આપી કહેતાં કે, તુ રુપીયા આપી દેજે નહી તો તને મારી નાખીશ જો હુ તારી પાસે આવી તો રુપીયા લઈને જઈશ અથવા તને મારી નાખીશ તેવી ધમકી આપેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આર.કે.ગોહિલ અને ટીમે તપાસ આદરી હતી.

# ચેક પરત ફરવાના ગુનામાં આરોપીને એક વર્ષની સજા

## ચેક મુજબની રકમ આરોપી ૧ માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની જેલ

**અબતક,રાજકોટ**

શહેરમાં રહેતી પરણીતાએ પતિના મિત્રને મિત્રતાના દાવે આપેલી રકમ પરત કરવા આપેલો ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપીને એક વર્ષની સજા અને દોઢ લાખનું એક માસમાં વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ શ્યામ નગર શેરી નંબર ત્રણમાં રેહતી ગોપીબેન વાળોદરાની પોતાના પતિ નવીનચંદ્ર વાળોદરા ના મિત્ર અજય હમીર ભાઈ વાઘેલાને ચાર માસ માટે દોઢ લાખ રૂપિયા હાથ ઉછીના આપ્યા હતા. બાદ તે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અદાલતમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. કેસ ચાલવા પર આવતા અદાલતે આરોપીની વર્તણૂક તેમજ ફરિયાદી દ્વારા વિગેરે દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ કાયદેસરનું લેણું છે તે અંગેના પુરાવાઓ રજૂ કરતા કોર્ટે આરોપી અજય હમીરભાઈ વાઘેલાને તકસીરવાન ઠેરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ જો આરોપી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જજ દ્વારા કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ સંદિપ એન. સતાણી અને આસિસ્ટન્ટ દિવ્યા બી. યાજ્ઞિક રોકાયા હતા.


પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન

વિદ્યુતીકરણ કાર્ય.

ટેન્ડર સૂચના નંબર DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/14 તારીખ 06.06.2025 કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 વેબસાઇટ વિગતો: "www.ireps.gov.in" ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD-2025-26-14 કાર્યનું નામ: રાજકોટ ડિવિઝનના રિલાયન્સ પેટકોક સાઇડિંગના બાકી રહેલા કામના સંદર્ભમાં વિદ્યુતીકરણ કાર્ય. (i) અંદાજીત કિંમત: રૂ. 1,73,72,267.78/- (ii) અર્નેસ્ટ મની: રૂ. 2,36,900/- (iii) ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય: 04.07.2025 ના રોજ 15.00 કલાક સુધી.

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**Rajkot Municipal Corporation**
**Expression Of Interest**

Rajkot Municipal Corporation (RMC), Dr. Ambedkar Bhawan, Dhebar Road, Rajkot-360001 invites "Expression of Interest" for hiring experienced service advisor to carry out post municipal bond issuance compliances service for Rajkot Municipal Corporation. The scope of work and term & condition are available in the office of Chief Accountant; Account Department on working days between 11.00 a.m. to 6.00 p.m. from **09-06-2025** upto Date **23-06-2025.** Tender fees Rs.1125/- and an Earnest Money Deposit (EMD) for Rs. 6372/- shall have to be paid in the name of Rajkot Municipal Corporation in form of Demand Draft payable at Rajkot. A Pre bid meeting is scheduled on **13-06-2025** at 05.00 PM in office of DMC Nandani Sir, (CZ), 1st Floor, "Dr. Ambedkar Bhawan", Dhebar Road, Rajkot – 360 001. The last date for downloading and submission of e-Tender at www.rmc.nprocure.com is **23-06-2025 up to 6.00 pm**. The tender document can also be downloaded from www.rmc.gov.in and www.nprocure.com

**(Sd/-) Dy. Commissioner**
**Rajkot Municipal Corporation**



મુખ્ય માર્કેટ યાર્ડ, ગોંડલમાંની ઓફિસ-કમ-શોપ નં-૧૫ (ઉપર) ની ફાળવણી/ભાડાપટ્ટો તબદીલ કરવા અંગે

:: જાહેર નોટીસ ::

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલની માલિકીની, મુખ્ય માર્કેટ યાર્ડમાંની ઓફિસ-કમ-શોપ નં.-૧૫ (ઉપર) જે શિવકૃપા કોર્પોરેશન (ભાગીદારી પેઢી) C/O શ્રી ધીરૂભાઈ નટવરભાઈ વાગડીયા રહે. મુ. અરજણસુખ તા.કુકાવાવ ના નામે લીઝડીડ કરાર થી ફાળવવામા આવેલ છે.શિવકૃપા કોર્પોરેશન (ભાગીદારી પેઢી) C/O શ્રી ધીરૂભાઈ નટવરભાઈ વાગડીયા તરફથી સદરહું ઓફિસ-કમ-શોપ નં.-૧૫ (ઉપર) ની ફાળવણી/ભાડાપટ્ટો તેમના નામેથી રદ કરવા, તેમજ કલ્પેશભાઈ પરસોતમભાઈ શેરઠીયા રહે. મુ. ઉપલેટા ના નામે તબદીલ (ટ્રાન્સફર) કરી આપવા બાબતે અરજી આવેલ છે.

આ ભાડાપટ્ટો ટ્રાન્સફર કરવા સામે કોઈપણને, કંઈપણ હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, કરજ, લેણું, ભરણ-પોષણના હકક, ભાયુભાગ, બેન્ક લોન કે કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ માં નીચેના સરનામે લેખિત આધાર-પુરાવાઓ સહિત રજુ કરવા. તેમ કરવામાં કસૂર થયેલી આ અંગે કોઈને કશો વાંધો કે તકરાર નથી, અને હોય તો જતા(WAIVE)કરેલ છે તેમ માની, સદરહું ઓફિસ-કમ-શોપ નં.-૧૫ (ઉપર) ની ફાળવણી/ભાડાપટ્ટો જણાવ્યા મુજબ તબદીલ કરી આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ વાંધો કે તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા-વળગતા સૌએ નોંધ લેવી.

તારીખ : ૦૯-૦૬-૨૦૨૫

ધર્મેન્દ્રસિંહ કે. જાડેજા, વાઈસ ચેરમેન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલ.

અલ્પેશભાઈ જી. ઢોલરીયા, ચેરમેન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોંડલ.

સરનામું:-
બજાર સમિતિની કચેરી,
સરદાર માર્કેટ યાર્ડ, નેશનલ હાઈવે,
ગોંડલ બાયપાસ, ગોંડલ.



:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર શ્રી રવિકુમાર એસ. નરોડીયા, એડવોકેટ તે મારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :-

રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ગામ: ડૈયાના ખાતેદાર શ્રી ધીરૂભાઈ કાથડભાઈ ટોળીયા, રહે. ડૈયા, તા. ગોંડલ, જી. રાજકોટ, વાળાની સ્વતંત્ર માલીકીની નીચેની વિગત વાળી ખેતીની જમીન આવેલ છે.

| ગામનુ નામ | રે.સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | ખાતા નંબર |
|---|---|---|---|
| ગામ: ડૈયા | ૨૩૧/ પૈકી ૧ | ૧-૦૭-૫૮ | ૯૧૬ |

ઉપરના કોષ્ટકમાં બતાવેલ વિગતવાળી ખેતીની જમીન તેના માલીક શ્રી ધીરૂભાઈ કાથડભાઈ ટોળીયા, ની સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટા હકક અધીકારની ખેતીની જમીન આવેલ છે. તેઓ પાસેથી આ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માગે છે. જેથી આ મીલ્કત ખેતીની જમીનની માલીકી બાબતે, કબ્જા બાબતે કે વારસાઈ હકક બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણને કોઈપણ જાતનો હકક, હીત, હીસ્સો, લાગભાગ, દરદાવા, લેણુ કરજ, બોજો કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દસ) માં નીચે લખેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો સદરહું ખેતીની સીમ જમીન પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોઈ તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ માનીને મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી સદરહું મીલ્કતનો કબ્જો સંભાળી તેનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધન કર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળ ગતાએ નોંધ લેવી.

મું. ગોંડલ.
તા. ૧૦-૦૬-૨૦૨૫.
સરનામં :-
રવિકુમાર એસ. નરોડીયા, એડવોકેટ
ઓફીસ-સ્ટુડન્ટસ ઝેરોક્ષ, જુની કોર્ટની સામે,
ગોંડલ ૩૬૦ ૩૧૧

રવિકુમાર એસ. નરોડીયા, એડવોકેટ

### તંત્રી લેખ

# ગુજરાતમાં ચૂંટણીની મોસમ

ગુજરાતના ગામડાઓમાં હાલ નેતાઓ કડક અને બગલાની પાંખ જેવા સફેદ લેંખા-ઝબ્બા ધારણ કરી મતદારો પાસે બે હાથ જોડી પવિત્ર અને કિંમતી મતનું દાન પોતાની તરફેણમાં કરવા રિતસર આજીજી કરી રહ્યા છે.

રાજ્યમાં ગ્રામ પંચાયતની ચુંટણી સાથે વિધાનસભાની પણ બે બેઠકોની પેટા ચુંટણી યોજાવાની હોય ચુંટણીલક્ષી ગરમાવો હાલ ચરમસીમાએ પહોંચી ગયો છે. મહાપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી વર્ષના અંતે કે નવા વર્ષના આરંભે યોજાવાની છે. ત્યારે આ ચુંટણીને સેમિ ફાઈનલ જંગ સમી માનવામાં આવી રહી છે.

રાજ્યમાં ૮,૩૨૬ ગ્રામ પંચાયતોની ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ જવા પામી છે. બુધવારે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ચુંટણી ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. ગુજરાત વિધાનસભાની વિસાવદર અને કડી વિધાનસભા બેઠક માટે આગામી ૧૯મી જૂનના રોજ મતદાન થવાનું છે. ત્યારે તમામ રાજકીય પક્ષો માટે આ જંગ પ્રતિષ્ઠાનો જંગ બની ગયો છે.

ગ્રામ પંચાયતોની ચુંટણી થકી મતદારોનો મિજાજ પારખી શકાય છે. જો કે, પંચાયતની ચુંટણીમાં કોઈપણ રાજકીય પક્ષ ઉમેદવારોને મેન્ડેટ આપતા હોતા નથી. આવામાં કોના તરફી પરિણામો આવ્યા તેની સચોટ માહિતી મળતી નથી. પરંતુ રાજકીય પક્ષોને મતદારોના મનને પારખવામાં ખ્યાલ આવી જાય છે.

ગુજરાતમાં ચુંટણીની મોસમ બરાબર જામી છે. પાંચ વર્ષે એકવાર ડોકાતા અને ચુંટાયા બાદ રાજપાટમાં આવી જતાં નેતાઓ હાલ કાળઝાળ ગરમીમાં પરસેવા પાડી રહ્યા છે. મતદારો પાસે મતની રિતસર ભીખ માંગતા હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં દર વર્ષે સ્થાનિક સ્વરાજ્યની કોઈને કોઈ સંસ્થાઓની ચુંટણી યોજાતી હોય છે. જેના કારણે ચુંટણીનો માહોલ ક્યારેય શાંત થતો હોતો નથી.

સતીષ કે. મહેતા

## સરકારી વકીલ મુકેશ પીપળીયાનો આજે જન્મદિવસ



ગુજરાત સરકાર દ્વારા નિમણૂક પામેલા મદદનીશ સરકારી વકીલ તથા કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક થયેલા નોટરી મુકેશ જી. પીપળીયા નો આજરોજ જન્મદિવસ છે. તેઓએ સને ૨૦૦૧ થી વકીલાત શરૂ કરી છે અને છેલ્લા નવ વર્ષથી રાજકોટમાં મદદની સરકારી વકીલ તરીકે ફરજ બજાવે છે. તેઓએ અનેક કેસોમાં આરોપીઓને સજાઓ કરાવેલ છે અનેક આરોપીઓની જામીન અરજીને રદ કરાવેલ છે તેઓ બાર એસોસિએશનમાં બે વખત કારોબારી સભ્ય તરીકે ચૂંટાઈ આવેલ છે તેમજ રાજકોટ મીડિયેશન સેન્ટરમાં મીડિયેટર તરીકે સેવા આપે છે તેમના જન્મદિવસ નિમિત્તે સિનિયર જુનિયર એડવોકેટો ,સગા સંબંધી અને મિત્ર વર્તુળ દ્વારા તેમના મો.નં. ૯૮૨૪૮૨૬૨૬૬ ઉપર શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

## રેસકોર્સ પાર્ક ઉપાશ્રયનાં ટ્રસ્ટી કમલેશભાઈ મોદીનો જન્મદિવસ



યુવાવર્ગ માટે ઉદાહરણરૂપ સેવાભાવી સતત કાર્યશીલ રેસકોર્ષ પાર્ક ઉપાશ્રયનાં ટ્રસ્ટી કમલેશભાઈ મોદીનો આજરોજ મંગળવારનાં રોજ જન્મદિવસ છે. મોટા સંઘ રાજકોટમાં મંત્રી તરીકે તેમની નીમણુક થયેલ છે. તેઓ રાજકોટ જીલ્લા સહકારી પ્રેસમાં મેનેજર તરીકે કાર્ય કરી રહયા છે. રાજકોટ સાધર્મીક જૈન સેવા સમિતિ તેમજ અનેક સેવાકીય સંસ્થાઓમાં તેમનું પ્રદાન રહયું છે. જૈન ધર્મનું સૂત્ર ''અહીંસા પરમો ધર્મ'' ને સાકાર કરવામાં જીવદયા કાર્યકર તરીકે હરહંમેશ તત્પર રહે છે. સાધુ સાધ્વીજીઓની વૈયાવચ્ચ માં પણ તેઓ અગ્રેસર રહે છે. યુવા વર્ગને સેવા તથા ધર્મને રસ્તે વાળવામાં તેવો હરહંમેશ માર્ગદર્શન આપતા રહે છે. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તેમનાં મુખ પર સ્મીત તરતું રહે છે. આ શુભદીને જૈન અગ્રણીઓ, જૈનેતરો તેમજ તેમનાં મિત્રવર્તુળ તરફથી કમલેશભાઈ મોદીને મોબાઈલ નંબર ૯૮૨૫૫૧૧૨૯૫ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

## શ્યામલાલજીની હવેલીમાં કાલે જયેષ્ઠાભિષેક સ્નાન યાત્રા અને નૌકા વિહારના દર્શન



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન હવેલી ખાતે જેઠ સુદ ૧૫ તા. ૧૧-૬-૨૦૨૫ ના રોજ જયેષ્ઠાભિષેક સ્નાન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી પ્રભુના જયેષ્ઠાભિષેક સ્નાન આરંભ સવારે ૬.૩૦ કલાકે થશે. તેમજ સાંજના સમયે નૌકા વિહારની ઝાંખી, સંધ્યા આરતી અને શયન દર્શન થશે. આ પવિત્ર અવસરનો લાભ લેવા સમગ્ર વેષ્ણવ સમાજને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જેની વધુ માહીતી માટે હવેલીના મો. નં. ૮૫૧૧૭ ૬૩૮૬૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૭૦૯મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

દયાબેન ગોવિંદભાઈ ભણસોડનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરી અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૭૦૯ મું ચક્ષુદાન આ સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# આદિવાસી સમાજ દ્વારા ભગવાન બિરસા મુંડાને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ




**અબતક, રાજકોટ**

રાજકોટ ભીલ સમાજ સ્થાપિત રેસ કોર્સમાં શ્રધ્ધાંજલિ અર્પણ કરી જેમણે દેશના યુવાનોમાં રાષ્ટ્રીયતા અને સ્વતંત્રતાની નવી ક્રાંતિનો સંચાર કર્યો આદિવાસી સમાજમાં સ્વાભિમાન અને આત્મ ગૌરવ બનાવવા માટે અમૂલ્ય યોગદાન દેવાવાળા ભગવાન વીર બિરસા મુંડા દેશવાસીઓની સ્મૃતિમાં સહદેવ જીવિત રહેશે અને આ શ્રધ્ધાંજલિ સમર્પણ કરવા માટે રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહ ,અખિલ ભારતીય આદિવાસી ભીલ દિલ્હીના રાષ્ટ્રીય અધ્યક્ષ રંજનબેન ચૌહાણ, મોડેલ સ્કૂલ અને નિજાનંદ હાઈસ્કુલ પ્રિન્સિપાલ ભાવનાબેન લીડીયા ,ભીલ સમાજ ના આગેવાન દર્શનભાઈ પેગ્યાતર વગેરે સમાજના અને ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના છાત્રોની કલા નિખરી ઉઠી

### ૭ હજારથી વધુ છાત્રોએ જળ એજ જીવન, રકતદાન, ચક્ષુદાન, અંધશ્રધ્ધા, કુરીવાજ સાથે પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જાગૃતિ પ્રસરાવી

**અબતક, રાજકોટ**

વેકેશન પૂર્ણ થતાં આજ રોજ સુમસામ રહેલી તમામ શાળાઓ વિદ્યાર્થીઓના કીલકીલાટથી ધબકતી થઈ હતી.



શાળાઓ રાબેતા મુજબ ખુલતાની સાથે જ ચેરમેન વિક્રમભાઈ પુજારા, વાઈસ ચેરમેન ડો. પ્રવિણભાઈ નિમાવત અને શાસનાધિકારી કિરીટસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ રાજકોટ કોર્પોરેશનના ઈસ્ટઝોનના યુ.આર.સી. કો.ઓ. દિપકભાઈ સાગઠીયા દ્વારા અનોખી પહેલ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ શાળામાં હાજર થાય વેકેશનના માહોલમાંથી શૈક્ષણિક પ્રવૃતિઓમાં રસ રુચિ કેળવાય તે માટે શાળા તત્પરતા અન્વયે વિવિધ વિષયને અંતર્ગત ધોરણવાઈઝ અલગ અલગ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ધો. ૪ થી ધો.૮ આરએમસી ઈસ્ટ ઝોનના કુલ- ૬૩૨૫ વિદ્યાર્થીઓએ જળ એજ જીવન, રક્તદાન અને ચક્ષુદાન, અંધશ્રધ્ધા કુરીવાજ નાબુદી, પ્લાસ્ટીક પ્રદુષણ અટકાવવુ, વ્યસન મુકિત અભિયાન, એક પેડ માં કે નામ'' જેવા અભિયાનો અંતર્ગત જાગૃતિ લાવવા પેપરબેગ નિર્માણ, ચિત્ર સ્પર્ધા, સુત્ર લેખન, નિબંધ લેખન જેવી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# બ્રહ્માકુમારીઝ દ્વારા સી.જે. ગ્રુપના રાજેન્દ્રભાઈ રોધેલીયાનું બહુમાન

**અબતક, રાજકોટ**



સી.જે.ગ્રુપ રાજકોટ ને બ્રાહ્માકુમારીઝ માઉન્ટ આબુ જ્ઞાન સરોવર દ્વારા આયોજીત રાષ્ટ્રીય સંમેલન રાજયોગ શિબિરમાં આમંત્રણ મળેલ હતુ. તેમાં બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય-માઉન્ટ આબુમાં રાજયોગીની બ્રહ્માકુમારી સુષમા દીદી (જયપુર) ને રાજયોગી મૃત્યુજયભાઈ (મહાસચિવ માઉન્ટ આબુ)ના સી.જે.ગ્રુપ રાજકોટના પ્રતિનિધિ રાજેન્દ્રભાઈ રોધેલીયાને અન્ય હોદેદારોને આર્શીવાદ મળેલ. તેમજ તેમને મળવાનો અલૌકિક અવસર પ્રાપ્ત થયેલ. સી.જે ગ્રુપ રાજકોટના પ્રમુખ ચિરાગભાઈ ધામેચા (જલારામ), મો. ૯૪૨૮૨૩૧૨૭૧ ઉપર અભીનંદનની વર્ષા થઈ રહી છે.

# રામાનંદી સાધુ સમાજ સત્ય અને દશનામ સમાજ કરૂણાઃ પૂ.મોરારિબાપુ

### માનવ મંદિર ગુરૂકુળનું લોકાર્પણ અને કન્યા છાત્રાલયનું ભૂમિ પૂજન કરાયું

**અબતક, રાજકોટ**



સાવરકુંડલા ખાતે હાથસણી રોડ ઉપર છેલ્લા ૧૪ વર્ષથી મનોવિકલાંગ દીકરીઓની ખૂબ જ અનન્ય અને સમર્પિત ભાવે ત્યાંના સંત પૂ. ભક્તિ બાપુ કરી રહ્યા છે.હવે તેમાં તેઓએ સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતના પૂ. પુજારી સંતો કે જેઓ ગામના રામજી મંદિર અને શિવાલયની સેવા કરી રહ્યા છે અને તેમના સંતાનોને શિક્ષિત અને દીક્ષિત કરવાનો વિચાર અત્યાર સુધી કોઈએ કર્યો નથી તેને વિનામૂલ્યે છાત્રાવાસની સગવડતા આપવાનો સંકલ્પ કરીને પૂ.મોરારિબાપુના ગઈકાલે ગુરુકુળને લોકાર્પિત કરવામાં આવ્યું તથા કન્યાઓ માટે પણ છાત્રાલય કરવા ભુમિપુજન થયું.સ્વાગત પ્રવચન પુ.ભક્તિરામબાપુએ કરી સમગ્ર પ્રકલ્પની ભુમિકા આપી હતી.

આ કાર્યક્રમને સંબોધિત કરતા પૂજ્ય મોરારિબાપુએ કહ્યું કે સમગ્ર ત્રિપાંખ સાધુ સમાજ એ સમાજ માટે કોઈ અપેક્ષા રાખતો નથી અને જ્યારે જ્યારે સમાજ પાસેથી કંઈ માગ્યું છે ત્યારે તેને હનુમાનજી કે પછી રામ ગણીને અપેક્ષા રાખી છે.બાપુએ કહ્યું કે રામાનંદી સાધુ સમાજ એ સત્ય છે તો વૈષ્ણવ સાધુ સમાજ એ પ્રેમ છે અને આપણો દશનામ સમાજ એ કરુણા છે. આ સાધુઓ આ રીતે આપણા સમાજની અનન્ય સાક્ષીભાવે સેવા કરતાં રહ્યાં છે. બાપુએ રામજી મંદિરના દિવેલીયા તરીકે અને અન્ય જીવન નિર્વાહ માટે મળેલી જમીન જે તે પૂજારીના નામે થઈ જાય અને તેની કાયદાકી ગૂંચ ઉકલી જાય તે માટે ભાવ વ્યક્ત કર્યો.

ધારાસભ્ય મહેશ કસવાલા પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, સહકારી નેતા દિલીપભાઈ સંઘાણી અને લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ પણ સંબોધન કર્યું હતું. અગ્રણી હરુભાઈ ગોંડલિયા તથા ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ડો. ભરત રામાનુજ પણ હાજર હતાં.

# બાળકોના કૌશલ્યને ખિલવવા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે શનિવારે સ્પર્ધા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ માન્ય ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટ ખાતે ચાલતા વુમન સાયન્સ ક્લબ દ્વારા આગામી શનિવારને તા. ૧૪ જુન ૨૦૨૫ ના રોજ બપોરે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન ૬ થી ૧૨ વર્ષના બાળકો (છોકરો અને છોકરી)માં જીવન કૌશલ્ય વિશેની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

બાળકોમાં રહેલા કૌશલ્યને બહાર લાવવાના પ્રયાસ સ્વરુપે સ્પર્ધામાં સોયમાં દોરો પરોવવો, બટન ટાંકવા, ફુગ્ગા ફુલાવવા તથા તેનો સુશોભન માટે ઉપયોગ કરવો વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવશે. સ્પર્ધા માટેની સામગ્રી કેન્દ્ર દ્વારા પુરી પાડવામાં આવશે.

આ સ્પર્ધામાં વિજેતા થનારને ઈનામ આપવામાં આવશે તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સર્વે એ તાઃ ૧૩ જુન ૨૦૨૫ ને શુક્રવાર સુધીમાં સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૩૦ દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્રના મો. ૯૯૭૮૮૨૫૮૨૯ ઉપર નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.

# હજરત ગેબનશાહ પીર દરગાહ ટ્રસ્ટમાં વકફ બોર્ડ દ્વારા વહીવટદારની નિમણૂંક

### ૧૯૯૨ થી ૨૦૧૯ સુધી ૨૮ વર્ષ સુધીના વહીવટ સામે અનેક વાંધા વિરોધની ફરિયાદ બાદ કારોબારી અધિકારીને જવાબદારી સોંપાઈ

**અબતક, રાજકોટ**

શહેરની જંકશન પ્લોટ વિસ્તારમાં આવેલી સુપ્રસિદ્ધ હઝરત ગેબનશાહ પીર દરગાહ ટ્રસ્ટમાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા વહીવટદારની નિમણૂક કરવામાં આવી છે.

હજરત ગેબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટના પ્રમુખ તેમજ ટ્રસ્ટીઓએ સમાજના લોકોને વિશ્વાસમાં લીધા વગર ૨૦૧૯ માં ટ્રસ્ટ બનાવ્યું ત્યારથી કોઈને કોઈ પ્રકારે વિરોધ થતો આવ્યો હતો અને અત્યાર સુધી ટ્રસ્ટના વહીવટ સામે અનેક આક્ષેપો થતા આવ્યા છે ૨૦૧૯ માં ફેરફાર રિપોર્ટમાં પણ ઘણા વાંધા ઉભા થયા હતા. ટ્રસ્ટીઓની ચૂંટણીમાં વકફ બોર્ડની મંજૂરી કે ન્યુઝ પેપર માં જાહેરાત આપવા જેવી કોઈ વિધિવત જરૂરી કામગીરી કરી ન હોવા ની ફરિયાદો ઉઠી હતી ટ્રસ્ટમાં નામો ઉમેરવા માઈનોરીટી ચેરમેન યુનૂષભાઈ જુણેજા , ઈબ્રાહીમભાઈ દલ દ્વારા વકફ બોર્ડમાં રજૂઆત કરવામાં આવી હતી

આ રજૂઆત ના પગલે ગેબનશા પીર ટ્રસ્ટ ની વકફ ની આવક જાવક નો હિસાબ ,બેંકની પાસબુક ,ભાડા રસીદ, ફંડ ફાળાની બુકો ,ચેકબુક ,રોકડ રકમ તેમજ સાહિત્ય અને કારભાર માટે નવનિયુક્ત કારોબારી અધિકારી હુસેનભાઈ દલ ને સોંપી દેવા રાજ્ય વકફ બોર્ડ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે .સંસ્થાના બેંક ખાતાઓ હુકમ થયો ત્યાર થી કારોબારી અધિકારી દ્વારા જ ઓપરેટ કરવાનો હુકમ થયો છે.

# રાજકોટવાસીઓ દિલ્હીના ખ્યાતનામ યુરોસર્જનની સેવા નિઃશૂલ્ક મેળવી શકશે

**અબતક, રાજકોટ**



શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ સદભાવના હોસ્પિટલ ખાતે દિલ્હીના ખ્યાતનામ યુરોસર્જન ડો. મીત જાગાણી ધ્વારા જરૂરીયાતમંદ દર્દીઓ માટે તદન નિઃશૂલ્ક ઓ.પી.ડી. સેવા આપવામાં આવશે

ડો. મીત જાગાણી કિડનીની પથરી, પ્રોસ્ટેટ, પુરૂષોની જાતીય સમસ્યાઓ, કિડની ટ્રાન્સપ્લાન્ટ, કિડની મૂત્રાશય અને પ્રોસ્ટેટ, કિડનીના કેન્સર, બાળકોમાં પેશાબની તકલીફ અને પુરૂષોમાં શુક્રાણુઓની સમસ્યા જેવા રોગોના નિષ્ણાંત ડોકટર છે.

આ ઉપરાંત ડો. મીત જાગાણી જરૂરીયાતમંદ દર્દીઓને આયુષ્યમાન યોજના હેઠળ પથરી અને પ્રોસ્ટેટના ઓપરેશનો પણ સદભાવના હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક કરી આપશે. તેમજ સદભાવના હોસ્પિટલ ખાતે મૂત્ર માર્ગના રોગો ઉપરાંત હરસ,મસા, ભગંદર, સારણગાંઠ અને એપેન્ડિકસ જેવા ઓપરેશનો પણ આયુષ્યમાન યોજના હેઠળ નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. આમ સદભાવના હોસ્પિટલ ધ્વારા ડો. મિત જાગાણીના આ નિઃશૂલ્ક સેવાયજ્ઞનો લાભ લેવા મૂત્રાશયના રોગોની સમસ્યાથી પીડાતાં જરૂરીયાતમંદ દર્દીઓને અનુરોધ કરાયો છે . મોબાઈલ નં.૯૫૧૨૩૧૦૧૦૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

આમ સદભાવના હોસ્પિટલ ખાતે રોજ આયુષ્યમાન કાર્ડધારક જરૂરીયાતમંદોને ડો. મીત જાગાણી ધ્વારા સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન નિઃશુલ્ક નિદાન કરી આપવામાં આવશે.

# વિજ્ઞાન જાથા આયોજીત 'ચમત્કારથી ચેતો' કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

### વિરાણી સ્કુલ ખાતે એકના ડબલ, હાથમાંથી કંકુ, ભસ્મ, લોહી નિકળવું, સંમોહન સહિતના ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરાયું



**અબતક, રાજકોટ**

રાજકોટ વિરાણી સ્કૂલમાં નવા સત્રના પ્રારંભે જ્ઞાન-વિજ્ઞાનનો નવતર કાર્યક્રમમાં છાત્ર-છાત્રાઓમાં અંધશ્રદ્ધા નિવારાણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, રમતગમતની તાતી જરૂરીયાત છે તેની ઉપર વિશ માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૬૨ મા કાર્યક્રમને સફળતા મળી હતી. એ ડિવીઝન પોલીસ સ્ટેશને પુરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉધાટનમાં રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, હાજરીમાં કરવામાં આવ્યું હતું.

જાથાના પંડયાએ વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, અંકશાસ્ત્ર, છાયાશાસ્ત્ર, જ્યોતિષ, સીગ્નેચર વિગેરે અવૈજ્ઞાનિક, અવાસ્તવિક, અતાર્કિક હોય તેનું અનુસરણ કરવાથી માનવીને અધોગતિ મળે છે. વિજ્ઞાન યુગમાં લોકોએ જાગવાની જરૂર છે. ભૂત-પ્રેત, જીન્નાત, ખવીસ, ચુડેલ, ડાકણ, મામો, અશ્ય શકિ, દિવ્ય શક્તિ, આસુરી શક્તિ જેનું અસ્તિત્વ જ નથી તેનો ભય, ડર કાઢી નાખવાની તાતી જરૂરીયાત છે.

જાથાના પંડયાએ વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નીકળવું, સંમોહન, કાનેથી ચિઠ્ઠી વાંચવી, ઉકળતા તેલમાંથી હાથેથી પુરી તળવી, વિગેરેનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા.

પ્રયોગ નિદર્શનમાં મીમીકી આર્ટીસ્ટ ઉમેશ રાવ, તુષાર રાવ, સંજયભાઈ, જાથાના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલે ભાગ લીધો હતો.

જાથાનો ૧૦૦૬૨ મો કાર્યક્રમ સફળ બન્યો હતો. વધુ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# વર્ધમાન ટ્રસ્ટ અને ડીવાઈન ટ્રસ્ટ દ્વારા શનિવારે દંતયજ્ઞ કેમ્પ

**અબતક, રાજકોટ**

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા ધીરગુરુદેવની પ્રેરણાથી તાઃ૧૪-૬-૨૫ ને શનિવારે સવારે ૯ થી ૧ નિ.શુલ્ક દંત યજ્ઞ અને નિઃશુલ્ક દાંત ની બત્રીસીના કેમ્પનું આયોજન ધ્રોલ મુકામે ઉમિયાજી પાર્ટી પ્લોટ,પેટ્રોલ પંપ પાસે રાજકોટ રોડ,મુ.ધ્રોલ ખાતે કરવામાં આવેલ છે. આ કેમ્પના મુખ્ય દાતા સ્વ.નિર્મળા બેન અમૃતલાલ શેઠ અને સ્વ.વનિતાબેન વસંતલાલ મહેતા પરિવાર હસ્તે એડવોકેટ યોગેશભાઈ મહેતા અને સતીષભાઈ નો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ સેવા કેમ્પ માં ડો.જયસુખ ભાઈ મકવાણા (બી.એ.એ.એસ., ડી.વી.વી.સી.એફ.એન.) અને તેમની ટીમ પ્રોનિકા સેવા પ્રદાન કરશે. દાંત ના રોગીની તપાસ કરી જરૂરીયાત મુજબ તેમના દાંત જાલંધર બંધ વડે ઈન્જેકશન વગર સ્થળ પર જ કાઢી આપશે

દંત યજ્ઞ અને બત્રીસી કેમ્પ માટે નામ નોંધણી કરાવવા સતીષભાઈ શેઠ મો. ૯૭૧૨૯૩૪૧૧૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગીતગુર્જરીમાં ધીરગુરુદેવના અનુગ્રહથી કાયમી ચૌવિહાર હાઉસનો શુભારંભ

**અબતક, રાજકોટ**

શ્રી પારસ સ્થાનકવાસી જૈન ટ્રસ્ટ રાજકોટના ઉપક્રમે ગીતગુર્જરી જૈન ઉપાશ્રયે ધીરગુરુદેવ ના અનુગ્રહથી ચાતુર્માસમાં ચૌવિહાર હાઉસ ચાલુ હતા. હવે આજે તા. ૧૦-૬-૨૫ થી કાયમી બારમાસી ચોવિહાર, હાઉસનો શુભારંભ કરવામાં આવેલ છે. ચૌવિહાર કરનારાએ ટોકન આપી પાસ મેળવી લેવાના રહેશે.

કાયમી ચૌવિહાર હાઉસનો મહાન લાભ ડી.એલ. ટ્રસ્ટ મુંબઈ, પ્રીતી રજનીકાંત મહેતા હ. ડો. ધવલ મહેતા (અમેરિકા), ડો. પ્રભુદાસભાઈ લાખાણી અને ભૂપતરાય ઓધવજી મહેતા હ. ભાવનાબેન (પડધરીવાળા) એ લીધેલ છે. સંઘ સેવક શીરીષભાઈ બાટવીયા, જગદીશભાઈ, પ્રફુલભાઈ શેઠ, બાવીસી, બોધાણી, કોઠારી શેઠ વગેરે સુંદર વ્યવસ્થા સંભાળે છે.

તાજેતરમાં ગાયક સુચિત્રા મહેતાના હસ્તે ડ્રો વિજેતાનું સન્માન કરાયું હતું.

# રાજસ્થાનની બનાસ નદીમાં નાહવા પડેલા ૧૧ યુવાનો ડૂબ્યાં, આઠના મોત

## જયપુરથી પ્રવાસે આવેલા મિત્રોએ ટોંક જિલ્લાની નદીમાં ડૂબકી લગાવતા મોટી દુર્ઘટના

**અબતક, રાજકોટ**

રાજસ્થાનના ટોંક જિલ્લાના બનાસ નદીમાં નાહવા પડેલા જયપુરના ૧૧ યુવાનો ડૂબ્યાના અહેવાલ સામે આવી રહ્યા છે. હાલ સુધીમાં આઠ યુવકોના મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે બાકીના ત્રણને શોધવા માટે બચાવ કામગીરી ચાલુ છે.

આ ઘટના ટોંક શહેર નજીક બનાસ નદીના જૂના પુલ પાસે બની હોવાનું કહેવાય છે. આજે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ જયપુરના ૧૧ યુવાનો પિકનિક માટે બનાસ નદીમાં પહોંચ્યા હતા. બધા મિત્રો નદીમાં ન્હાવા માટે નીચે ઉતર્યા હતા. થોડા સમય પછી બધા યુવાનો એક પછી એક જોરદાર પ્રવાહમાં ઊંડા ઉતરી ગયા અને ડૂબવા લાગ્યા હતા. સ્થાનિક લોકોએ એલાર્મ વગાડી તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતાં જ ટોંક પોલીસ અને વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એસપી વિકાસ સાંગવાને જણાવ્યું હતું કે, અત્યાર





સુધીમાં આઠ મૃતદેહ મળી આવ્યા છે અને બાકીના ત્રણ યુવાનોની શોધખોળ ચાલુ છે. એસડીઆરએફની ટીમ પણ બચાવ કામગીરીમાં લાગી છે. એમ્બ્યુલન્સ દ્વારા તમામ યુવાનોને સઆદત હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ આઠ યુવકોને મૃત જાહેર કર્યા હતા.

ઘટનાની માહિતી મળતાં જ સઆદત હોસ્પિટલમાં ભીડ એકઠી થઈ ગઈ હતી. હોસ્પિટલ પરિસરમાં કરુણ ચીસો સંભળાઈ હતી. મૃતકોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તમામ યુવાનો જયપુરના રહેવાસી છે અને એકસાથે નદીમાં નહાવા ગયા હતા.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, જ્યાં આ અકસ્માત થયો તે સ્થળ નદીનો જૂનો પુલ છે અને અહીં પાણીની ઊંડાઈ વધુ છે. આ ઉપરાંત, આ સ્થળે કોઈ ચેતવણી બોર્ડ કે સુરક્ષા વ્યવસ્થા નહોતી.

ઘટના બાદ જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું છે. વહીવટીતંત્ર દ્વારા બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. એસપી વિકાસ સાંગવાને લોકોને નદીમાં સાવધાની રાખવા અને માહિતી વિના ઊંડા પાણીમાં ન જવાની અપીલ કરી છે.

હાલમાં પોલીસ મૃતકોની ઓળખ કરી રહી છે અને તેમના પરિવારજનોનો સંપર્ક કરી રહી છે. ગુમ થયેલા ત્રણ યુવાનોની શોધ ચાલુ છે અને અધિકારીઓએ સ્થળ પર વધારાના તરવૈયા બોલાવ્યા છે.

## ત્રણ યુવકોને શોધી કાઢવા વધારાના તરવૈયાઓની મદદ લેવાઈ : રેસ્ક્યુ ઓપરેશન ચાલુ

# નાના મવા નજીક બુટલેગર સાથે વિદેશી દારૂ ભરેલી કાર પકડાઈ

## શરાબની ૨૪ બોટલ અને કાર મળી, રૂ.૧.૫૬ લાખનો મુદ્દામાલ એલ સી બી ઝોન ૨ એ કર્યો કબ્જે

**અબતક રાજકોટ**

શહેરના નાના મવા રોડ પર દાસી જીવણપરામાં કારમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ મળી રૂ.૧.૫૬ લાખના મુદ્દા માલ સાથે બુટલેગરને એલ સી બી ઝોન ૨ની ટીમે ઝડપી લીધો છે. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા અને નાયબ પોલીસ કમિશનર જગદીશ બંગરવાએ દારૂ જુગારની બદી નાબૂદ કરવા આપેલી સૂચના ને પગલે, એલસીબી ઝોન ૨ પી એસ આઈ આર એચ ઝાલાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, લક્ષ્મીનગર શેરી નંબર ૩માં રહેતો હાર્દિક ભુપતભાઈ ભટ્ટ નામનો બુટલેગર લક્ષ્મીનગર મેઈન રોડ પર નકલંક







હોટલ વાળી શેરી નજીક જીજે ૦૧ કે ડી ૫૦૧૪ નંબરની પોતાની કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યાની. એલસીબી ઝોન ૨ની ટીમ ને મળેલી બાતમીના આધારે દાસી જીવણપરા પાસે વોચ ગોઠવી હતી ત્યારે પૂરપાટ ઝડપે નીકળેલી કારને અટકાવી તલાશ લેતા તેમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. પોલીસે શરાબ અને કાર મળી, રૂ.૧.૫૬ લાખના મુદ્દામાલ સાથે હાર્દિક ભુપતભાઈ ભટ્ટ નામના બુટલેગરને ધરપકડ કરી છે. ઝડપાયેલો શખ્સ દારૂ ક્યાંથી લાવ્યો હતો અને કોને દેવાનો હતો. પોલીસે પૂછપરછ હાથ ધરી છે. આ દરોડાની કામગીરી એલસીબી ઝોન ૨ પીએસઆઈ આર એચ ઝાલા, એએસઆઈ જે વી ગોહિલ, આર એન મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, શકિતસિંહ ગોહિલ , હમેન્દ્રભાઈ વધિયા અને ધર્મરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે બજાવી હતી.

# ટ્રાફિક પોલીસની વિશેષ ડ્રાઇવ ૩૫૧ ઘોંઘાટીયા છકડા ડિટેઈન

## ધ્વનિ પ્રદુષણ ફેલાવતા લાયસન્સ અને નંબર પ્લેટ વગર રીક્ષા દોડાવતા ચાલકો વિરુદ્ધ લાલ આંખ

**અબતક, રાજકોટ**

શહેર ટ્રાફિક પોલીસે ઘોંઘાટીયા છકડા વિરુદ્ધ વિશેષ ડ્રાઇવનું આયોજન કરી ૩૫૧ છકડો રીક્ષા ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

પોલીસ કમિશનર બ્રઝેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ અને ઈન્ચાર્જ એસીપી ટ્રાફિક વી જી પટેલ દ્વારા શહેરી વિસ્તારમાં માણસોની જિંદગી જોખમાય તે મુજબ ભયજનક રીતે છકડો ચલાવતા, ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા અને લોકોના આરોગ્યને નુકસાન પહોંચાડતા ઉપરાંત લાઈસન્સ અને નંબર પ્લેટ વગર ટ્રાફિકના નિયમોનું ભંગ



કરનારા છકડો રીક્ષા ચાલકો વિરુદ્ધ ચાલુ માસમાં વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટ્રાફિક પોલીસની ડ્રાઇવ દરમિયાન અલગ-અલગ વિસ્તારમાં ચેકિંગ ઝુંબેશ હાથ ધરી કુલ ૩૫૧ છકડો રીક્ષા ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિરમગામ ખોડાઢોર પાંજરાપોળનું ઉદ્ઘાટન: ૬૦૦ અબોલ જીવને આશરો મળશે



**અબતક, રાજકોટ**

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જંગલ, જનાવરની સેવામાં કાર્યરત સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ડો. ગિરીશ શાહના માર્ગદર્શનમાં દાતાઓના સહયોગથી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ખાતે વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા ઓગણવિડ ખાતે ૧ કરોડના માતબર ખર્ચે નિર્માણ પામેલ, ૬૦૦ અબોલજીવો રહી શકે તેવા આશ્રય સ્થાનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડો. ગિરીશ શાહનું વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થાના ટ્રસ્ટીઓએ સાલ ઓઢાડી સન્માન કર્યુ હતું, તેમજ મંચ પર ઉપસ્થિત સૌ મહેમાનું સાલ ઓઢાડી તથા મોમેન્ટો આપીને સમસ્ત મહાજનના ડો. ગીરીશ શાહ તથા વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, ગુરુજી અર્જુનભાઈ દેસાઈ તથા અતિથિ વિશેષ વિરમગામના ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલ તથા પાંજરાપોળ સંસ્થાના સહાયક પૂર્વ સાંસદ સોમાભાઈ પટેલ, જનકભાઈ પટેલ (પ્રમુખ- તાલુકા પંચાયત, વિરમગામ), વજુભાઈ ડોડીયા (પૂર્વ ધારાસભ્ય, વિરમગામ), પ્રમોદભાઈ બી. પટેલ વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ સહિતનાની ઉપસ્થિતિ રહી હતી.

આ કાર્યક્રમમાં સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ડો. ગિરીશ શાહ, દેવેન્દ્રભાઈ જૈન (ટ્રસ્ટી -સમસ્ત મહાજન), ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલય કમિટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમીટી તેમજ ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલ્ફેર બોર્ડનાં મેમ્બર મિતલ ખેતાણી, વિરમગામ જીવમૈત્રી ધામના ટ્રસ્ટીઓ, જીવદયાપ્રેમીઓ, દાતાઓ સહિતનાં અગ્રણીઓ ખાસ ઉપસ્થિતિ રહ્યાં હતા.

# સજાના વોરંટમાં ફરાર બે આરોપીને પોલીસે દબોચી લીધા

## ચેક રીટર્ન કેસના કશ્યપ સોની, નવસાદ કોચલીયા, સામે સજાના વોરંટ ઈશ્યૂ થતાં પોલીસે પગેરૂ દબાવ્યું





**અબતક રાજકોટ**

શહેર માં નાસ્તા ફરતા ગુનેગારોને કાયદાના સકંજા માં લેવાના આદેશના પગલે એ ડિવિઝન પોલીસે સજાના નાસ્તા ફરતા બે ઈસમો ઝડપી ને ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.કોર્ટમાંથી સજા થઈ હોય તેવા આરોપીઓને ઝડપી લેવા ના આદેશ ના પગલે સર્વેલેન્સ સ્કોડ એ ડિવિઝન પોલીસેનગોશિયેબલ એકટ ના સજાના આરોપી નવસાદ હમીરભાઈ કોચલીયા સુમરા ને કિસાનપરા ચોક ખાતેથી ઝડપી લીધો હતો, જ્યારે કશ્યપ પ્રભુજીભાઈ પારેખ સોની ને વિરાણી ચોક ખાતેથી ઝડપી લઈ કાનૂનના હવાલે કર્યો હતો.આ કામગીરીમાં પીઆઈ બી વી બોરીસાગર, પી.એસ.આઈ ટીમના બી વી ગોહિલ, એમ એસ મકવાણા, કલ્પેશ બોરી સાગર, મહેશભાઈ ચાવડા કનુભાઈ ધારાભાઈ ગઢવી, કરણભાઈ વીરસોડિયા, યોગેશ મકવાણા, ધર્મેશભાઈ ખાંડેખા, તેજસભાઈ ડેર ,ધવલભાઈ જીલોરીયા, અને બૂટાભાઈએ કામગીરી કરી હતી

# એરપોર્ટ રોડના રહેણાંક મકાનમાંથી ૪૮ બોટલ દારૂ ઝડપાયો

## પેડક રોડના બુટલેગર ચંદુ ટોપીયાની ધરપકડ : ક્રાઈમ બ્રાન્ચનો દરોડો

**અબતક, રાજકોટ**

શહેર ક્રાઈમ બ્રાન્ચ ટીમે એરપોર્ટ રોડ પર શ્રેયસ સોસાયટી ખાતેના રહેણાંક મકાનમાં દરોડો પાડી દારૂની ૪૮ બોટલ સાથે બુટલેગર ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણભાઈ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

મામલામાં ક્રાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલ જીલુભાઈ ગરચરે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તા.૯/૬/૨૦૨૫ ની બપોરે એક વાગ્યાથી તેઓ હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડા સાથે ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન એરપોર્ટ રોડ રેલવે ફાટક પાસે પહોંચતા તેમને અને મનીષભાઈ ચાવડાને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી મળેલ હતી કે, ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણ ટોપીયા હાલ એરપોર્ટ રોડ શ્રેયસ સોસાયટી શેરી નંબર-૬ સ્થિત 'નચિકેત' મકાન ખાતે ફળિયામાં હીચકા પાસે ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ સાથે હાજર છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે તાત્કાલિક રાહદારી પંચોને સાથે રાખી દરોડો પાડતા મકાનમાંથી ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણ ટોપીયા (ઉ.વ.૫૨ રહે. પેડક રોડ બોમ્બે સુપર હાઈટ્સ-૧, સેટેલાઈટ ચોક) મળી આવતા તેને સાથે રાખી મકાનની ઝડતી કરતા હીચકા પાસે પીળા કલરની પ્લાસ્ટિકની કોથળીમાંથી વોડકાની ૧૮૦ એમ.એલ. ની ૪૮ બોટલ જેની કિંમત રૂ. ૪૮૦૦ મળી આવતા ક્રાઈમ બ્રાન્ચે બુટલેગર ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણ ટોપીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

# સજાના વોરંટમાં પોલીસને હાથ તાળી આપનાર આરોપી ઝડપાયો

**અબતક રાજકોટ**



રાજકોટ શહેરમાં ફરારી આરોપીને ઝડપી લેવાના પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા ના આદેશના પગલે માલવીયા નગર પોલીસે સજાના વોરંટ માં ફરારી આરોપીને ઝડપી લીધો હતો. આ અંગે પ્રાથમિક વિગતો મુજબ બિન જામીન લાયક વોરંટ અને સજાના વોરંટ ની અસરકારક બજવણી માટે ની સૂચના ને લઈને માલવયા નગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.આર દેસાઈના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન ચંદ્રેશ નગર શેરી નંબર ૯ માં ઓમ મકાન માં રહેતા ડેરેન શૈલેષ ગોહિલ ને ઝડપી લીધો હતો આ કામગીરીમાં જે આર દેસાઈ, પીએસઆઈ એમ જે ધાધલ, અને ટીમના અજય ભાઈ વીકમાં, મયુર દાન બાટી, ચિત્રકેતુ સિંહ ઝાલા, જયદીપસિંહ ભટ્ટી, ભાવેશભાઈ ગઢવી, મનીષભાઈ સોઢીયા સહિતનાઓએ કામગીરી કરી હતી

# દિલ્હીના દ્વારકામાં ઈમારતમાં ભીષણ આગ લાગતા એક જ પરિવારના ત્રણના મોત

## આગથી બચવા માટે પિતા અને તેમના બે બાળકોએ બિલ્ડિંગથી કૂદકો માર્યો, જે બાદ સારવાર દરમિયાન ત્રણેયને મૃત જાહેર કરાયા: આગ લાગવાનું કારણ અકબંધ

**અબતક, નવી દિલ્હી**

દિલ્હીના દ્વારકામાં એક ઈમારતમાં ભીષણ આગ લાગતાં એક જ પરિવારના ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. આગથી બચવા માટે પિતા અને તેમના બે બાળકોએ બિલ્ડિંગથી કૂદકો મારી દીધો હતો. જે બાદ સારવાર દરમિયાન ત્રણેયના મોત થયા. મંગળવારે સવારે ૧૦ વાગ્યે દિલ્હી ફાયર વિભાગને દ્વારકા સેક્ટર ૧૩ની બિલ્ડિંગમાં આગની સૂચના મળી હતી. જે બાદ ફાયર વિભાગની ૧૦ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી અને ફ્લેટમાં ફસાયેલા લોકોને રેસ્ક્યૂ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી. જો



કે, બિલ્ડિંગના આઠમ માળે એક પિતા અને તેમના બે બાળકો ફસાઈ ગયા હતા. આગથી બચવા માટે ભાઈ-બહેને બાલ્કનીમાંથી કૂદકો મારી દીધો. બાળકોને કૂદતા જોઈ પિતા યશ યાદવે પણ પડતું મૂક્યું. ત્રણેય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગયા અને તેમને સારવાર માટે આઈજીઆઈ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. પરંતુ ડોકટરે ત્રણેયને મૃત જાહેર કર્યા. યશ યાદવના પત્ની અને તેમના મોટા પુત્રને રેસ્ક્યૂ કરી બચાવી લેવાયા હતા. જો કે ઈજાગ્રસ્ત હોવાના કારણે તેમને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. હજુ સુધી આગ લાગવાનું કારણ અકબંધ છે.


## જાહેર હરરાજીથી વાહનો વેચવાના છે

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ રાજકોટના નીચે મુજબના વાહનો જ્યાં છે ત્યાં અને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જાહેર હરરાજીથી વેચવાના છે. તો રસ ધરાવતી વ્યક્તિઓએ તા.૧૪/૬/૨૦૨૫ ના સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ડીપોઝીટની રકમ ભરી આપવી અને પહોંચ મેળવી લેવી. દરેક વાહન માટે અલગ-અલગ ડીપોઝીટ ભરવાની રહેશે. જે વાહન માટે ડીપોઝીટ ભરપાઈ કરેલ હશે તે વ્યક્તિ તે જ વાહનની હરરાજીમાં ભાગ લઈ શકશે તેમજ હરરાજીની શરતો રૂબરૂ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

| ક્રમ નં. | વાહનની વિગત | વાહન રજીસ્ટ્રેશન નંબર | ડીપોઝીટની રકમ રૂ. | અપસેટ કિંમત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | રેનોલ્ટ ડસ્ટર RXL- ડીઝલ- SUV મોટરકાર મોડેલ ૨૦૧૩ | GJ-03 ER-8706 | 25000=00 | 175000=00 |
| ૨ | એસ્કોર્ટ ફામટિક ટ્રેક્ટર ચેમ્પીયન પ્લસ-૪ ૪૫ HP મોડેલઃ-૨૦૦૪ | GJ-03 SS-0982 | 25000=00 | 150000=00 |

હરરાજીની તારીખઃ- ૧૮/૬/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે
હરરાજીનું સ્થળઃ- શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટ યાર્ડ, બેડી, રાજકોટ
મોરબી હાઈવે મુ.બેડી, રાજકોટ

ઉપરોક્ત વાહનો રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન બજાર સમિતિ (માર્કેટ યાર્ડ) રાજકોટ (બેડી)ની ઓફિસે જોઈ શકાશે. હરરાજીમાં ભાગ લેનાર ઈસમો તરફથી જે બોલી લગાવવામાં આવે તે બોલી માન્ય રાખવી કે નહિ તેમજ હરરાજી અંગેના તમામ હક્ક બજાર સમિતિ -રાજકોટના અબાધિત રહેશે.

**તા.:- ૦૯/૦૬/૨૦૨૫**
**સ્થળ:- રાજકોટ**

**જયેશભાઈ ગોવિંદભાઈ બોઘરા**
**ચેરમેનશ્રી**
**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**
**રાજકોટ**

# ભક્તોની સુરક્ષા સર્વોપરી: જગન્નાથ રથયાત્રા પૂર્વે પોલીસની બુલેટ માર્ચ

## બુલેટ પેટ્રોલિંગ બાદ 'એકતા મેચ'નુ આયોજન, આગામી દિવસોમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ અને રથયાત્રાનું સંપૂર્ણ રિહર્સલ કરાશે

**અબતક, રાજકોટ**

આગામી ૨૭ જૂનના રોજ અમદાવાદમાં યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૮મી ભવ્ય રથયાત્રાને લઈને સુરક્ષા એજન્સીઓ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ભવ્ય આયોજનના ભાગરૂપે, શહેર પોલીસે આજે સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને રૂટનું નિરીક્ષણ કરવા માટે એક પ્રભાવશાળી બુલેટ માર્ચનું આયોજન કર્યું હતું. આ માર્ચનો મુખ્ય ઉદ્દેશ્ય રથયાત્રાના સમગ્ર રૂટ પર સઘન પેટ્રોલિંગ કરીને કોઈ પણ અનિચ્છનીય ઘટનાને અટકાવવાનો અને ભક્તો માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો હતો.

આ બુલેટ માર્ચનો પ્રારંભ જગન્નાથ મંદિર પરિસરમાંથી થયો હતો, જ્યાં સેક્ટર ૧ જેસીપી અને જગન્નાથ મંદિરના મહંત દ્વારા લીલી ઝંડી બતાવી તેને શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ માર્ચમાં ૧૦૦ જેટલી બુલેટ બાઈક પર સવાર પોલીસ જવાનો જોડાયા હતા, જેમણે રાત્રે ૧૦:૩૦ વાગ્યાથી જ શહેરના મુખ્ય માર્ગો પર પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. આ પોલીસકર્મીઓ જગન્નાથ મંદિરથી નીકળીને શહેરના સંવેદનશીલ વિસ્તારો જેવા કે જમાલપુર, ખાડિયા, પાંચકુવા, કાલુપુર, સરસપુર, પ્રેમદરવાજા, દરિયાપુર, દિલ્હી ચકલા, શાહપુર, માણેકચોક થઈને ફરી મંદિર સુધી પરત ફર્યા હતા. આ વ્યાપક



પેટ્રોલિંગમાં પીઆઈ અને પીએસઆઈ સહિતના ૧૦૦થી વધુ પોલીસકર્મીઓ સામેલ થયા હતા, અને સમગ્ર રૂટ પર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. ઝોન ૩ ડીસીપી વિશાખા ડબરાલે આ સુરક્ષા પ્રવૃત્તિઓ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રથયાત્રાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બુલેટ પર પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, ''રથયાત્રાનો સંપૂર્ણ રૂટ જગન્નાથ મંદિરથી શરૂ કરીને ફરી મંદિર સુધીના સમગ્ર રૂટ પર પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. આ દરમિયાન, સમગ્ર રૂટ પરના સંવેદનશીલ (સેન્સિટિવ) પોઈન્ટ્સ ખાસ કરીને તપાસવામાં આવશે અને કોઈ શંકાસ્પદ ગતિવિધિ જણાશે તો તેની તાત્કાલિક તપાસ કરવામાં આવશે.'' ડીસીપી ડબરાલે એમ પણ જણાવ્યું કે, રથયાત્રાના રૂટ પર જો કોઈ પોઈન્ટમાં સુધારા-વધારાની જરૂર જણાશે તો તે પણ તાત્કાલિક ધોરણે કરવામાં આવશે.

પોલીસ દ્વારા માત્ર સુરક્ષાના પાસાં પર જ નહીં, પરંતુ સામાજિક સૌહાર્દ અને કોમી એકતાને મજબૂત બનાવવા માટે પણ વિશેષ પહેલ કરવામાં આવી રહી છે. બુલેટ પેટ્રોલિંગ બાદ પોલીસ દ્વારા ''એકતા મેચ''નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અલગ અલગ કોમના લોકો વચ્ચે કોમી એકતા જળવાઈ રહે તે માટે ક્રિકેટ મેચ રમાડવામાં આવશે. આ ઉપરાંત, રથયાત્રાની તૈયારીના ભાગરૂપે પોલીસ દ્વારા રૂટ પરના વીસ મહોલ્લા સમિતિઓ સાથે મીટિંગ પણ યોજવામાં આવશે, જેથી સ્થાનિક લોકોનો સહયોગ મેળવી શકાય અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવી શકાય. આગામી દિવસોમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ અને રથયાત્રાનું સંપૂર્ણ રિહર્સલ પણ કરવામાં આવશે, જેથી સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવી શકાય અને ભક્તો નિર્ભયતાથી ભગવાન જગન્નાથજીના દર્શન કરી શકે. આ તમામ પગલાંઓ રથયાત્રાને સફળ અને શાંતિપૂર્ણ બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

### અનન્ય વૃક્ષ પ્રેમ

# રૂટ ગાર્ડ ટેકનીકથી વૃક્ષ અને ઘરનું જતન કરતા ગ્રીન વોરીયર ઈશિતા પંચોલી

## ''અબતક'' સાથેની શુભેચ્છા મુલાકાતમાં સમગ્ર માહિતી આપી: વર્ષો જુના વૃક્ષનું છેદન કર્યા વગર દિવાલ અને વૃક્ષ બંનેની એક સાથે કાળજી રાખે છે



**અબતક, રાજકોટ**

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં લોકો દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમો યોજવામાં આવેલા. વૃક્ષો રોપ્યા પછી તેનું જતન અને કાળજી ખુબ મહત્વનો ભાગ ભજવે છે, તેમાં પણ દાયકાઓ જુના વૃક્ષો જ્યારે ઘર કે બિલ્ડીંગની દિવાલો કે જમીનને ઉંચકે છે ત્યારે મોટાભાગના લોકો વૃક્ષોનું છેદન કરી નાખતા હોય છે. પરંતુ હવે નવી પધ્ધતીથી વૃક્ષોના મુળીયાનું માવજત જમીન કરીને રૂટ ગાડ'ની મદદથી આંગણામાં વાવેલા વર્ષો જુના વૃક્ષનું છેદન કર્યા વગર આંગણાની દિવાલ અને જમીન બન્નેની જાળવણી શક્ય છે.

પી. ડી. માલવિયા કોલેજના ભૂતપૂર્વ પ્રાધ્યાપક સ્વ. મહેશભાઈ પંચોલીની સુપુત્રી ઈશિતા પંચોલી, એક ગૌ પ્રેમી છે અને પર્યાવરણ જાગૃતિ માટે કોઈ સંસ્થાના બેનર વગર પોતનાથી જે શક્ય બને તે રીતે સમાજના સકારાત્મક કાર્ય કરવા પ્રયત્નો કરે છે. આજે ખાસ કરીને વૃક્ષ બચાવવાની વાત દ્વારા



લોકોને પ્રેરણા આપવા માંગે છે.

જીવદયાના સંસ્કારોના પરિણામે નુતન નગર સોસાયટીમાં ૩૦ વર્ષ પહેલા ૭૫ વૃક્ષો વાવ્યા અને ઉછેર્યા હતા, પરંતુ સમય જતા આજે ફક્ત ૧૦ જેટલા જ એવા વૃક્ષો સોસાયટીમાં બચ્યા છે. સોસાયટીમાં ઘણી જગ્યા એ ૫૦ વર્ષ કરતા વધારે ઉંમરના લીમડા અને બીજી પ્રજાતીના વૃક્ષો હયાત હતા. થોડા સમય પહેલા કોમ્યુનિટી હોલની પ્રિમાઈસીઝમાં સ્થિત લગભગ ૬૦ વર્ષની ઉંમરના ત્રણ ઘટાટોપ લીમડાના ઝાડને જીઓ ટેગ લગાવીને હેરિટેજ વૃક્ષનો દરજ્જો આપી શકત પણ હોલનું રિનોવેશન કરવાનું હોવાથી કોર્પોરેશનની પરવાનગીથી બિચારા કપાઈ ગયા. ઈશિતાબેનના પ્રયત્નો કરવા છતા તે તેને બચાવી ન શકયા જે એમને માટે ઘણી અસહ્ય દુઃખની બાબત છે. હકાભાની જેમ, 'દુઃખની વાત છે પણ કરવી પડસે'. તે સમયથી ઈશિતાબેન રાજકોટ અને જ્યાં કયાંય પણ વૃક્ષોને બચાવવા માટેની માહિતી મળે તે એકત્રીત કરતા હતા.

આ ઉપરાંત ઈન્ટરનેટ પર એમને પરિપકવ વૃક્ષો, જેને રોડ પહોળા કરવા કે અન્ય કોઈ વિકાસના કામો માટે કાપી નાખવામાં આવે છે, તેને બદલે વટા ફાઉન્ડેશન તે વૃક્ષોને મુળીયા સહીત અન્ય જગ્યાએ સ્થળાંતરીત કરવાનું કામ કરે છે, તેની જાણ થઈ. વટા ફાઉન્ડેશનની સ્થાપના હૈદરાબાદના ઉદયભાઈ કૃષ્ણે ૨૦૧૫ માં જ્યોતિ કોંડા સાથે મળીને કરી હતી.

આ રીતે વૃક્ષોને વૈજ્ઞાનિક પદ્ધતીથી સ્થળાંતરીત કરવા પણ શકય છે. વટા ફાઉન્ડેશનની વેબસાઈટ http://vatafoundation.org મારફત તેમનો સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકો છો. વૃક્ષ સંબંધિત માહિતી માટે ઈશિતાબેનને વોટસએપ +૯૧ ૯૫૩૭૩ ૮૬૩૬૯ પર સંપર્ક કરવા જણાવેલ છે.

(પહેલા પાનાનું ચાલુ)

**જગનો તાત...**

પહેલા વરસાદની આગાહીના પગલે ખેડૂતોએ કપાસિયાનું વાવેતર અને રોપણી કરી દીધી અને વરસાદ ખેંચાયો છે. ૨૨ જૂન સુધીમાં વરસાદ નહિ વરસે તો મગફળી-કપાસના પાક પર જોખમ તોળાઈ રહ્યું છે. ગુજરાતમાં ખરીફ ૨૦૨૫ ની વાવણી કામગીરી શરૂ થઈ ગઈ છે, પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૭૭,૦૬૭ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે, જે રાજ્યના સરેરાશ ખરીફ વાવણી (૮.૫૬ મિલિયન હેક્ટર) ના માત્ર ૦.૯૦% છે. રાજ્ય કૃષિ વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, મગફળી, કપાસ અને શાકભાજીની વાવણીમાં આંશિક પ્રગતિ જોવા મળી છે, જ્યારે મુખ્ય અનાજ પાકો હજુ પણ ખેતરોમાંથી ગાયબ છે. ખરીફની શરૂઆતમાં મગફળી સૌથી આગળ છે, અત્યાર સુધીમાં ૩૧,૧૧૦ હેક્ટરમાં વાવણી થઈ છે (સામાન્ય વિસ્તારના ૧.૭૮%). કપાસનું પણ સારું પ્રદર્શન થયું છે, ૩૪,૦૧૧ હેક્ટરમાં વાવણી થઈ છે (૧.૩૪%). શાકભાજીનું વાવેતર ૫,૧૪૪ હેક્ટરમાં થયું છે, જે ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ (૧.૯૬%) છે. તેલીબિયાંનો કુલ વાવેતર વિસ્તાર ૩૧,૨૨૫ હેક્ટર છે, જેમાં મગફળીનો હિસ્સો સૌથી મોટો છે. સોયાબીન અને એરંડાનું વાવેતર નહિવત છે.

**સરકારી બેંકો...**

વાજબી મૂલ્યાંકન પર વેપાર કરે છે, ત્યારે સંબંધિત વૃદ્ધિ મંદીના વર્તમાન જોખમને સંપૂર્ણપણે મૂલ્ય આપવામાં આવશે નહીં.''

ખાનગી ક્ષેત્રની બેંકો જાહેર ક્ષેત્રની બેંકો તરફથી આ વધતી આક્રમકતા અને પરિણામે વૃદ્ધિ અને નફાકારકતાના દબાણમાં વધારાનો વિરોધ કરી રહી છે. ઘણા મોટા, સક્ષમ સ્પર્ધકો છે, જેમની કિંમત પણ નોંધપાત્ર રીતે ઓછી છે,'' આઈસીઆઈસીઆઈ બેંકના ગ્રુપ સીએફઓ અનિંધ બેનર્જીએ ૧૯ એપ્રિલના રોજ તેમના પોસ્ટ-અર્નિંગ એનાલિસ્ટ કોલમાં જણાવ્યું હતું. ''તે વૃદ્ધિના સંદર્ભમાં કેટલાક પડકારો ઉભા કરે છે, પરંતુ મને લાગે છે કે તે જીવનનો એક ભાગ છે. તેથી, આપણે આગળ વધતાં તેનો સામનો કરવો પડશે અને નફાકારક વૃદ્ધિ ટકાવી રાખવા માટે આપણે અન્ય પરિબળો કેવી રીતે ભજવી શકીએ તે જોવું પડશે.'' એચડીએફસી બેંક પણ ઘણા ક્વાર્ટરથી આ જ સમસ્યાનો સામનો કરી રહી છે. ''છેલ્લા ૧૨ મહિના, ૧૮ મહિનામાં અમે જોયું છે કે મોટી-ટિકિટ કોર્પોરેટ લોન અને મોટી-ટિકિટ એસએમઈ લોન સ્પર્ધાત્મક રહી છે, ખાસ કરીને કેટલીક જાહેર ક્ષેત્રની સંસ્થાઓ તરફથી, જ્યાં વૃદ્ધિ એક ઉદ્દેશ્ય છે અને જરૂરી માર્જિન કે વળતર નહીં. અમે જોયું છે કે તેના પર કિંમતો ખૂબ ઓછી રહી છે,'' એચડીએફસી બેંકના મુખ્ય નાણાકીય અધિકારી શ્રીનિવાસન વૈધનાથને એપ્રિલમાં જણાવ્યું હતું.

આરબીઆઈના ડેટા અને બર્નસ્ટેઈન વિશ્લેષણ દર્શાવે છે કે ૨૦૧૧ ની શરૂઆતમાં જાહેર અને ખાનગી બેંકોના લોન વૃદ્ધિ વચ્ચેનો તફાવત લગભગ ૪% હતો. ૨૦૧૬ માં તે ૨૦% ની ટોચ પર પહોંચ્યો. કોવિડની શરૂઆત સાથે વૃદ્ધિ તફાવત ઘટવા લાગ્યો જ્યારે તે ફરીથી ૪% પર આવી ગયો.

**૨૦૨૯ પછી...**

પ્રદેશ કાયદા (સુધારા) બિલ, ૨૦૨૪ સંસદમાં રજૂ કરવામાં આવ્યા છે. આ ફેરફાર હેઠળ, ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીઓ પછી ચૂંટાયેલી તમામ રાજ્યની વિધાનસભાઓની મુદત ઘટાડવામાં આવશે જેથી તેમને ૨૦૩૪ ની સામાન્ય ચૂંટણીઓ સાથે સુમેળ કરી શકાય.

'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' ના આ પ્રસ્તાવ પર રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિના અધ્યક્ષ અને રાજસ્થાનના પાલીથી ભાજપના સાંસદ પી. પી. ચૌધરીએ જણાવ્યું હતું કે ૨૦૨૭ પછી જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે તેમનો કાર્યકાળ ટૂંકો રાખવામાં આવશે. ઉદાહરણ તરીકે, ૨૦૩૨માં ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ ફક્ત બે વર્ષના સમયગાળા માટે હોઈ શકે છે જેથી ત્યાંની વિધાનસભા ૨૦૩૪માં લોકસભાની ચૂંટણીઓ સાથે એકસાથે યોજાઈ શકે.

બંધારણ સુધારા બિલ મુજબ, રાષ્ટ્રપતિ ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓ પછી લોકસભાની પ્રથમ બેઠકની તારીખના આધારે એક સૂચના જારી કરી શકે છે, જેમાં આગામી સામાન્ય ચૂંટણીની તારીખ નક્કી કરવામાં આવશે. ત્યારબાદ ચૂંટાયેલી તમામ રાજ્ય વિધાનસભાઓ તે લોકસભાના પાંચ વર્ષના કાર્યકાળ સુધી મર્યાદિત રહેશે. જો લોકસભા કે કોઈપણ રાજ્ય વિધાનસભા પાંચ વર્ષ પૂરા થાય તે પહેલાં વિસર્જન કરવામાં આવે છે, તો તે જ કાર્યકાળના બાકીના સમયગાળા માટે નવી ચૂંટણીઓ યોજવામાં આવશે. આનો હેતુ એ છે કે આગામી ચૂંટણી સમાન સમાન ચૂંટણી ચક્રમાં આવે.

જોકે, બિલમાં એવી પણ જોગવાઈ છે કે જો ચૂંટણી પંચ એવો અભિપ્રાય આપે કે તે સમયે કોઈ ચોક્કસ રાજ્યમાં ચૂંટણી યોજવી શક્ય નથી, તો તે આ સંદર્ભમાં રાષ્ટ્રપતિને ભલામણ કરી શકે છે. આ પછી, રાષ્ટ્રપતિ તે રાજ્યની ચૂંટણી પછીની તારીખે યોજવાનો આદેશ આપી શકે છે.

**ટ્રમ્પ એકાઉન્ટ...**

એકંદર શેરબજારમાં ઉછાળો લાવશે.''

માતાપિતા અથવા વાલીઓ આ ખાતાઓનું સંચાલન કરશે, જેમાં ખાનગી સ્ત્રોતોમાંથી વાર્ષિક ૫,૦૦૦ સુધીના વધારાના યોગદાનની મંજૂરી અપાશે. આ યોજનાને માઈકલ ડેલ, ઉબેરના દારા ખોસરોશાહી, ગોલ્ડમેન સેશના ડેવિડ સોલોમન અને રોબિનહૂડના વ્લાદિમીર ટેનેવ સહિત અનેક અગ્રણી સીઈઓ તરફથી મજબૂત સમર્થન મળ્યું છે, જેમણે ''ટ્રમ્પ એકાઉન્ટમાં લાખો ડોલરનું યોગદાન આપવા'' પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ગૃહના સ્પીકર માઈક જોહ્નસનને પણ આ યોજનાની પ્રશંસા કરતા તેને ''બોલ્ડ, પરિવર્તનશીલ નીતિ'' ગણાવી હતી જે ''દરેક લાયક અમેરિકન બાળકને પહેલા દિવસથી જ નાણાકીય રીતે મજબૂત બનાવે છે.''

જોકે, આ યોજના ટ્રમ્પના ''એક મોટા, સુંદર બિલ'' નો ભાગ છે, જે કોંગ્રેસનલ બજેટ ઓફિસ અનુસાર, આગામી દાયકામાં રાષ્ટ્રીય દેવામાં ૨.૪ ટ્રિલિયન ઉમેરી શકે છે. બજેટ ઓફિસે મેડિકેડ અને ખાદ્ય સહાયમાં કાપ સહિતના પ્રસ્તાવિત ફેરફારો અંગે પણ ચેતવણી આપી છે, જેનાથી ૨૦૩૪ સુધીમાં લગભગ ૧૧ મિલિયન વધુ અમેરિકનો આરોગ્યસંભાળ વિનાના રહી શકે છે.

ટીકાઓ છતાં, ટ્રમ્પ આશાવાદી છે કે આ યોજના ''લાભાર્થીઓને ખરેખર જીવનમાં મોટો ઉછાળો'' આપશે. જોહ્નસનને કાયદા નિર્માતાઓને આ ''વૃદ્ધિ તરફી કાયદા'' ને સમર્થન આપવા વિનંતી કરી છે. આ બિલ ગૃહમાં પસાર થઈ ચૂક્યું છે પરંતુ સેનેટમાં અવરોધોનો સામનો કરી રહ્યું છે.

**વિસાવદર...**

આવ્યા હતા. આ બેઠક પર સૌ પ્રથમવાર ધારાસભ્ય તરીકે મુસ્લિમ મહિલા ઉમેદવાર મદીનાબેન નાગોરી ચૂંટાય આવ્યા હતા. ૧૯૬૨, ૧૯૭૨ અને ૧૯૮૫માં આ બેઠક પર કોંગ્રેસનું વર્ચસ્વ હતું. ૧૯૯૫થી આ બેઠક પર કેશુભાઈ પટેલના કારણે ભાજપ વધુ મજબૂત બન્યું. કનુભાઈ ભાલાળાએ પણ અહીં કમલને વધુ મજબુત પ્રદાન કરી આ બેઠક પર જનતાદળ, કેએસપી, અને જીપીપી જેવા પક્ષો પણ મેદાન મારી ચૂક્યા છે. ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ભુપતભાઈ ભાયાણીએ વિસાવદર બેઠક પરથી ચૂંટણી જંગ લડવા અને ધારાસભ્ય બન્યા તેઓએ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા આગામી ૧૯મી જુનના રોજ વિસાવદર બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન યોજવાનું છે.

જેમાં ભાજપના ઉમેદવાર કિરીટભાઈ પટેલ, આમ આદમી પાર્ટીના ગોપાલભાઈ ઈટાલીયા અને કોંગ્રેસના નીતીનભાઈ રાણપરિયા વચ્ચે જંગ છે હવે વિસાવદરના મતદારો પોતાનો મિજાજ બદલશે કે યથાવત રાખશે તેના પર મદાર છે. આ બેઠક પર ૨,૫૮,૧૦૪ મતદારો છે. જેમાં ૧,૩૪,૮૭૦ પુરૂષ મતદાર અને ૧,૨૩,૨૩૨ મહિલા મતદાર છે.

આ બેઠક પર સૌથી વધુ ૧,૩૫,૦૦૦ પાટીદાર મતદારો છે. જેનો સિધ્ધો અર્થ એવો થાય છે કે પાટીદારો જેના પર રિઝે તેનો રાજકીય સુર્યાદય થાય પરંતુ આ બેઠક પર પાટીદાર સમાજે ક્યારેય કોઈ એક પાર્ટી પર સતત પ્રેમ વરસાવવાનું ચાલુ રાખ્યું નથી. તમામને આવકાર્યા છે. અને સમય આવતા જાકારો પણ આપી દીધો છે. બીજા ક્રમે ૨૧૦૦૦ દલીત મતદારો, ત્રીજા ક્રમે ૨૦૦૦૦ કોળી, મતદારો અને ચોથા ક્રમે ૧૨૦૦૦ જેટલા મુસ્લિમ મતદારો છે.

વિસાવદર બેઠક પર ત્રિપાંખીયો જંગ છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ અહી પાટીદાર સમાજને ટિકીટ આપી છે હવે જ્યારે મતપેટી (ઈવીએમ) ખુલશે ત્યારે ખબર પડશે કે વિસાવદરવાસીઓ કોના પર રિઝયા છે. કોઈપણ રાજકીય પંડિત આ બેઠક અંગે સચોટ આગાહી કરતો નથી. ભરેલા નાળીયેર જેવી સ્થિતિ છે. ત્રણેય પક્ષો એડી ચોટીનું જોર લગાવી રહી છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

**મુખ્યમંત્રી...**

તેની સામે મોદીએ ૧૧ નંબરથી ૪ નંબર સુધી દેશની અર્થવ્યવસ્થા આગળ ધપાવી છે અને આવનાર દિવસમાં ત્રીજા નંબર ની અર્થવ્યવસ્થા દેશ બનવા જઈ રહ્યુ ઓપરેશન સિંદુર થકી પાકિસ્તાનમાં રહેલા ૯ આતંકી સેન્ટરોને નાશ કરવામાં આવ્યા જેમાં ૧૦૦ થી વધુ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. ભારતીય સેના સ્વદેશી શસ્ત્રોથી સજ્જ બની છે. મોદી સાહેબના નેતૃત્વમાં ભારત કોઈ પણ આતંકી ઘટનાને સહન નથી કરતુ બદલામાં જડબાતોડ જવાબ આપે છે. ઓપરેશન સિંદુર થી આપણે મેસેજ આપ્યો છે કે ભારત ફક્ત વિકસીત નથી થયુ પરંતુ ભારત સ્વતંત્ર રીતે પોતાનો બચાવ કરવા પોતાના જ દેશમાં નિર્માણ થયેલા શસ્ત્રો સાથે દુશ્મોને જવાબ આપી શકે ઉજવલા યોજના હેઠળ ૧૦ કરોડ થી વધારે ગેસ કનેકશન મફત આપવામાં આવ્યા છે. દેશની મહિલાઓને સુરક્ષા પુરી પાડવા પણ તમામ પ્રકારના પ્રયાસો કરવામાં આવ્યા છે. નળથી જળ યોજના હેઠળ ૨૫ કરોડથી વધુ મહિલાઓને રાહત મળી છે. ભારત આજે વિકસીત ભારત બનવા આગળ વધી રહ્યુ છે. આજે ૧૦૦ ટકા ઘરોમાં વિજ કનેકશન પહોંચ્યું છે,ભુપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, વિશ્વનેતા અને વડાપ્રધાનશ્રીના ૧૧ વર્ષના કાર્યકાળને પુર્ણ થવા બદલ ગુજરાત અને ગુજરાતની જનતા વતી ખુબ ખૂબ અભિનંદન પાઠવું છું. ૧૧ વર્ષનો કાર્યકાળ ૧૪૦ કરોડ દેશવાસી માટે વિકાસનો દસક બન્યો છે. સર્વસમાવેશ,નિરંતર અને સતત પ્રગતીશીલ વિકાસથી દેશના સામાન્ય વ્યક્તિ નો સરકાર પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. દેશની આઝાદીના ૭ દાયકા પછી ૨૦૧૪મા પહેલા વડાપ્રધાન મળ્યા કે જેમને રાષ્ટ્રહિત પ્રથમ અને અંત્યોદયના ઉત્થાન સાથે સૌનો સાથ સૌનો વિકાસ સૌનો પ્રયાસ સૌનો વિશ્વાસ ના કાર્યમંત્ર સાથે કાર્ય કર્યુ છે. મોદી સાહેબે સાશન સંભાળતા જ કહ્યુ હતું કે તેમની સરકાર ગરિબ.વંચિત,પિડિત,શોષિત અને અંત્યોદયના કલ્યાણને પ્રાથમિકતા આપતી સરકાર રહેશે. ગુજરાતના સપુત મોદી સાહેબે એક પછી એક જનહિતના નિર્ણય અને કાનુની સુધારાના કામો પુર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે .આજે દસ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. મોદી સાહેબના મહિલા કલ્યાણ અભિગમને કારણે ગુજરાતમાં સાડા ચાર લાખ બહેનો લખપતી દીદી બની છે. રાજ્યમાં પ્રવાસન અને સંસ્કૃતિકને વેગ મળ્યો છે. ૧૧ વર્ષનો કાર્યકાળ દેશના વિકાસનો સુવર્ણ કાળ બન્યો છે ગરિબિ ઘટી છે અને વિકાસના નવા નવા આયામો સિદ્ધ થયા છે. મોદીના નેતૃત્વમાં વિકસીત ભારત ૨૦૪૭મા પણ ગુજરાતને વિકાસના કામોની નવી દિશા મળતી રહેશે તેવો વિશ્વાસ છે.પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, કિસાન મોરચાના પ્રમુખ તેમજ સંકલ્પથી સિદ્ધી અભિયાનના ઈન્ચાર્જશ્રી હિતેષભાઈ પટેલ,સહ ઈન્ચાર્જ વિમલભાઈ કગથરા,પ્રદેશ મીડિયા કન્વીનર ડો.યજ્ઞેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.

**એસટી બસો...**

દ્વારા સર્વિસનો લાભ લઈ શકશે. યાત્રા સંબંધિત વધુ માહિતી કે પ્રશ્નો માટે એસટી નિગમનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ **24x7** ઉપલબ્ધ રહેશે. પરીક્ષાને સુચારૂ અને વ્યવસ્થિત બનાવવા માટે રાજ્ય સરકાર અને તંત્ર દ્વારા પ્રયાસો ચાલુ છે. એમાં આ પરીક્ષા દિવસે પરિવહન વ્યવસ્થાને મજબૂત બનાવવાનો નિર્ણય મહત્વપૂર્ણ સહાયરૂપ સાબિત થશે.

(ચોથા પાનાનું ચાલુ)

**મુખ્યમંત્રી...**

હતું કે, દેશના વડાપ્રધાન તરીકે છેલ્લા ૧૧ વર્ષમાં નરેન્દ્રભાઈ મોદીએ ગામડાઓને સમૃદ્ધ બનાવવાનો નિર્ધાર કર્યો હતો. તેમના આ વિઝનને પરિપૂર્ણ કરવામાં સહકાર વિભાગ પોતાનું મહત્તમ યોગદાન આપી રહ્યો છે. વડાપ્રધાનના સક્ષમ નેતૃત્વ હેઠળ બનેલા અલાયદા સહકાર મંત્રાલયે ખૂબ જ ટૂંકા ગાળામાં સહકારી ક્ષેત્રના વિકાસ માટે ૫૪થી વધુ નવતર પહેલો હાથ ધરી છે.

આ પ્રસંગે ગુજરાત સરકારના સહકાર વિભાગના સચિવ સંદીપ કુમાર, પ્રગતિશીલ સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ, દૂધ સંઘ અને જિલ્લા સહકારી બેંકના પદાધિકારીઓ તેમજ સહકાર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ધારાસભ્ય રાદડીયા...**

પોતાના સ્વાગત સંબોધનમાં સમગ્ર પરિવારને ઉર્મિયુક્ત વાણીમાં એકતા જાળવવાનો સંદેશ આપ્યો અને ખાસ કરીને વિદ્યાર્થીઓને સમયના મહત્વની ટકોર કરી. તેમણે કહ્યું કે, ''ભવિષ્યનો આધાર બાળકો છે, અને આપણે તેમને શિક્ષણના માધ્યમથી સશકત બનાવવો પડશે. સમાજની અંદર સનદી અધિકારીઓ, શિક્ષકો અને નેતાઓ ઊભા કરવા માટે શિક્ષણ જ એકમાત્ર રસ્તો છે.''

કાર્યક્રમ દરમ્યાન પરિવારની દીકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો જેમાં નૃત્ય અને વાર્તાલાપ દ્વારા સૌના દિલ જીતી લીધા. ખાસ કરીને બાળ વક્તા હરિયાળી ચોવટીયા દ્વારા બોલાયેલા ભાવસભર શબ્દોએ સમગ્ર સ્ટેજને મૌન અને ભાવનામાં ભીંજવ્યું. પરિવારના સદસ્યો દ્વારા દીકરીના આ આત્મવિશ્વાસ અને વકતૃત્વને બિરદાવીને સન્માન પણ કરાયું.

આ પ્રસંગે ચોવટીયા પરિવારની નવી પહેલરૂપે તૈયાર કરાયેલી મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું. તેનો ઉદ્દઘાટન ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી અને જેતપુર-જામકંડોરણાના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાના હસ્તે કરવામાં આવ્યું. તેઓએ સમગ્ર પરિવારના સંગઠન અને શિક્ષણ માટેની દિશામાં ચાલેલા આ પ્રયાસોને ખૂબ જ બિરદાવ્યા અને કહ્યું કે, ''આવા કાર્યક્રમો પરિવારમાં નવી ઊર્જા અને ભવિષ્ય માટે નવી દિશા આપે છે.''

પ્રસંગે દાતાઓ, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને યોગદાન આપનારા સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખૂબ જ ઉમંગભેર અને હૃદયસ્પર્શી રીતે શ્રી હાર્દિકભાઈ સોરઠીયા દ્વારા કરવામાં આવ્યું. તેમણે સમગ્ર પરિવારને એકજ દોરીથી જોડ્યો અને મંચને જીવંત બનાવી દીધો.

આ કાર્યક્રમની સફળતા પાછળ સૌ કાર્યકર્તાઓનો અવિસ્મરણીય યોગદાન રહેલું છે, જેમણે મન, સમય અને મહેનત ઊમેરી સમારંભને યાદગાર બનાવ્યો. તેમના નેજા હેઠળ સમગ્ર આયોજન સુસંગત રીતે પાર પડ્યું અને એકતા, વ્યવસ્થા અને પારદર્શકતાનો સરસ સંદેશનાં ઊંડા છાપ છોડી ગયો.

આ ભવ્ય સમારોહમાં હજારોની સંખ્યામાં પરિવારજનો હાજર રહ્યા અને સૌએ એકતા, આત્મિયતા અને સંકલ્પશક્તિનો અનોખો અનુભવ કર્યો. આ સમારોહ માત્ર એક મેળાવો નહીં, પણ એક ઉત્સવ હતો – પરિવારના ભવિષ્યના નવો અધ્યાય શરૂ કરવાનો સંકલ્પ.

**ડો. હિમાંશુ ઠક્કર...**

મંદિરએ આપેલ, કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાને પરસોત્તમ રૂપાલા અતિથિ વિશેષ તરીકે રામભાઈ મોકરીયા (સંસદ સભ્ય,રાજ્યસભા), ડો. દર્શિતાબેનશાહ(ધારાસભ્ય), મનિષભાઈ માદેકા (રોલેક્સ રિંગ્સ), પંકજભાઈ વરાસડા (ઓર્બિટ બેરિંગ્સ), ડો. અમિત હપાણી (પૂર્વ ઉપપ્રમુખ આઈએમએ ગુજરાત) ડો. નીતાબેન ઠક્કર, ડો. જનકભાઈ ઠક્કર, હિરેનભાઈ સોઢા, મૌલેશભાઈ ઉકાણી(બાન લેબ્સ), ડો. અતુલ પંડયા (પૂર્વ પ્રમુખ આઈએમએ ગુજરાત), ડો. ભરત કાકડીયા (તત્કાલીન પૂર્વપ્રમુખ આઈએમએ ગુજરાત) ડો. જયેશ ડોબરિયા, (પ્રમુખ આઈએમએ રાજકોટ) તે ઉપરાંત અનેક સામાજિક અગ્રણીઓ, ડોક્ટરો, પ્રખર ભાગવત કથાકાર કનૈયાલાલ ભટ્ટ વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય અને સ્વાગત પ્રવચન સામાજિક અગ્રણી શ્રી મહેશ નગદિયા એ કરેલ પુસ્તક વિશે માહિતી ડો હિમાંશુ ઠક્કરે આપેલ.

**સ્વ. સરયુબેન શેઠ...**

જગદીપભાઈ દોશી, બીપીનભાઈ મહેતા, દિલીપભાઈ મહેતા, ગિરીશભાઈ, શેઠ ઉપાશ્રય જૈન સંઘમાં નીતિનભાઈ દોશી, જગદીશભાઈ ગોસલિયા, રમેશભાઈ શેઠ, દિનેશભાઈ ટીંબડીયા, વિજયભાઈ આશરા તેમજ મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ-શેઠ પૌષધશાળામાં પ્રદીપભાઈ મહેતા, સતીશભાઈ મહેતા, જયદતભાઈ સંઘાણી અને સચિનભાઈ સંઘવી વિગેરે કાયકર્તાઓએ ચોપડા વિતરણમાં સેવા આપી હતી.

(૧૧ પાનાનું ચાલુ)

**શૈક્ષણિક સત્રના પ્રારંભે જ મુશ્કેલીનો પહાડ**

સ્ટેશનરી વેપારીઓ પણ આ પરિસ્થિતિથી પરેશાન છે. તેઓ ગ્રાહકોને પુસ્તકો પૂરા પાડી શકતા નથી, જેના કારણે તેમને નુકસાન થઈ રહ્યું છે અને ગ્રાહકોનો અસંતોષ પણ વધી રહ્યો છે. ઘણા વેપારીઓ પાસે પૂરતો સ્ટોક ન હોવાથી તેઓ ધંધો કરી શકતા નથી.આ પરિસ્થિતિનો ત્વરિત ઉકેલ લાવવો અત્યંત જરૂરી છે. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે યુદ્ધના ધોરણે પ્રિન્ટિંગ, બાઈન્ડિંગ અને પેકિંગનું કાર્ય પૂર્ણ કરીને રાજકોટ સહિતના તમામ જિલ્લાઓમાં તાત્કાલિક પુસ્તકોનો પૂરતો પુરવઠો પહોંચાડવો જોઈએ. જો આ સમસ્યાનો વહેલી તકે નિવેડો નહીં આવે, તો હજારો વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય પર ગંભીર અસર પડી શકે છે. સરકાર અને સંબંધિત અધિકારીઓએ આ બાબતને ગંભીરતાથી લઈને તાત્કાલિક પગલાં લેવા જોઈએ જેથી વિદ્યાર્થીઓનો કિંમતી સમય બરબાદ ન થાય અને તેઓ નિર્વિઘ્ને પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે.

(૧૨માં પાનાનું ચાલુ)

**પુજીત રૂપાણી ટ્રસ્ટ**

વિનામૂલ્યે નિદાન તથા સારવાર મેળવી શકાય છે. આ ઉપરાંત ટ્રસ્ટમાં રાહતદરે લેબોરેટરી, એકસ-રે તથા ફિઝીયોથેરાપીની સુવિધાઓ ઉપલબ્ધ છે.

ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાં ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ રૂપાણી, અંજલિબેન રૂપાણી, રંજનબેન રૂપાણી મહેશભાઈ ભટ્ટ, મેહલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી તથા અમીનેશભાઈ રૂપાણી સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટની મેડીકલ કમિટીના મેમ્બર્સ અંજલિબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ,દિવ્યેશભાઈ પટેલ, બિપીનભાઈ વસા તથા શૈલેષભાઈ લોટીયા કાર્યરત છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫/ ૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાંજણાવાયું છે.

**રાકેશ શાહ**

માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ બેઠકમાં આણંદના પ્રભારી અને પૂર્વ ધારાસભ્ય રાકેશભાઈ શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, આ કાર્યક્રમના પ્રબંધક અને સંયોજક શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા, વિધાનસભામાં આવતા વોર્ડના પ્રમુખો સહિત તમામ શકિતકેન્દ્રના સંયોજકો તેમજ વિધાનસભાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

**બોમ્બ વિસ્ફોટ**

હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે બપોરે ૧.૪૫ વાગ્યા પછી કોર્ટની પ્રવૃત્તિ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. રજિસ્ટ્રાર જનરલ દ્વારા સહી કરાયેલી ઔપચારિક નોટિસમાં વકીલો અને કોર્ટ કર્મચારીઓને અવિરત સુરક્ષા નિરીક્ષણની સુવિધા માટે પરિસર ખાલી કરવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે, સર્ચ દરમિયાન કંઈપણ શંકાસ્પદ સામગ્રી મળી નથી. જો કે, તેમણે જણાવ્યું હતું કે, કોર્ટ પરિસરમાં હાજર બધા માટે સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતીનાં પગલાં જરૂરી છે. કોઈ ભૌતિક ઉપકરણ ન મળ્યું હોવા છતાં, દિવસભર સુરક્ષા હાજરી યથાવત રહી હતી.

પોલીસે જણાવ્યું હતું કે કોઈપણ ઘટનાને પહોંચી વળવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડને હાઈકોર્ટમાં બોલાવવામાં આવી હતી. સોલા પોલીસે ઈમેઈલના મૂળ શોધવા માટે તપાસ શરૂ કરી છે.હજુ સુધી કોઈ શંકાસ્પદ વ્યક્તિની ઓળખ થઈ નથી.

ઉલ્લેખનીય બાબત છે કે, છેલ્લા એક માસમાં ગુજરાતમાં ચાર વાર બોમ્બ વિસ્ફોટની ધમકીઓ આપવામાં આવી છે. અગાઉ ૭ મેના રોજ જેકે પાકિસ્તાન નામના ઈમેઈલ આઈડી પરથી મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમને ઉડાવી દેવાની ધમકી મળી હતી. બાદના ૩ જૂને અમદાવાદની જીનીવા સ્કૂલને, ૪ જૂને ઈન્ડિગો ફ્લાઈટને ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી.

**રોહિતકુમાર**

હેબિટેટમાં નાયબ કાયમી પ્રતિનિધિ તરીકે પણ ફરજ બજાવી હતી. ઓખાના દરિયાકાંઠાના શહેરથી લા પાઝના ઉચ્ચપ્રદેશ સુધીની તેમની આ 'અનન્ય' યાત્રા સિવિલ સેવામાં જોડાવા માટેના તેમના નિર્ધારને દર્શાવે છે. પોરબંદરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એલએલબી અને ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા એમએ ની ડિગ્રી મેળવ્યા બાદ, તેમણે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા) માંથી સિવિલ સેવા પરીક્ષાઓની તૈયારી કરી હતી.

અમદાવાદમાં સિવિલ સેવાઓની તૈયારી દરમિયાન, વઢવાનાને તેમના જીવનસાથી ફેમિદા શેખ મળ્યા અને બંનેએ લગ્ન કર્યા. આંતર-ધાર્મિક લગ્નના પડકારોનો સામનો કરવા માટે તેમણે એક વર્ષનો વિરામ પણ લીધો હતો. આ દંપતી હાલમાં લા પાઝમાં નવા મિત્રો બનાવી રહ્યા છે, જ્યારે વઢવાનાનો પરિવાર, જેમાં તેમના માતાપિતા અને બહેનનો સમાવેશ થાય છે, હજુ પણ ઓખામાં રહે છે.

રોહિતકુમાર વઢવાનાએ જણાવ્યું હતું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય બોલિવિયામાં ભારતની સોફ્ટ અને હાર્ડ પાવરને પ્રોત્સાહન આપવાનો છે. ''આજે આ મહત્વપૂર્ણ છે કારણ કે બોલિવિયા આ વર્ષે તેની સ્વતંત્રતાના ૨૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે, અને ભારતે અહીં રાજદ્વારી મિશન ખોલવું એ દ્વિપક્ષીય સંબંધોમાં પ્રતીકાત્મક રીતે ઉચ્ચ બિંદુ છે,'' તેમણે કહ્યું. ભારત અને બોલિવિયા વચ્ચેનો વેપાર, જે ગયા નાણાકીય વર્ષમાં લગભગ ૨.૩ બિલિયનનો હતો, તે બોલિવિયાથી સોનાની નિકાસ પરના પ્રતિબંધને કારણે અડધા અબજ ડોલરથી ઓછો થઈ ગયો છે. રાજદૂત તરીકે, તેઓ દ્વિપક્ષીય વેપાર વધારવા અને માળખાગત સુવિધાઓ, ખાણકામ, ખનિજો અને ઊર્જા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કટિબદ્ધ છે.

**ફાર્મસી કોલેજો**

આવશે. ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીનું ફાઈનલ મેરીટલીસ્ટ અને મોક રાઉન્ડનું પરિણામ આગામી ૧૭મી જૂનના રોજ જાહેર કરવામાં આવશે. હાલની સ્થિતિમાં ફાર્મસીની સરકારી કોલેજોમાં ૬૮૯૭ અને મેનેજમેન્ટ કવોટાની ૪૮૪૭ બેઠકો મળીને કુલ ૧૪૬ કોલેજોમાં ૧૧૬૮૪ બેઠકો ઉપલબ્ધ છે. પ્રવેશ સમિતિ દ્વારા મોક રાઉન્ડમાં ૬૮૯૭ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મેનેજમેન્ટ કવોટાની ૪૮૪૭ બેઠકો પર જે તે સ્વનિર્ભર કોલેજ દ્વારા પોતાની રીતે કાર્યવાહી કરવામાં આવશે. આગામી દિવસોમાં હજુ કેટલીક નવી કોલેજને પણ મંજુરી મળે તેવી શક્યતાં છે. વિદ્યાર્થીઓને મોક રાઉન્ડમાં વધુમાં વધુ કોલેજોની ચોઈસ ફિલિંગ કરવાની સૂચના આપવામાં આવી છે.

**ગાયત્રી ટ્રસ્ટ**

સ્કૂલના આચાર્ય અને જિલ્લા શિક્ષણ અધિકારીને પત્ર લખ્યાં છતાં કોઈ કાર્યવાહી ન થતાં ફરિયાદીએ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીનો સંપર્ક કર્યો હતો. મેનેજીંગ ટ્રસ્ટી ગુણવંતરાય ચુનીલાલ ખીરા, (ઉ.વ.૭૪,) અને હાઈસ્કૂલના ક્લાર્ક ધરમેન્દ્ર ભાનુશંકર ખીરા (ઉ.વ.૫૫) એ સાથે મળી ટ્રસ્ટના લેટરપેડમાં તમારા તમામ બિલ બરોબર છે તેમ લખવા પેટે રૂ.૩ લાખની લાંચ માંગી હતી. જે બાદ રકઝકના અંતે રૂ.૨ લાખમાં નક્કી થયું હતું.

જો કે, ફરિયાદી લાંચ દેવાં માંગતા ન હોય જેથી તેઓએ તુરંત રાજકોટ શહેર એસીબીનો સંપર્ક સાધ્યો હતો. જેથી એસીબી પીઆઈ આર.આર.સોલંકી અને ટીમે ટ્રેપ ગોઠવી હતી. જેમાં આરોપીઓએ પોતાના વાણીયાવાડીમાં આવેલ મકાને લાંચ લેવાં બોલાવ્યા હતાં અને લાંચ રૂ.૨ લાખ સ્વીકારતાં ટ્રસ્ટી ગુણવંતરાય ખીરા અને ક્લાર્ક ધર્મેન્દ્ર ખીરાને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધાં હતાં.

બંને શખ્સોની ધરપકડ બાદ સુરેન્દ્રનગર એસીબીની ટીમે તપાસ હાથ ધરી બંને આરોપીના રીમાન્ડ મેળવવા તજવીજ આદરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી ૭૪ વર્ષીય ગુણવંતરાય ખીરા અને ધર્મેન્દ્ર ખીરા સગા કાકા ભત્રીજા થાય છે.


**ડિમોલીશન**

ઓપરેશન ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આશરે ૧૫૦૦ ચોરસ મીટર જમીન પર ગેરકાયદે ખડકાઈ ગયેલા ૨૫ કાચા-પાકા મકાનો જમીનદોસ્ત કરી ૧૫ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

આ અંગે વધુ માહિતી આપતા વેસ્ટ ઝોન કચેરીના ઈન્ચાર્જ સિટી એન્જીનીયર કુંતેશ મહેતાએ જણાવ્યું હતું કે આજે સવારે વેસ્ટ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૧માં કટારિયા ચોકડી પાસે ટીપી સ્કિમ નં.૧૦ (મોટા મવા)ના અંતિમ ખંડ નં.૭૯/બીનો સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુ માટેના કોર્પોરેશનના અનામત પ્લોટ પર ૨૫ જેટલા કાચા-પાકા મકાનો ખડકાઈ ગયા હતા. જે તોડી પાડવામાં આવ્યા હતા. ૧૫૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. જેની બજાર કિંમત આશરે ૧૫ કરોડ જેવી થવા પામે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કટારિયા ચોકડી ખાતે મલ્ટીલેયર બ્રિજનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જેના માટે અલગ-અલગ પાંચ ડાયવર્ઝન પણ જાહેર કરી દેવામાં આવ્યા છે. ડાયવર્ઝનના સર્વિસ રોડ પર નડત્તર રૂપ દબાણો દૂર કરવા માટે ડિમોલીશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ચોમાસાની સિઝન પૂર્ણ થયા બાદ બ્રિજના નિર્માણ માટે ખોદકામ પણ શરૂ કરવામાં આવશે.

## દુઃખદ અવસાન

### સદ્દ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** ઔદિચ્ય ગુજરાતી સાડાચારસો બ્રાહ્મણ ઈશિત કમલેશભાઈ પંચોલી (ઉ.વ. ૨૬) તે કમલેશભાઈ પંચોલીના પુત્ર, સ્વ.જનકરાય મગનલાલ પંચોલીના પૌત્ર તેમજ જયંતભાઈના નાનાભાઈના પુત્ર તે પ્રિયંકા દીપભાઈ ભટ્ટના નાનાભાઈ તથા કલ્પેશ ચંપકલાલ ત્રિવેદી અને સોહિલ ચંપકલાલ ત્રિવેદીના ભાણેજનું તા.૯ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનુ બંને પક્ષનું બેસણું તા.૧૨ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિર, ૪-ધરમનગર કો. ઓપ. સોસાયટી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ-રાજકોટ ખાતે રાખેલ છે.

**લોધીકાઃ** રામાનંદી સાધુ કોઠાપીપળીયા નિવાસી હરેશભાઈ ભગવનદાસજી અગ્રાવત (ઉ વ.૬૪ ) તે સ્વ.ભગવાનદાસજી શામદાસજી, શાંતાબેન ના પુત્ર, સ્વ.જયંતીલાલ, મહેન્દ્રભાઈ, ચંદ્રિકાબેનના નાનાભાઈ, દિલીપભાઈ, ચેતનભાઈ, હાર્દિકભાઈ, સંજયભાઈ, સાગરભાઈ, હર્ષાબેન ના કાકા, ક્રિષ્નાબેનના પિતાનું તારીખ ૬/૬ ને શુક્રવાર ના રોજ અવસાન પામેલ છે તેમનું બેસણું તારીખ ૧૨/૬ ને ગુરુવારે, તેમજ તેમની દશા તારીખ ૧૬/૦૬ ૫ ને સોમવાર અને પાણીઢોળ તારીખ ૧૭/૦૬ ને મંગળવાર ના રોજ રાખેલ છે

**રાજકોટઃ** પોપટલાલ જીવાભાઈ કકકડના પુત્રી ઈન્દુબેન કકકડ (ઉ.વ.૭૯) નં તા. ૯-૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા. ૧૨-૬ ને રોજ સાંજે પાંચ વાગ્યાથી છ વાગ્યા સુધી રાખેલ છે. પ્રેમિલાબેન કકકડ મો. નં. ૯૬૬૨૩ ૫૭૨૨૧, ડો. હેમંતકુમાર વાર્ષનીય મો. નં. ૮૫૧૧૦ ૭૨૯૨૩ અને ડો. ચંદ્રિકાબેન વાર્ષનીય મો. નં. ૯૩૭૪૧ ૦૩૦૬૦ પર રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# એમસીએક્સને હવે ઈલેક્ટ્રીક સિટીના વાયદાની મંજૂરી

## શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જમાં વેધરના પણ વાયદા થાય છે :એમસીએક્સમાં ગોલ્ડ, સિલ્વર,ક્રુડ અને નેચરલ ગેસના વાયદાઓમાં ટ્રેડનું પ્રમાણ વધારે

**અબતક, રાજકોટ**

તાજેતરમાં જ સેબી દ્વારા એમસીએક્સને ઈલેક્ટ્રિક સીટીના વાયદાને મંજૂરી આપવામાં આવી છે.ટૂંક સમયમાં એમસીએક્સમાં ઈલેક્ટ્રીક સીટીના વાયદાઓ અને એના કોન્ટ્રાક્ટમાં ટ્રેડ થતાં જોવા મળશે. આ મંજૂરીમાં સેન્ટ્રલ ઈલેક્ટ્રીક સીટી રેગ્યુલેટરી કમિશન એટલે કે સી.ઈ.આર.સી નો પણ સાથ મળ્યા ના સમાચાર છે. ઈલેક્ટ્રીક સીટીના ભાવોને હેજ કરવા માટે આ વાયદા નો ઉપયોગ કરવામાં આવશે,તેવું જાણવા મળે છે. એમ.સી.એકસનો માર્કેટ શેર કોમોડિટીઝ ફ્યુચરના લગભગ ૯૮% હોવાની ધારણા છે.

હાલમાં એમ.સી.એકસમાં એગ્રીકલ્ચર પ્રોડક્ટ,બુલિયન એટલે કે સોના, ચાંદી, બેઝ મેટલમાં એલ્યુમિનિયમ,કોપર,ઝિંક ઉપરાંત એનર્જી વાયદાઓમાં નેચરલ ગેસ,ક્રુડ ઓઈલમાં ટ્રેડ થતા હોય છે.એગ્રી પ્રોડક્ટ ના વાયદાઓમાં બ્લેક પેપર, કેસટર.સીડ,કોટન, મેનથા ઓઈલ વગેરેના વાયદાઓની મંજૂરી એમ.સી.એકસને છે.બ્રાસ,કપાસ,પામોલીન,કોટન ઓઈલ, આલમંડ, ચણા,પોટેટો, રો જયુટ ,સોયાબીન,સુગર,ઘઉં વગેરેમાં પણ વાયદાઓમાં કામ થતા હોય છે.પરંતુ અવારનવાર સરકાર દ્વારા-સે.બી દ્વારા અમુક જાતના એગ્રીકલ્ચર વાયદાઓ ને બેન કરવામાં આવે છે. પ્રતિબંધ મૂકવામાં આવે છે અને એમ.સી.એક્સ માં પ્રતિબંધિત વાયદાઓમાં કામ થતા હોતા નથી.વિદેશના ઘણા બધા કોમોડિટીઝ એકસચેન્જમાં નુરભાડા-વેધર વગેરેના પણ વાયદાઓ માં ટ્રેડ થતા હોય છે. જે જુદા-જુદા હેતુથી કંપનીઓના રિસ્ક મેનેજમેન્ટ અને અન્ય હેતુ માટે આવા વાયદાઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. એક અંદાજ પ્રમાણે એમ.સી.એકસ વિશ્વમાં છઠ્ઠા નંબર પરનું કોમોડિટીઝ એકસચેન્જ છે.દુબઈ ગોલ્ડ એક્સચેન્જ મોખરા નું સ્થાન ધરાવે છે. જોકે ભારતમાં એમ.સી.એક્સ નંબર એક પર છે. કોરોનાના સમય વખતે ક્રૂડ જેવા વાયદાઓમાં નેગેટીવ બીલો બન્યા હતા અને ક્રૂડમાં જોરદાર મંદી જોવા મળતા કોન્ટ્રાક્ટ લેનારની ખરીદ કિંમત કરતા પણ વધારે રકમ ચૂકવવાનો વખત આવ્યો હતો.જે ટ્રેડર ની ભાષામાં નેગેટિવ કટ કહેવામાં આવે છે.



કોમોડિટીઝના ફ્યુચર ટ્રેડિંગમાં ડિલિવરી બેઈઝ વેપારનું પ્રમાણ ખૂબ જ નહિવત હોય છે અને ઘણી બધી કોમોડિટીઝ માં તો કોલ અને પુટ માં પણ કામ થતા હોય છે એટલે કે ફક્ત પ્રીમિયમ આપીને કોમોડિટીઝ નો લોટ લેવાતો હોય છે.હાલમાં એમ.સી.એક્સ માં કોલ પુટનું વોલ્યુમ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે.જે રીતે સ્ટોક એક્સચેન્જ માં કોલ પુટ ના કામ થતા હોય છે.તે જ રીતે એમ.સી.એકસમાં કોમોડિટીઝના કોલ પુટના કામ થતા હોય છે અને કોલ પુટનો વ્યાપાર પણ કરવા વાળો વર્ગ મોટો છે. પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર એમ.સી.એક્સ માં ઈલેક્ટ્રીક સિટી નો વાયદો શરૂ કરવા સેબી દ્વારા મંજૂરી આપવામાં આવી છે.વાયદો શરૂ થતા થોડો સમય લાગશે.એમસીએક્સની સ્થાપના ૨૦૦૩માં મુંબઈમાં થઈ હતી. એમ.સી.એક્સ એક લિસ્ટેડ કંપની છે.એમ.સી.એકસ નવા નવા વાયદાઓ લોન્ચ કરતી હોય છે.જે સેબી દ્વારા મંજૂર થયા પછી, કોન્ટ્રાક્ટ સાઈઝ વગેરે નક્કી થયા પછી,આવા વાયદાઓમાં ટ્રેડિંગ શરૂ થતું હોય છે. એક્સચેન્જ ના નિયમ પ્રમાણે માર્જિનની રકમ ભરીને આવા વાયદાઓમાં ટ્રેડ કરી શકાય છે. કોઈપણ કોમોડિટીઝ બ્રોકરને ત્યાં ટ્રેડિંગ એકાઉન્ટ ખોલીને ત્યાર બાદ એમ.સી.એકસ માં થતા વાયદાઓમાં ટ્રેડ કરી શકાય છે .લે વેચ પણ કરી શકાય છે.એમ.સી.એક્સ ના નક્કી કરેલા માર્જિન અને નિયમોને અનુસરીને ટ્રેડ કરી શકાય છે. સામાન્ય રીતે સ્ટોક બ્રોકરો પણ એમ.સી.એક્સ માં મેમ્બરશીપ ધરાવતા હોય છે અને શેરોની જેમ જ કોમોડિટીઝ માં પણ ટ્રેડિંગ રાઈટ મેળવી,પોતાના ગ્રાહકોને ટ્રેડિંગ-હેજિંગ કરવા માટેની સુવિધાઓ પૂરી પાડતા હોય છે.

# શા માટે અશ્વિનને ભારે દંડ સહન કરવો પડ્યો?

## તમિલનાડુ પ્રીમિયર લીગ મેચ દરમિયાન અમ્પાયર સાથે દલીલ કરવા બદલ મેચ ફીના ૩૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો

**અબતક, નવી દિલ્હી**

ભારતીય દિગ્ગજ ખેલાડી આર અશ્વિનને અમ્પાયર સાથે દલીલ કરવા અને પછી ગુસ્સો દર્શાવવા બદલ ભારે કિંમત ચૂકવવી પડી. કોઈમ્બતુરમાં ડિંડીગુલ ડ્રેગન્સ અને તિરુપુર તમિઝાન્સ વચ્ચે તમિલનાડુ પ્રીમિયર લીગ મેચ દરમિયાન બનેલી ઘટના માટે તેમને મેચ ફીના ૩૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ ખેલાડી આર સાઈ કિશોરના બોલ પર એલબીડબ્લ્યુ આપ્યા બાદ ઓન-ફિલ્ડ અમ્પાયરના નિર્ણય સાથે અસંમતિ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા, ભલે બોલ લેગ સ્ટમ્પની બહાર પિચ થયો હોય. મેચ પછી, મેચ રેફરીએ સુનાવણી હાથ ધરી. અશ્વિનને અમ્પાયરો સામે અસંમતિ દર્શાવવા બદલ ૧૦ ટકા



અને સાધનોના દુરુપયોગ માટે ૨૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો. તેમણે દંડ સ્વીકારી લીધો. ફ્લડલાઈટ્સ હેઠળ રમાયેલી આ મેચમાં અમ્પાયર કૃતિકા અને મેચ રેફરી અર્જુન કૃપાલ સિંહ હાજર હતા. ડિંડીગુલ ડ્રેગન્સના કેપ્ટન રહેલા અશ્વિન પાસે આઉટ થયા સમયે કોઈ રિવ્યૂ ઉપલબ્ધ નહોતો, કારણ કે વાઈડ-બોલ કોલ પરના બંને રેફરલ્સ પહેલાથી જ સમાપ્ત થઈ ગયા હતા. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આમાં, અશ્વિન સ્વીપ શોટ રમવાનો પ્રયાસ કરતી વખતે આઉટ આપ્યા પછી તરત જ અમ્પાયર સાથે દલીલ કરતો જોઈ શકાય છે. એટલું જ નહીં, આઉટ થયા પછી મેદાન છોડતી વખતે, અશ્વિને ગુસ્સાથી બેટથી તેના પેડ પર માર માર્યો અને પછી તેના ગ્લોવ્સ ફેંકી દીધા હતા.

# રામકથા દ્વારા સંસ્કાર નિર્માણ અને વૈશ્વિક સંસ્કૃતિનો પ્રસાર: આચાર્ય લોકેશજી

## પૂ.મોરારિબાપુના વ્યાસાસને રામકથાનું આયોજન કરાશે

**અબતક, રાજકોટ**

ઈતિહાસમાં પ્રથમ વખત જૈન આચાર્ય લોકેશજી દ્વારા ભારતમાં આવેલા પ્રતિષ્ઠિત ભારત મંડપમમાં રામકથાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં વિશ્વવિખ્યાત રામકથા વાચક પરમ પૂજ્ય મોરારી બાપૂ વ્યાસ પીઠ પરથી ભગવાન શ્રીરામના જીવનચરિત્રનું રસપાન ૧૭ થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધી નવ દિવસ સુધી કરાવશે. આ કથા વિશ્વ શાંતિ કેન્દ્ર મિશનને સમર્પિત છે અને



અહિંસા વિશ્વ ભારતીયા સંસ્થા દ્વારા આયોજિત છે, વિશ્વ શાંતિ કેન્દ્રના ઉદ્દઘાટન સમારોહ દરમિયાન શ્રીરામ કથાની જાહેરાત કરતાં પરમ પૂજ્ય મોરારી બાપૂએ જણાવ્યું હતું કે તેઓ આ મિશનની સેવા માટે નવ દિવસીય કથા દિલ્હી ખાતે કરવાની ઈચ્છા ધરાવે છે. નાલંદા યુનિવર્સિટીમાં આ અંગે વિધિવત જાહેરાત કરતાં મોરારી બાપૂએ કહ્યું કે આચાર્ય લોકેશજીએ વિશ્વ શાંતિ અને સદભાવનાનું સંદેશો વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડ્યું છે. આચાર્ય લોકેશજી સંકલ્પસિદ્ધ છે અને તેમના સંકલ્પ માટે ૧૭ થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ભારત મંડપમમાં રામકથાનું આયોજન થશે.

વિશ્વ શાંતિદૂત જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે શ્રીરામ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનો પ્રતીક છે. રામકથાના માધ્યમથી બાળકો અને યુવાનોમાં સંસ્કાર નિર્માણ અને નૈતિક મૂલ્યોનો સંચાર થશે. આ કથાથી સમાજના સંતુલિત વિકાસ સાથે સાથે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું વૈશ્વિક સ્તરે પ્રસાર અને પ્રચાર થશે અને વિશ્વવ્યાપી ચર્ચા થશે. આચાર્ય લોકેશજીએ પૂજ્ય મોરારી બાપૂ પ્રત્યે આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે દેશની રાજધાની નવી દિલ્હીના પ્રતિષ્ઠિત ભારત મંડપમમાં રામકથાના આયોજન અંગે શ્રદ્ધાળુઓમાં ખુબ ઉત્સાહ છે. આ જાહેરાત થતાં જ વિશ્વના ખૂણે ખૂણેથી શ્રદ્ધાળુઓના ફોનો તેમના પાસે આવી રહ્યાં છે.

# જામનગર- વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ બુધવારે અમદાવાદ સુધી જશે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. ૬૨૪ પર રી-ગર્ડરિંગ કાર્ય માટે ૧૧ જૂન, ૨૦૨૫ ના રોજ મેગા બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ મંડળમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. વિગતો નીચે મુજબ છેઃ ૧૧ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૧૧ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ માર્ગમાં ૫૦ મિનિટ મોડી પડશે. ટ્રેનના સ્ટોપેજ, કોચની સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વોર્ડ નં.૧૨માં ટેકનિકલ ફોલ્ડ સર્જાતા આધાર કેન્દ્ર બંધ

**અબતક, રાજકોટ**

વધુ એક વોર્ડમાં આધાર કાર્ડ કેન્દ્ર બંધ થઈ કરવાની ફરજ પડી છે.વોર્ડ નં.૩ અને ૧૬ માં આધાર કાર્ડ કેન્દ્ર છેલ્લા ઘણા દિવસોથી બંધ છે દરમિયાન વોર્ડ નંબર-૧૨માં મવડી ચોકડી સ્થિત કેન્દ્ર ખાતેની કીટમાં યાંત્રિક ક્ષતી સર્જાતા આધાર કીટ કામચલાઉ ધોરણે બંધ કરવાની ફરજ પડી છે. સબબ આ વોર્ડ ખાતેની આધાર કેન્દ્રની કામગીરી કીટ પુનઃ કાર્યરત થાય ત્યાં સુધીના સમય માટે બંધ રહેશે, જેની જાહેર જનતાને નોંધ લેવા અનુરોધ કરવામાં આવે છે, નાગરિકોને આધારની કામગીરી માટે નજીકની વોર્ડ ઓફિસ નંબર-૧૧-નાનામવા સર્કલ-મલ્ટી એક્ટિવિટી સેન્ટરની બાજુમાં તેમજ લગત ઝોન ઓફિસ-હરિસિંહજી ગોહિલ (પશ્ચિમ ઝોન) વિભાગીય કચેરી-૧૫૦ ફૂટ રીંગ રોડ-પાસે આધારની કામગીરી અર્થે મુલાકાત લેવા આથી જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વોર્ડ નં.૩ અને વોર્ડ નં. ૧૬ માં આધાર કાર્ડ કેન્દ્રના ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવતા અગાઉ આ બે વોર્ડના કેન્દ્રો બંધ કરી દેવામાં આવ્યા છે.જે કયારે શરૂ થાય તે હજી નક્કી નથી દરમિયાન હવે વોર્ડ નં.૧૨માં પણ ટેક્નિકલ ખામી સર્જાઈ છે.જેના કારણે કેન્દ્ર બંધ કરી દેવામાં આવ્યું છે.આ પ્રકારે જ્યારે ઓપરેટર સસ્પેન્ડ કરાય ત્યારે સેટ અપ વધારી બે પાંચ ઓપરેટરોને રિઝર્વ રાખવા જોઈએ.વોર્ડ વાઈઝ આધાર કાર્ડ કેન્દ્ર શરૂ કરવામાં આવતા સુવિધાઓમાં વધારો થયો હતો પરંતુ હવે કેન્દ્રો બંધ થઈ રહ્યા છે.જેના કારણે હાલાકી વધી રહી છે.

# શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં બાળકના નામ પાછળ અટક લખવા સૂચના

## અપાર આઈડી, આધાર કાર્ડ અને એલસી સહિતના તમામ ડોક્યુમેન્ટમાં એકરૂપતા જળવાઈ રહે તે માટે લેવાયો નિર્ણય

**અબતક, રાજકોટ**

ગુજરાત બોર્ડ હેઠળની રાજ્યની તમામ સ્કૂલોમાં આજે ૯મી જૂનથી નવું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂ થયું છે, ત્યારે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને જૂન ૨૦૨૫થી શાળા છોડયાનું પ્રમાણપત્ર (કઈ) આપતી વખતે હવેથી અટક પાછળ લખવા અંગે ગુજરાત શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે.

આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં બાળક એક શાળામાંથી બીજી શાળામાં પ્રવેશ મેળવે તે સમયે તેને જે-તે શાળામાંથી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ/શાળા છોડયા બાબતનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ લીવિંગ સર્ટિફિકેટમાં બાળકનું નામ, પિતા, માતાનું નામ, અટક,જન્મતારીખ જેવી મહત્ત્વની માહિતીની નોંધ કરવામાં આવે છે.હાલમાં અપાર આઈડીની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત આધારકાર્ડ સાથે બાળકોના નામ માર્પિંગ કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. આ બાબત ધ્યાને લેતાં હવે આગામી શૈક્ષણિક સત્ર જૂન ૨૦૨૫થી શરૂ થઈ રહ્યું છે, ત્યારે જે બાળકોને લીવિંગ સર્ટિફિકેટ આપવામાં આવે તેમજ શાળામાં નવો પ્રવેશ મેળવતા બાળકોના જનરલ રજિસ્ટરમાં નામ નોંધણી કરવામાં આવે તેવા બાળકનું આખું નામ લખવામાં નામને અંતે અટકનો ઉલ્લેખ કરવામાં આવે તે જરૂરી છે, જેથી અપાર આઈડી, આધારકાર્ડ અને કઈ જેવા તમામ ડોક્યુમેન્ટમાં નામની એકરૂપતા જળવાઈ રહે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આગામી શૈક્ષણિક સત્ર જૂન ૨૦૨૫થી જે બાળકોને સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ આપવામાં આવે તેમજ સ્કૂલમાં પ્રવેશ મેળવતા બાળકોના જનરલ રજિસ્ટરમાં નામ નોંધણી કરવામાં આવે તેમાં બાળકનું આખું નામ લખવામાં નામના અંતે અટકનો ઉલ્લેખ કરવામાં આવે તે અંગે તથા અપાર આઈડી, આધાર કાર્ડ અને એલસી તમામ ડોક્યુમેન્ટમાં નામની એકરૂપતા જળવાઈ રહે તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું છે.

# ચીન-તિબેટ સરહદ પર આવેલા સમુદ્રથી ૪૦૦૦ મીટર ઊંચાઈએ બરફ આચ્છાદિત પ્રવાસન સ્થળો ઉપર લોકો જઈ શકશે!!!

## આધારકાર્ડ પર દર કલાકે ૩૦ અને દિવસમાં ૨૧૦ પ્રવાસીઓને મંજૂરી અપાશેઃ ફોટોગ્રાફ્સ લેવા પર પ્રતિબંધ રહેશે

**અબતક, રાજકોટ**

સરકારે પ્રવાસનને વેગ આપવા અને સરહદી વિસ્તારોના વિકાસ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ભારત અને તિબેટ વચ્ચેની સરહદ પર, હિમાચલ પ્રદેશના રમણીય કિન્નૌર જિલ્લામાં, સમુદ્ર સપાટીથી ૪,૦૦૦ મીટર (લગભગ ૧૩,૧૨૩ ફૂટ)ની ઊંચાઈ પર સ્થિત, શિપકી લા પાસ હવે પ્રવાસીઓ માટે ખુલ્લો મુકાઈ રહ્યો છે. શિયાળાના મહિનાઓમાં મોટાભાગે બરફથી ઢંકાયેલો અને દુર્ગમ રહેતો આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પર્વતીય માર્ગ, જે ભારત અને ચીન વચ્ચેના જૂના વેપાર માર્ગ તરીકે જાણીતો છે, તે હવે સાહસિકો અને પ્રકૃતિ પ્રેમીઓ માટે એક નવું આકર્ષણ બનશે. આ પહેલ હિમાચલ પ્રદેશમાં પ્રવાસનને વેગ આપવા અને સરહદી વિસ્તારોના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

શિપકી લા પાસ, જે સમુદ્ર સપાટીથી ૪,૦૦૦ મીટરની ઊંચાઈએ મનોહર કિન્નૌર જિલ્લામાં આવેલો છે, તે ભારત અને તિબેટ વચ્ચેના જૂના વેપાર માર્ગ તરીકે જાણીતો છે. આ વિસ્તારમાં ભારતીય સેના અને ભારત-તિબેટિયન બોર્ડર પોલીસ (આઈટીબીપી) દ્વારા કડક દેખરેખ રાખવામાં આવે છે. અત્યાર સુધી, આ પાસ ફક્ત સ્થાનિક રહેવાસીઓ અને ભારત અને તિબેટ વચ્ચેના મર્યાદિત વેપાર માટે જ ખુલ્લો હતો. જોકે, સંરક્ષણ કર્મચારીઓ અને આઈટીબીપી સાથેના સહયોગથી, હિમાચલ પ્રદેશ સરકારે પ્રવાસીઓ અને સાહસિક ઉત્સાહીઓ માટે તેના દરવાજા ખોલવાનો નિર્ણય કર્યો છે. આ નવી નીતિ હેઠળ, કોઈપણ ભારતીય નિવાસી માન્ય આધાર કાર્ડ રજૂ કર્યા પછી શિપકી લા પાસની મુલાકાત લઈ શકશે. જોકે, પ્રવાસીઓની સંખ્યાને નિયંત્રિત કરવા માટે સેના દ્વારા મર્યાદા નક્કી કરવામાં આવી છે. પ્રારંભિક યોજના મુજબ, દર કલાકે ૩૦ પ્રવાસીઓ અને દિવસમાં કુલ ૨૧૦ પ્રવાસીઓને મંજૂરી આપવામાં આવશે. પ્રવાસીઓને સરહદ ચેકપોસ્ટ સુધી જવા અને પાછા આવવાની મંજૂરી મળશે, પરંતુ વ્યૂહાત્મક ચોકીઓના ફોટોગ્રાફ્સ લેવા પર પ્રતિબંધ રહેશે.

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ આ નિર્ણયને કિન્નૌરના લોકો માટે એક મોટું પગલું ગણાવ્યું છે. તેમણે જણાવ્યું કે, ''અમે છેલ્લા દોઢ વર્ષથી સંરક્ષણ મંત્રાલય સાથે સરહદી વિસ્તારોને પર્યટન માટે પ્રતિબંધિત રીતે ખોલવા માટે કામ કરી રહ્યા છીએ. અમે પહેલા શિપકી લા પાસ ખોલીશું. અગાઉ, આ વિસ્તાર માટે પરમિટની જરૂર હતી. અમને આના કારણે વધુ પ્રવાસીઓ આવવાની અપેક્ષા છે.''

આ પહેલનો એક રસપ્રદ પાસું એ છે કે, પ્રવાસીઓ ભારતીય ચેકપોસ્ટના ઊંચા સ્થાનને કારણે ચીની ચેકઆઉટ અને ચીની પ્રદેશની અંદરના રસ્તાઓ પણ જોઈ શકશે. મુખ્યમંત્રી સુખુએ ભારપૂર્વક જણાવ્યું કે, ''આ ફક્ત પહેલું પગલું છે. અમે ભારત-ચીન સરહદ પર વધુ વિસ્તારો ખોલીશું.'' હિમાચલ સરકાર હવે સ્પીતિ જિલ્લામાં કૌરિક અને રંગ્રિક વિસ્તારોને પણ પ્રવાસીઓ માટે ખોલવા તરફ કામ કરી રહી છે. શિપકી લા પાસ, શિયાળાના મહિનાઓ દરમિયાન મોટાભાગે બરફથી ઢંકાયેલો અને દુર્ગમ રહે છે. જોકે, રાજ્ય સરકારે હવે ઉનાળાના મહિનાઓનો ઉપયોગ પ્રવાસન માટે આ વિસ્તાર ખોલવા માટે કરવાનો નિર્ણય લીધો છે, જેથી પ્રવાસીઓ આ મનોહર સ્થળની સુંદરતાનો અનુભવ કરી શકે. આ પગલું હિમાચલ પ્રદેશમાં પ્રવાસનને નોંધપાત્ર વેગ આપશે અને સરહદી વિસ્તારોના આર્થિક વિકાસમાં ફાળો આપશે તેવી અપેક્ષા છે. આ સાથે, પ્રવાસીઓને ભારતના આ વ્યૂહાત્મક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા વિસ્તારને નજીકથી જોવાની અનોખી તક મળશે.

# વિશ્વના ઓટો માંધાતાઓ ચીનની મેગ્નેટ રોકને લઈ ચિંતિત !!!

## ઓટોમેકર્સ અને પાર્ટ્સ સપ્લાયર્સ મેગ્નેટના વૈકલ્પિક સ્ત્રોતો શોધવા માટે તલપાપડ બન્યાં: કાર માટે જરૂરી ચુંબક ઉત્પાદનના લગભગ ૯૦% પર ચિનનું નિયંત્રણ

**અબતક, રાજકોટ**

ચીન દ્વારા પૃથ્વીના દુર્લભ ખનિજોના નિકાસ પર લાદવામાં આવેલા કડક પ્રતિબંધોને કારણે વૈશ્વિક ઓટોમોબાઈલ ઉદ્યોગમાં ભારે ચિંતા વ્યાપી છે. આ પ્રતિબંધોને કારણે નવી સપ્લાય ચેઈન પર કટોકટીનો ભય ઊભો થયો છે, કારણ કે કાર નિર્માણ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા ચુંબકોના વૈકલ્પિક સ્ત્રોતો મર્યાદિત છે. જર્મન મેગ્નેટ ઉત્પાદક મેગ્નોસ્ફિયરના સીઈઓ ફ્રેન્ક એકાર્ડના જણાવ્યા અનુસાર, ''સંપૂર્ણ કાર ઉદ્યોગ ગભરાટમાં છે.'' અને ''તેઓ કોઈપણ કિંમત ચૂકવવા તૈયાર છે.

ચીનના આ પ્રતિબંધોને કારણે ઓટોમેકર્સ અને પાર્ટ્સ સપ્લાયર્સ મેગ્નેટના વૈકલ્પિક સ્ત્રોતો શોધવા માટે તલપાપડ બન્યા છે. કેટલાક અધિકારીઓએ એકાર્ડને જણાવ્યું છે કે જો બેકઅપ મેગ્નેટ સપ્લાય નહીં મળે તો તેમની ફેક્ટરીઓ જુલાઈના મધ્ય સુધીમાં બંધ થઈ શકે છે. આ સ્થિતિ પાંચ વર્ષમાં ત્રીજી વખત સપ્લાય ચેઈનમાં અડચણ બની શકે છે. અગાઉ, ૨૦૨૧ થી ૨૦૨૩ દરમિયાન સેમિકન્ડકટરની અછત અને ૨૦૨૦ માં કોરોનાવાયરસ રોગચાળાને કારણે ઓટોમોબાઈલ ઉત્પાદનમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જણાવ્યું હતું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે દુર્લભ પૃથ્વી ખનિજો અને ચુંબકોને યુનાઈટેડ સ્ટેટ્સમાં મોકલવા માટે સંમતિ આપી છે. જોકે, ચીન-કેન્દ્રિત યુએસ થિંક ટેન્ક, રોડિયમ ગ્રુપના સલાહકાર નોહ બાર્કિનના મતે, યુરોપિયન યુનિયન દ્વારા રેર-અર્થ(દુર્લભ ખનિજ) સ્ત્રોતોને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલી પહેલો પૂરતી ઝડપથી આગળ વધી નથી. આ કટોકટીઓએ ઉદ્યોગને તેની સપ્લાય ચેઈન વ્યૂહરચનાઓને મજબૂત કરવા પ્રેરિત કર્યા હતા. અધિકારીઓએ મુખ્ય ઘટકો માટે બેકઅપ સપ્લાયને પ્રાધાન્ય આપ્યું હતું. તેમ છતાં, એકાર્ડના મતે, ''ભૂતકાળમાંથી કોઈ



શીખ્યું નથી,'' કારણ કે ઉદ્યોગ ચીનના બજાર પર વધુ પડતી નિર્ભરતા ધરાવે છે. ચીન વૈશ્વિક રેર-અર્થ માઈનિંગના ૭૦% સુધી, રિફાઈનિંગ ક્ષમતાના ૮૫% અને રેર-અર્થ મેટલ એલોય અને ચુંબક ઉત્પાદનના લગભગ ૯૦% પર નિયંત્રણ ધરાવે છે, એમ કન્સલ્ટન્સી એલિકસપાર્ટનર્સે જણાવ્યું છે. આજે કારમાં ડઝનબંધ ઘટકો જેમ કે સાઈડ મિરર્સ, સ્ટીરિયો સ્પીકર્સ, ઓઈલ પંપ, વિન્ડશિલ્ડ વાઈપર્સ અને સેન્સર માટે રેર-અર્થ આધારિત મોટર્સનો ઉપયોગ થાય છે. સરેરાશ ઈલેક્ટ્રિક વાહન લગભગ ૦.૫ કિલો (૧ પાઉન્ડથી વધુ) રેર-અર્થ તત્વોનો ઉપયોગ કરે છે, જ્યારે અશ્મિભૂત ઈંધણ કાર તેના અડધા ભાગનો ઉપયોગ કરે છે, એમ ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ જણાવ્યું છે.

ઓટોમેકર્સ હવે રેર-અર્થ મેગ્નેટ માટે ચીનથી દૂર રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે, અથવા એવા ચુંબક વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેને આ તત્વોની જરૂર નથી. જનરલ મોટર્સ અને બીએમડબલ્યુ સહિતના ઓટોમેકર્સ અને ઝેડએફ અને બોર્ગવાર્નર જેવા મુખ્ય સપ્લાયર્સ ઓછા કે શૂન્ય રેર-અર્થ સામગ્રી સાથે મોટર્સ પર કામ કરી રહ્યા છે. આ ક્ષેત્રમાં, મિનિયાપોલિસ સ્થિત નિરોને રેર-અર્થ ફ્રી મેગ્નેટ વિકસાવ્યા છે અને રોકાણકારો પાસેથી ૨૫૦ મિલિયનથી વધુ ભંડોળ એકત્ર કર્યું છે. જોકે, મોટાભાગના પ્રયાસો જરૂરી સ્કેલ સુધી પહોંચવા માટે વર્ષો દૂર છે. ઘણા યુરોપિયન ઓટો-સપ્લાયર પ્લાન્ટ પહેલેથી જ બંધ થઈ ગયા છે, જેમાં વધુ આઉટેજ આવવાની શક્યતા છે, એમ પ્રદેશના ઓટો સપ્લાયર એસોસિએશને જણાવ્યું છે. આ પરિસ્થિતિ ઓટોમેકર્સને ચોક્કસ ભાગો વિના કાર બનાવવા અને ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી તેમને પાર્ક કરવા દબાણ કરી શકે છે, જેમ કે સેમિકન્ડક્ટર કટોકટી દરમિયાન જોવા મળ્યું હતું. ચીન પર ઓટોમેકર્સની નિર્ભરતા રેર-અર્થ તત્વો પૂરતી સીમિત નથી. ૨૦૨૪ ના યુરોપિયન કમિશનના અહેવાલ મુજબ, ચીન મેંગેનીઝ, ગ્રેફાઈટ અને એલ્યુમિનિયમ સહિત ૧૯ મુખ્ય કાચા માલના વૈશ્વિક પુરવઠાના ૫૦% થી વધુને નિયંત્રિત કરે છે. સપ્લાય ચેઈન સ્પેશિયાલિસ્ટ એસસી ઈનસાઈટ્સના સહ-સ્થાપક એન્ડી લેલેન્ડના મતે, આમાંના કોઈપણ તત્વોનો ઉપયોગ ચીન દ્વારા લીવરેજ તરીકે થઈ શકે છે. ''આ ફક્ત એક ચેતવણી છે,'' તેમણે ઉમેર્યું.

# કાલથી સાઉથ આફ્રિકા-ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલનો ટેસ્ટ મેચ

## ફાઈનલ વિજેતાને મળશે રૂ. ૩૦.૭ કરોડનું ઈનામ જે આઈપીએલ અને ફ્રેન્ચ ઓપન વિજેતા કરતા પણ વધુ છે

IPL અને ફ્રેન્ચ ઓપનના ક્રેઝ પછી, હવે ક્રિકેટની સૌથી મોટી મેચનો સમય આવી ગયો છે. એક એવી ચેમ્પિયનશિપ જેની ફાઈનલ બે વર્ષે એકવાર યોજાય છે. જ્યારે ટુર્નામેન્ટ આટલી લાંબી ચાલે છે, ત્યારે ઈનામી રકમ પણ અદ્ભુત હશે. ૧૧ જૂનથી ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) જીતનારી ટીમને એટલી ઈનામી રકમ મળશે જેટલી આઈપીએલ કે ફ્રેન્ચ ઓપનના ચેમ્પિયનને મળી નથી.

જ્યારે ૩ જૂને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આઈપીએલનો ખિતાબ જીત્યો, ત્યારે તેને ૨૦ કરોડની ઈનામી રકમ મળી. PSLના વિજેતાને મળેલી રકમ સાથે તેની સરખામણી તરત જ શરૂ થઈ ગઈ. પાકિસ્તાની T20 લીગ PSLના ચેમ્પિયનને ૪.૨૫ કરોડ રૂપિયાની ઈનામી રકમ મળી. ઘણા રમત પ્રેમીઓ પણ તેમની ઈનામી રકમ દ્વારા ટુર્નામેન્ટનું મૂલ્યાંકન કરે છે. આવા લોકો માટે, એ રસપ્રદ માહિતી હોઈ શકે છે કે IPL ચેમ્પિયનને PSL કરતાં લગભગ ચાર ગણી રકમ મળી હોય, પણ તે ફ્રેન્ચ ઓપન કરતાં ઓછી છે.

જ્યારે સ્પેનના કાર્લોસ અલ્કારાઝે રવિવારે ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં યાનિક સિનરને હરાવ્યો, ત્યારે તેને ૨.૫૫ મિલિયન યુરો (લગભગ ૨૪ કરોડ ૯૫ લાખ રૂપિયા) મળ્યા. સ્વાભાવિક છે કે, ફ્રેન્ચ ઓપનમાં એક ખેલાડીએ IPL જીતવા બદલ આખી ટીમને મળેલા પૈસા કરતાં વધુ પૈસા લીધા.

હવે ૧૧ જૂનથી, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા WTC ફાઈનલમાં એકબીજાનો સામનો કરશે. મેચ જીતનાર ટીમને માત્ર ટેસ્ટ ચેમ્પિયનનો તાજ પહેરાવવામાં આવશે નહીં પરંતુ લગભગ ૩૦.૭ કરોડ રૂપિયા (૩.૬ મિલિયન ડોલર)નું ઈનામ પણ મળશે. WTC ફાઈનલ હારનાર ટીમને લગભગ ૧૮.૫૩ કરોડ રૂપિયા (૨.૧૬ મિલિયન ડોલર) મળશે. આ IPL ચેમ્પિયન RCBને મળેલી રકમ કરતાં થોડું ઓછું છે. તમને જણાવી દઈએ કે

જ્યારે ભારતે ગયા વર્ષે T20 ટાઈટલ જીત્યું હતું, ત્યારે તેને લગભગ ૨૦.૪ કરોડ રૂપિયા મળ્યા હતા. એટલે કે, WTC ચેમ્પિયનને ઝ૨૦ વર્લ્ડ કપ જીતનાર ટીમ કરતાં ઘણી વધુ ઈનામી રકમ મળવાની છે.

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ત્રીજી ફાઈનલ દક્ષિણ આફ્રિકા અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. WTC ૨૦૨૩-૨૫ સર્કલની બે ટોચની ટીમો વચ્ચેનો આ હાઈ-વોલ્ટેજ મેચ ૧૧ થી ૧૫ જૂન દરમિયાન લંડનના લોર્ડ્સ ખાતે રમાશે. પ્રોટીઝ ટીમ WTC ૨૦૨૩-૨૫ પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહીને અને સતત સાત મેચ જીતીને ફાઈનલમાં પહોંચી છે જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ તેમની છેલ્લી છ ટેસ્ટ મેચમાંથી પાંચ જીતી છે.

બેગી ગ્રીન્સ (ઓસ્ટ્રેલિયા) આ એકમાત્ર મેચમાં ટેમ્બા બાવુમા અને તેની ટીમને હરાવીને બીજી વખત WTC વિજેતા બનવા માંગશે. જોકે, તે સરળ નહીં હોય કારણ કે પ્રોટીઝ પણ આ મોટી મેચ માટે સંપૂર્ણ તૈયારી સાથે આવી રહ્યા છે. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે WTC ૨૦૨૫ ફાઈનલ ક્રિકેટના ઘરઆંગણે રોમાંચક મુકાબલો બનવાનું વચન આપે છે, અને કઈ ટીમ ટાઈટલ જીતશે તે કહેવું હજુ વહેલું છે.

ટુર્નામેન્ટના નિયમો અનુસાર, જો WTC ૨૦૨૫ ફાઈનલ ડ્રો થાય અથવા ટાઈ થાય અથવા મેચ રદ થાય, તો ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાએ WTC ટ્રોફી શેર કરવી પડશે. જોકે, ડ્રોની શક્યતા ઘટાડવા માટે મેચમાં રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. પરંતુ રિઝર્વ ડેનો ઉપયોગ ત્યારે જ કરવામાં આવશે જ્યારે ખરાબ હવામાનને કારણે પાંચ દિવસમાં સમય ગુમાવવામાં આવે અને તેઓ તે પાંચ દિવસમાં તેની ભરપાઈ કરી શકતા ન હોય અને પાંચમા દિવસના અંત સુધીમાં કોઈ પરિણામ ન આવે.

ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમો લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલમાં ટકરાવવા માટે તૈયારી કરી રહી છે. ફાઈનલ મેચ માટે બંને ટીમોની ટીમની જાહેરાત કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ પેટ કમિન્સ કરશે જ્યારે દક્ષિણ આફ્રિકાનું નેતૃત્વ ટેમ્બા બાવુમા કરશે. ટેસ્ટ ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકાનો ઓસ્ટ્રેલિયા સામે નબળો ફાયદો છે. બંને ટીમોએ આ પહેલા એકબીજા સામે ૧૦૧ ટેસ્ટ મેચ રમી છે પરંતુ દક્ષિણ આફ્રિકાએ ફક્ત ૨૬ ટેસ્ટ મેચ જીતી છે. જોકે, આ વખતે દક્ષિણ આફ્રિકાનું મનોબળ ઊંચું છે અને તેના ખેલાડીઓ ICC ટ્રોફી જીતવા માંગે છે.ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકા સામે ૫૪ ટેસ્ટ મેચ જીતી છે. બંને ટીમો વચ્ચે ૨૧ ટેસ્ટ ડ્રો થઈ છે. ઓસ્ટ્રેલિયાએ ઘરઆંગણે ૨૩ ટેસ્ટ જીતી છે જ્યારે દક્ષિણ આફ્રિકાએ તેના ઘરઆંગણે ૧૬ ટેસ્ટ જીતી છે. ઓસ્ટ્રેલિયાએ ઘરઆંગણે ૨૯ ટેસ્ટ જીતી છે જ્યારે દક્ષિણ આફ્રિકાએ ૧૦ વિદેશમાં ટેસ્ટ જીતી છે. દક્ષિણ આફ્રિકા પહેલીવાર WTC ફાઈનલમાં પહોંચ્યું છે જ્યારે ઓસ્ટ્રેલિયા ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. તે ટાઈટલ બચાવવાના ઈરાદા સાથે પ્રવેશ કરશે.

દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન એબી ડી વિલિયર્સ કહે છે કે તેમને તેમની ટીમની જીતનો વિશ્વાસ છે. તેમનું કહેવું છે કે દક્ષિણ આફ્રિકા વિરોધી ટીમને અપસેટ કરશે. ડી વિલિયર્સના મતે, 'હું આ પડકાર માટે ઉત્સાહિત છું. અમારી ટીમ સંતુલિત છે. મને વિશ્વાસ છે કે અમે ઓસ્ટ્રેલિયાને અપસેટ કરી શકીશું. હું અપસેટ કહી રહ્યો છું કારણ કે તેઓ સ્પષ્ટપણે આ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ જીતવા માટે ફેવરિટ છે.'

ઓસ્ટ્રેલિયાઃ પેટ કમિન્સ (કેપ્ટન), મિશેલ સ્ટાર્ક, જોશ હેઝલવુડ, સ્કોટ બોલેન્ડ, નાથન લિયોન, મેટ કુહનેમેન, ઉસ્માન ખ્વાજા, સેમ કોન્સ્ટાસ, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, એલેક્સ કેરી, જોશ ઈંગ્લિસ, કેમેરોન ગ્રીન, બ્યુ વેબસ્ટર.

દક્ષિણ આફ્રિકાઃ ટેમ્બા બાવુમા (કેપ્ટન), ડેવિડ બેડિંગહામ, ટ્રિસ્ટન સ્ટબ્સ, કાયલ વેરિન, વિઆન મુલ્ડર, માર્કો જેન્સન, કોર્બિન બોશ, કાગીસો રબાડા, લુંગી ન્ગીડી, ડેન પેટરસન, કેશવ મહારાજ, સેનુરન મુથુસામી, ટોની ડી જોર્જી, રાયન રિકેલ્ટન, એડન માર્કરામ.

### વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ફાઈનલ ઈંગ્લેન્ડ બહાર પણ રમાડવી જોઈએ: પેટ કમિન્સ

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ત્રીજી આવૃત્તિની અંતિમ મેચ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ઈંગ્લેન્ડના લોર્ડ્સના મેદાન પર રમાનારી છે. આ મેચ પહેલા, ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે યજમાની પર નારાજગી વ્યક્ત કરી છે અને ફરિયાદભર્યા સ્વરમાં ICC ને અપીલ પણ કરી છે.



તાજેતરમાં, કેટલાક અહેવાલો આવ્યા હતા કે BCCI ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલનું આયોજન કરવાનું વિચારી રહ્યું છે અને શક્ય છે કે આગામી ફાઈનલ ભારતમાં રમાય. કમિન્સ પણ ઈંગ્લેન્ડની બહાર ફાઈનલ યોજવાના પક્ષમાં છે, પરંતુ તેમણે આ વાત ખૂબ જ રક્ષણાત્મક રીતે કહી છે. તેમણે એમ પણ કહ્યું છે કે લોર્ડ્સનું મેદાન પણ એક સારો વિકલ્પ છે.

કમિન્સે કહ્યું, ''સિસ્ટમ મુજબ, ફક્ત એક જ સ્થળ હોવું સરળ લાગે છે. જો પાછલી આવૃત્તિનો વિજેતા દેશ આગામી ફાઈનલનું આયોજન કરે તો તે સારું રહેશે. પરંતુ એક વિકલ્પ તરીકે, દર વખતે ફાઈનલ માટે લોર્ડ્સને પસંદ કરવું પણ સારું છે.''

અત્યાર સુધી, ઈંગ્લેન્ડે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલનું આયોજન કર્યું છે. કમિન્સ માને છે કે આ ફાઈનલ હવે ઈંગ્લેન્ડની બહાર લઈ જવી જોઈએ. ગયા સિઝનમાં ઓસ્ટ્રેલિયાને ખિતાબ અપાવનાર કેપ્ટને કહ્યું કે વર્તમાન ચેમ્પિયનને ફાઈનલનું આયોજન કરવાની જવાબદારી મળવી જોઈએ. જ્યારે કમિન્સને WTC ટાઈટલ જીતવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે શાનદાર હશે, પરંતુ ભારતમાં ODI વર્લ્ડ કપ જીતવા કરતાં વધુ સારું નહીં. જમણા હાથના ઝડપી બોલરે કહ્યું, ''આ સમય દરમિયાન આપણે શું હાંસલ કર્યું છે તે જણાવતી બે ICC મેસ હોવી ખૂબ જ સારી વાત હશે. અમને લાગે છે કે આપણે વિવિધ પરિસ્થિતિઓમાં શ્રેષ્ઠ ટીમ તરીકે ઉભરી આવ્યા છીએ. ફરી એકવાર અંતે તે મેસ પકડી રાખવી ખૂબ જ સારી વાત હશે. પરંતુ ODI વર્લ્ડ કપ-૨૦૨૩ જીતવું ટોચ પર છે. મારા માટે આ નંબર-૧ છે.''

### સાઉથ આફ્રિકાને હળવાશ ન લેવાની નાથન લિયોનની સલાહ

ઓસ્ટ્રેલિયા ૧૧ જૂનથી લોર્ડ્સમાં પોતાના આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટાઈટલનો બચાવ કરવા માટે તૈયાર છે. અનુભવી સ્પિનર નાથન લિયોને પોતાની ટીમને ચેતવણી આપી છે કે દક્ષિણ આફ્રિકાની મજબૂત બેટિંગ લાઈનઅપને ઓછી ન આંકે. લિયોને કહ્યું છે કે દક્ષિણ આફ્રિકા પાસે કેટલાક વર્લ્ડ ક્લાસ બેટ્સમેન છે. નાથન લિયોને કહ્યું, ''ત્રણ (૫૦ ઓવર) વર્લ્ડ કપ અને ટી૨૦ વર્લ્ડ કપ અને દેખીતી રીતે



થોડા વર્ષો પહેલા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ જીતનારા ખેલાડીઓનો અનુભવ, તે અનુભવ અને તે ઉચ્ચ રમતોમાં તે દબાણ, તે આપણા પક્ષમાં રહેશે. પરંતુ જ્યારે તમે રમતમાં ઉતરો છો ત્યારે તેનો કોઈ અર્થ નથી. દક્ષિણ આફ્રિકા પાસે કેટલાક વર્લ્ડ ક્લાસ બેટ્સમેન છે અને દેખીતી રીતે તેમની પાસે કેટલાક અદ્ભુત બોલરો પણ છે. તેથી તે એક સારો પડકાર હશે અને દેખીતી રીતે તે એક વખતની ટેસ્ટ મેચ હશે. તે એક અલગ પ્રકારનો પડકાર હશે અને વિદેશી પરિસ્થિતિઓ અને ડ્યુક્સ બોલ સાથે.''

# ધોનીનો સીતારો આઈસીસી હોલ ઓફ ફેમમાં ચમકયો

## ધોની સિવાય મેથ્યુ હેડન, ગ્રીમ સ્મિથ, ડેનિયલ વેટ્ટોરી અને હાશિમ અમલને પણ હોલ ઓફ ફેમથી સન્માનીત કરાયા

**અબતક,રાજકોટ**

ભારતના દિગ્ગજ ક્રિકેટર એમએસ ધોનીને ઔપચારિક રીતે આઈસીસી હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા બાદ પોતાની પહેલી પ્રતિક્રિયા આપી.

લંડનના પ્રતિષ્ઠિત એબી રોડ સ્ટુડિયોમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં આઈસીસી હોલ ઓફ ફેમમાં ઉમેરાયેલા સાત પ્રતિષ્ઠિત ખેલાડીઓમાં ભૂતપૂર્વ ભારતીય કેપ્ટનનો સમાવેશ થાય છે.

ધોની ઉપરાંત, આ સન્માન મેળવનારા અન્ય પુરુષ ક્રિકેટરોમાં દક્ષિણ આફ્રિકાના હાશિમ અમલા, ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર મેથ્યુ હેડન, દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન ગ્રીમ સ્મિથ અને ન્યુઝીલેન્ડના મહાન ડેનિયલ વેટોરીનો સમાવેશ થાય છે. પાકિસ્તાનની સના મીર અને ઈંગ્લેન્ડની ભૂતપૂર્વ વિકેટકીપર-બેટર સારાહ ટેલર બ



મહિલા ખેલાડીઓ હતા જેમણે કુલ હોલ ઓફ ફેમર્સનો આંકડો ૧૨૨ સુધી પહોંચાડ્યો.

આ સાત પ્રતિષ્ઠિત ક્રિકેટરોને આઈસીસી હોલ ઓફ ફેમર્સ, વરિષ્ઠ અધિકારીઓ અને મીડિયાના સભ્યો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું અને 'એ ડે વિથ ધ લેજેન્ડ્સ' ઈવેન્ટ દરમિયાન તેમને સામેલ કરવામાં આવ્યા હતા.

૧૭૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવનાર અને ત્રણેય આઈસીસી વ્હાઈટ-બોલ ટુર્નામેન્ટ જીતનાર એકમાત્ર કેપ્ટન ધોની, ૨૦૦૯ માં શરૂ કરાયેલા તેના હોલ ઓફ ફેમ કાર્યક્રમ દ્વારા આઈસીસી દ્વારા ક્રિકેટરોના યોગદાનને માન્યતા આપવામાં આવી ત્યારે તે સન્માનિત થયા.

''આઈસીસી હોલ ઓફ ફેમમાં નામ મેળવવું એ એક સન્માનની વાત છે, જે પેઢીઓ અને વિશ્વભરના ક્રિકેટરો ના યોગદાનને માન્યતા આપે છે. આવા સર્વકાલીન મહાન ખેલાડીઓ સાથે તમારું નામ યાદ રાખવું એ એક અદ્ભુત લાગણી છે. આ એવી વસ્તુ છે જે હું હંમેશા માટે યાદ રાખીશ,'' તેમણે કહ્યું.ધોનીએ પાંચેય પુરુષોના હોલ ઓફ ફેમમાં સામેલ થયેલા ખેલાડીઓ સામે રમી છે અને આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સના હેડન સાથે ડ્રેસિંગ રૂમ પણ શેર કર્યો છે.

''આઈસીસી હોલ ઓફ ફેમ દ્વારા, અમે રમતમાં જોયેલા શ્રેષ્ઠ ખેલાડીઓને ટ્રિબ્યુટ આપીએ છીએ, જેમની નોંધપાત્ર કારકિર્દીએ ક્રિકેટના વારસાને આકાર આપ્યો છે અને પેઢીઓને પ્રેરણા આપી છે,'' આઈસીસી ચેરમેન જય શાહે જણાવ્યું.આઈસીસી હોલ ઓફ ફેમ જાન્યુઆરી ૨૦૦૯ માં આઈસીસી ના શતાબ્દી ઉજવણીના ભાગ રૂપે શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારથી, તે તેના લાંબા અને ભવ્ય ઈતિહાસ દરમિયાન રમતમાં સ્થાન મેળવનારા મહાન ખેલાડીઓની ઉજવણી કરવામાં મદદ કરે છે.

# સુઝલોનના પ્રમોટર તંતીએ ૧૩૦૦ કરોડના શેર વેચ્યા !!

## રૂ. ૬૬.૧ પ્રતિ શેરના ભાવે કુલ ૧૯.૮ કરોડના શેર કંપનીએ વેચ્યા

**અબતક, રાજકોટ**

પવન ઉર્જામા ભારતની સૌથી જૂની અને જાણીતી કંપનીઓમાંની એક એટલે સુઝલોન. આ કંપનીએ દેશમાં ગ્રીન એનર્જીની ગતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ત્યારે ગઈ કાલે સોમવારે બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર બ્લોક ડીલ દ્વારા સુઝલોન એનર્જીના પ્રમોટર્સ રાજકોટના વિનોદ રણછોડભાઈ તંતી, રંભાબેન ઉકાભાઈ તંતી અને તંતી હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ, તેમજ તંતી રણછોડભાઈ રામજીભાઈએ કુલ ₹૧,૩૦૮.૯ કરોડના શેરનું વેચાણ કર્યું.

આ ચાર પ્રમોટર્સે ₹૬૬.૧ પ્રતિ શેરના ભાવે કુલ ૧૯.૮ કરોડ શેર વેચ્યા હતા. આ ડીલમાં એડેલવાઈસ મ્યુચ્યુઅલ ફંડ, ગોલ્ડમેન સેક્સ ફંડ્સ-ગોલ્ડમેન સેક્સ એશિયા ઈક્વિટી પોર્ટફોલિયો, ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડ, મોર્ગન સ્ટેનલી એશિયા સિંગાપોર પ્રાઈવેટ લિમિટેડ, આદિત્ય બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડ અને બંધન મ્યુચ્યુઅલ ફંડ જેવા મોટા રોકાણકારો ખરીદદારોમાં સામેલ હતા.

શેરબજારમાં આ મોટા વેચાણ છતાં, સુઝલોન એનર્જીના શેર ૦.૬% વધીને ₹૬૭ પર બંધ થયા હતા, જે બજારમાં કંપની પ્રત્યેનો વિશ્વાસ દર્શાવે છે. સુઝલોન કોઈ નવી કંપની નથી. પરંતુ આ દરમિયાન કંપનીએ તેના દેવા અને વ્યવસ્થાપન સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. અને કદાચ આ કારણોસર, હવે પ્રમોટર્સ કેટલાક હિસ્સાનું વેચાણ કરીને તરલતા વધારવા અને જૂના લેણાં ચૂકવવાની યોજના બનાવી રહ્યા છે.

# ચેતેશ્વર પુજારાને કારણે મારા ચેહરાનો રંગ બદલી જતો હતોઃ રોહિત શર્મા

**અબતક રાજકોટ**

ચેતેશ્વર પૂજારાને કેવી રીતે આઉટ કરવો? આ એક એવો પ્રશ્ન હતો જેની ચર્ચા રોહિત શર્મા અને તેના મુંબઈના સાથી ખેલાડીઓ તેમના જુનિયર ક્રિકેટના દિવસોમાં ઘણીવાર કરતા હતા કારણ કે તેઓ જાણતા હતા કે સૌરાષ્ટ્રનો આ બેટ્સમેન સતત બે કે ત્રણ દિવસ બેટિંગ કરીને તેમની અપેક્ષાઓ પર ખરા ઉતરી શકે છે. મને હજુ પણ યાદ છે કે ટીમ મીટિંગમાં ફક્ત તેને કેવી રીતે આઉટ કરવો તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું અને જો આપણે તેને આઉટ નહીં કરીએ તો આપણે મેચ હારી શકીએ છીએ, રોહિતે ગુરુવારે ચેતેશ્વરની પત્ની પૂજાના પુસ્તક 'ધ ડાયરી ઓફ અ ક્રિકેટર્સ વાઈફ'ના લોન્ચિંગ પ્રસંગે કહ્યું.



ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને મજાકમાં કહ્યું કે પૂજારા સામે રમતા તેનો ચહેરો એટલો બદલાઈ જતો હતો કે તેની માતા પણ થોડી નારાજ થઈ જતી હતી. તેણે કહ્યું, મને યાદ છે કે જ્યારે હું ૧૪ વર્ષનો હતો અને જ્યારે હું સાંજે મેદાનથી પાછો આવતો હતો, ત્યારે મારા ચહેરાનો રંગ સંપૂર્ણપણે બદલાઈ જતો હતો. મારી માતાએ મને ઘણી વાર પૂછ્યું હતું કે જ્યારે તમે ઘરેથી રમવા જાઓ છો, ત્યારે તમે અલગ દેખાવ છો અને જ્યારે તમે એક અઠવાડિયા કે ૧૦ દિવસ પછી ઘરે આવો છો, ત્યારે તમે અલગ દેખાવ છો. હું કહેતો હતો, માતા મારે શું કરવું જોઈએ. ચેતેશ્વર પૂજારા નામનો એક બેટ્સમેન છે. તે ત્રણ દિવસથી બેટિંગ કરી રહ્યો છે.

રોહિતે પૂજારાને કારકિર્દીની શરૂઆતમાં બંને ઘૂંટણમાં અઈક (એન્ટિરિયર ક્રુસિએટ લિગામેન્ટ) ઈજાઓ હોવા છતાં ૧૦૦ થી વધુ ટેસ્ટ રમવાનો શ્રેય આપ્યો. તેમણે કહ્યું કે તે ખૂબ મોટી અને ખૂબ જ ખરાબ ઈજા હતી. તેમના બંને અઈક ગયા હતા. કોઈપણ ક્રિકેટર, ખેલાડી માટે જ્યારે તે બંને અઈક ગુમાવે છે ત્યારે તે ખૂબ જ મુશ્કેલ હોય છે. આ છતાં, તેઓ ભારત માટે ૧૦૦ થી વધુ ટેસ્ટ મેચ રમવામાં સફળ રહ્યા.

આ પ્રસંગે, પૂજારાએ ૨૦૧૬-૧૭માં ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીને તેમની કારકિર્દીની સૌથી મુશ્કેલ શ્રેણી ગણાવી. પૂજારાએ કહ્યું, જ્યારે ભારતીય ટીમ ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયા સામે લગભગ ૨૦૦ રનમાં આઉટ થઈ રહી હતી, ત્યારે તે મારી કારકિર્દીનો સૌથી મુશ્કેલ તબક્કો હતો.

# કોહલી રોહિત શર્મા, કલાસેન બાદ નિકોલસ પુરનની અચાનક નિવૃત્તિથી ક્રિકેટ જગત સ્તબ્ધ

## ૩૫ દિવસમાં ૫ વિસ્ફોટક ખેલાડીઓ અચાનક નિવૃત્તિ થતા કારણે ક્રિકેટ જગતને મોટી ખોટ પડી શકે તેમ છે | મહિના પહેલા આર. અશ્વિને પણ પોતાની નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા

બાર્બાડોસ : વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન નિકોલસ પૂરને ૨૯ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણયથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. ભૂતપૂર્વ T20 કેપ્ટન તાજેતરમાં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) વતી રમતા જોવા મળ્યા હતા. તેમણે પોતાના નિર્ણય અંગે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવનાત્મક સંદેશ શેર કર્યો હતો. તેમના આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં, પૂરને ૬૧ T20 અને ૧૦૬ ODI રમ્યા હતા જેમાં તેમણે બંને ફોર્મેટમાં ૪૦૦૦ થી વધુ રન બનાવ્યા છે.

માત્ર ૩૫ દિવસના સમયમાં ૫ દિગ્ગજ ક્રિકેટર નિવૃત થતા ક્રિકેટ જગતને મોટી અસર પડી શકે તેમ છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા મહિના પહેલા આર. અશ્વિને પણ પોતાની નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા.

ભારતના કેપ્ટન રોહિત શર્માએ ૭ મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. હવે તે ફક્ત ODI માં જ રમશે. ૩૮ વર્ષીય બેટ્સમેન જૂનમાં ઝ૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ ઝ૨૦ માંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. રોહિત શર્માએ ૬૭ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેમણે ૪૩૦૧ રન બનાવ્યા છે. તેમના નામે ટેસ્ટમાં ૧૨ સદી અને ૧૮ અડધી સદી છે. ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ રોહિતના નિવૃત્તિના થોડા દિવસો પછી જ ટેસ્ટ ફોર્મેટમાંથી પોતાની આઘાતજનક નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેમનો આ નિર્ણય ૨૦ જૂનથી શરૂ થનારા ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા આવ્યો હતો. જૂન ૨૦૨૪માં T20 વર્લ્ડ કપ જીત્યા બાદ કોહલીએ T20માંથી નિવૃત્તિ લીધી હતી અને હવે તે ફક્ત ODI ફોર્મેટમાં જ રમશે. ટેસ્ટમાં,



કોહલીએ ૧૨૩ મેચોમાં ૩૦ સદી અને ૩૧ અડધી સદી સહિત ૯૨૩૦ રન બનાવ્યા છે.

દક્ષિણ આફ્રિકાના વિકેટકીપર-બેટ્સમેન એનરિચ કલાસેને આ મહિને નિવૃત્તિ લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

૩૩ વર્ષની ઉંમરે, તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહ્યું અને તેમના પરિવાર અને ફ્રેન્ચાઈઝ ક્રિકેટને પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું. તેમણે તેમના આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૬૦ ODI અને ૫૮ ઝ૨૦ મેચ રમી છે.

વિશ્વના સૌથી ભયાનક ODI બેટ્સમેનોમાંના એક, ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલે ૩૬ વર્ષની ઉંમરે તેમની ODI કારકિર્દીના અંતની જાહેરાત કરી.

વારંવાર થતી કમરની સમસ્યાઓને કારણે અને તેમના વિશ્વ ભારને સંભાળવા માટે તેમણે ODIમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો. તેણે ૧૪૯ વનડે રમી છે અને ૩૯૯૦ રન બનાવ્યા છે, જેમાં ૪ સદી અને ૨૩ અડધી સદીનો સમાવેશ થાય છે.

# તમારે ભૂલી જવાનું ભૂલાવી દેવું છે કે યાદ રાખવું છે??!!!

**અબતક, રાજકોટ**

શું તમે વારંવાર ભૂલી જાઓ છો કે તમે તમારા રૂમમાં શા માટે દાખલ થયા, અથવા કોઈ વ્યક્તિનું નામ યાદ રાખી શકતા નથી? તમે એકલા નથી. આજના વિક્ષેપોથી ભરેલા વિશ્વમાં ભૂલી જવું સામાન્ય છે, અને તે હંમેશા વૃદ્ધત્વ અથવા નબળી યાદશક્તિની નિશાની નથી. સારા સમાચાર એ છે કે કેટલીક સરળ, વિજ્ઞાન-સમર્થિત મગજની યુક્તિઓ તમારી યાદશક્તિને તેજ કરવા અને ધ્યાન કેન્દ્રિત કરવા માટે જાદુની જેમ કામ કરી શકે છે. અહીં ૬ યાદશક્તિ વધારવાની તકનીકો છે જે ખરેખર કામ કરે છે.

## યાદશક્તિ સુધારવા માટેની સરળ યુક્તિઓ જે સરળતાથી બધું યાદ રખાવશે

**વિઝ્યુઅલ મેમરીની શક્તિનો ઉપયોગ કરો**

આપણું મગજ શબ્દો કરતાં છબીઓ વધુ સારી રીતે યાદ રાખે છે. તેથી, આગલી વખતે જ્યારે તમે કંઈક યાદ રાખવા માંગતા હોવ - જેમ કે તમે તમારી ચાવીઓ ક્યાં રાખી હતી - ત્યારે તેને સ્પષ્ટ રીતે એક સેટિંગમાં ચિત્રિત કરો. એક માનસિક છબી બનાવોઃ તમારી ચાવીઓ તેજસ્વી વાદળી નોટબુક પર બેઠેલી છે. જેટલી વધુ આબેહૂબ, તેટલું સારું. આ તકનીક ખાસ કરીને ખરીદી સૂચિઓ અથવા લોકોના નામ માટે સારી રીતે કાર્ય કરે છે.

**યાદ રાખવા માટે 'ત્રણનો નિયમ' પુનરાવર્તન કરો**

પુનરાવર્તન માહિતીને લાંબા ગાળાની સ્મૃતિમાં બંધ કરી દે છે. ત્રણ વાર કંઈક બોલો - મોટેથી અથવા તમારા મગજમાં. ઉદાહરણ તરીકે, જો કોઈ કહે કે તેનું નામ અનિતા છે, તો પુનરાવર્તન કરો, ''અનિતા. અનિતા. અનિતા.'' પછી તેને વાક્યમાં વાપરો. આ નાની યુકિત તમારા મગજને માહિતીને વધુ ઊંડાણપૂર્વક નોંધવામાં મદદ કરે છે.

**મીની-સ્ટોરીઝ અથવા એસોસિએશનનો ઉપયોગ કરો**

શું તમે કોઈનું નામ ''મિસ્ટર ગ્રીન'' યાદ રાખવા માંગો છો? તેને લીલા સફરજન કે છોડ સાથે જોડો. મૂર્ખ અથવા અતિશયોક્તિપૂર્ણ જોડાણો બનાવવા - જેમ કે ''પ્રોફેસર બનાના'' માટે ચશ્મા પહેરેલા કેળા - વિચિત્ર લાગે છે. પરંતુ તે તમારા મગજમાં રેન્ડમ હકીકતો કરતાં વધુ સારી રીતે ચોંટી જાય છે.

**વસ્તુઓ લખો (પણ તમારા ફોન પર નહીં)**

હા, પેન અને કાગળથી લખવાથી તમારા મગજને ટાઈપ કરવા કરતાં માહિતીને વધુ સારી રીતે એન્કોડ કરવામાં અને જાળવી રાખવામાં મદદ મળે છે. ભૌતિક આયોજક અથવા મેમરી ડાયરી રાખો. વસ્તુઓ લખવાથી માનસિક અવ્યવસ્થા દૂર કરવામાં પણ મદદ મળે છે, ધ્યાન કેન્દ્રિત કરવા અને યાદ રાખવા માટે જગ્યા ખાલી થાય છે.

**૧૦-સેકન્ડ રિકોલ કરો**

કંઈક નવું શીખ્યા પછી - જેમ કે કોઈ કાર્ય, નામ, અથવા સૂચના - થોભો અને ફક્ત ૧૦ સેકન્ડ પછી મુખ્ય મુદ્દાઓ યાદ કરવાનો પ્રયાસ કરો. આ ટૂંકી સમીક્ષા તમારા મગજને એક સંકેત મોકલે છેઃ ''આ મહત્વપૂર્ણ છે. તેને ભૂલશો નહીં.'' તે એક નાની મગજની કસરત છે જે યાદશકિતના સ્નાયુઓનું નિર્માણ કરે છે.

**તમારા મગજને આરામ આપો**

માનો કે ના માનો, ભૂલી જવાથી ક્યારેક તમારા મગજમાં ભારણ વધી ગયું છે તે કહેવાની રીત હોય છે. સારી ઊંઘ લો, માનસિક વિરામ લો અને ઑફલાઈન સમય વિતાવો. ધ્યાનથી શ્વાસ લેવાથી, પ્રકૃતિમાં ચાલવાથી, અથવા ફક્ત ૧૦ મિનિટ સુધી કંઈ ન કરવાથી ધ્યાન ફરીથી સેટ કરવામાં મદદ મળે છે અને યાદશક્તિમાં વધારો થાય છે.આ સરળ છતાં અસરકારક યુક્તિઓને તમારી દિનચર્યામાં સામેલ કરીને, તમે તમારી યાદશક્તિને તેજ કરી શકો છો અને આજના વ્યસ્ત જીવનમાં વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકો છો. આ ટીપ્સ તમને વધુ સક્રિય અને ઉત્પાદક જીવન જીવવામાં મદદ કરશે.

# સત્રના પ્રારંભે જ મુશ્કેલીનો પહાડ: પાઠ્યપુસ્તકોનો દુષ્કાળ, શિક્ષણનું ભવિષ્ય અધ્ધરતાલ!

## પાઠ્યપુસ્તકોની અછતથી શિક્ષણ કટોકટીથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પરેશાન: અધૂરા ઓર્ડર અને ખોરવાયેલું વિતરણ




તસ્વીર: જય વ્યાસ

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં શૈક્ષણિક સત્રના પ્રારંભે જ ધોરણ ૧ થી ૧૨ના પાઠ્યપુસ્તકોની ગંભીર અછત સર્જાઈ છે. આ પરિસ્થિતિએ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્ટેશનરી વેપારીઓની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર તરફથી પૂરતો જથ્થો ન મળવાને કારણે આ સંકટ ઊભું થયું છે. દર વર્ષે શાળાઓ શરૂ થતાં પહેલાં જ પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચી જાય તેવી અપેક્ષા હોય છે, પરંતુ આ વર્ષે રાજકોટ જિલ્લામાં ચિત્ર કંઈક જુદું જ છે. આ ઉપરાંત, ધોરણ ૧નું ગુજરાતી, જે નાના બાળકોના અભ્યાસનો પાયો છે, તે પણ ઉપલબ્ધ નથી.ધોરણ ૬નું અંગ્રેજી અને ધોરણ ૮નું ગુજરાતી જેવા મહત્વના વિષયોના પુસ્તકો પણ બજારમાં મળતા નથી.આવા ઘણા અન્ય પુસ્તકો પણ ઉપલબ્ધ નથી, જે વિદ્યાર્થીઓના અભ્યાસમાં અવરોધરૂપ બની રહ્યા છે. નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે, પરંતુ પુસ્તકો વિના વિદ્યાર્થીઓ ભણી શકતા નથી. શિક્ષકો ભણાવે છે, ખાસ કરીને બોર્ડના ધોરણો જેમ કે ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે આ સ્થિતિ વધુ ચિંતાજનક છે. વાલીઓને પોતાના બાળકોના ભવિષ્યની ચિંતા સતાવી રહી છે. તેઓ પુસ્તકો શોધવા માટે એક દુકાનેથી બીજી દુકાને ભટકી રહ્યા છે, પરંતુ તેમને નિરાશા જ સાંપડી રહી છે. કેટલાક વાલીઓ પુસ્તકોની અછતને કારણે બ્લેક માર્કેટિંગનો ભોગ બનવાની પણ ફરિયાદ કરી રહ્યા છે, જ્યાં તેમને પુસ્તકો મૂળ કિંમત કરતાં વધુ ભાવે ખરીદવા પડે છે. આર્થિક રીતે નબળા વાલીઓ માટે આ એક મોટી સમસ્યા છે.

(અનુ. આઠમા પાને)

## ૭૦ સ્ટેશનરી- દુકાનદારોનું આધારસ્તંભ છે અપના બજાર પરંતુ પુસ્તક વિતરણનો મોટો પડકાર: ડિરેક્ટર મહેશ કોટક



રાજકોટ મધ્યસ્થ ગ્રાહક સરકારી ભંડાર લી. અપના બજારના ડિરેક્ટર મહેશ કોટકે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ધોરણ ૧ થી ૧૨ ના પાઠ્યપુસ્તકોના વિતરણમાં ગંભીર અછત જોવા મળી રહી છે.જેના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્ટેશનરી વેપારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર તરફથી પૂરતો જથ્થો ન મળવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે.'આપના બજાર' ઘણા વર્ષોથી ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળની ડિસ્ટ્રિબ્યુટરશિપ ધરાવે છે અને અમારી નીચે ૭૦ જેટલા સ્ટેશનરી દુકાનદારો આવે છે, જેમને અમે પુસ્તકો પૂરા પાડીએ છીએ. પરંતુ ગાંધીનગરથી જરૂરિયાત મુજબ માલ ન મળવાને કારણે અમે તેમને પૂરા પુસ્તકો આપી શકતા નથી, જેના પરિણામે બજારમાં પુસ્તકોની તીવ્ર અછત સર્જાઈ છે.આંકડા આપતા તેમણે કહ્યું કે, અત્યાર સુધીમાં ત્રણ રાઉન્ડના ઓર્ડર આપવામાં આવ્યા છે. પ્રથમ રાઉન્ડમાં રૂ. ૧.૭૬ કરોડનો ઓર્ડર આપ્યો હતો, જેની સામે માત્ર રૂ. ૪૬.૫૦ લાખનો જ માલ મળ્યો છે, જે કુલ માંગના અંદાજે ૩૦% જેટલો જ થાય છે. બીજા રાઉન્ડમાં રૂ. ૧.૭૧ કરોડની ડિમાન્ડ મૂકવામાં આવી હતી, તેની સામે ફક્ત રૂ. ૩૦.૬૦ લાખનો જ માલ મળ્યો છે, જે માંડ ૨૦% જેટલો જ છે.આ અછત એટલી વ્યાપક છે કે, ધોરણ ૧૧ કોમર્સ અને સાયન્સના ઘણા વિષયના પુસ્તકો હજી સુધી આવ્યા જ નથી. આ ઉપરાંત, ધોરણ ૧નું ગુજરાતી, ધોરણ ૬નું અંગ્રેજી, ધોરણ ૮નું ગુજરાતી અને બીજા ઘણા પુસ્તકો પણ ઉપલબ્ધ નથી.

# બરફના આઠ કારખાનાઓમાં કોર્પોરેશનના દરોડા: પાંચને નોટિસ

**અબતક, રાજકોટ**

હાલ કાળઝાળ ગરમીમાં બરફનો ઉપયોગ વધુ માત્રામાં થતો હોય છે. જેને ધ્યાનમાં રાખી આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આઠ આઈસ ફેક્ટરીઓમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. પાંચ ફેક્ટરીને ફૂડ લાયસન્સ, હાઈજેનીંક કન્ડીશન જાળવી રાખવા અને પાણીના નિયમિત રિપોર્ટ કરાવવા માટે નોટિસ આપવામાં આવી છે.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શહેરના ગોંડલ રોડ ચોકડી પાછળ શિવમ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં લાભ આઈસ ફેક્ટરી, સોમનાથ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મહાદેવ આઈસ ફેક્ટરી, વાવડી વિસ્તારમાં મહાલક્ષ્મી મીલ પાસે નવદુર્ગા આઈસ ફેક્ટરી, માધાપર ચોકડી પાસે એચ.પી. પેટ્રોલ પંપની પાછળ રાજ આઈસ ફેક્ટરી અને કુવાડવા રોડ પર ડિલક્ષ ચોકમાં નૂતન સૌરાષ્ટ્ર આઈસ ફેક્ટરીમાં ચેકીંગ દરમિયાન પાંચેય ફેક્ટરીને ફૂડ લાયસન્સ, હાઈજેનીંક કન્ડીશન અને નિયમિત પાણીનો રિપોર્ટ કરાવવા બાબતે નોટિસ આપવામાં આવી હતી. આ ઉપરાંત લક્ષ્મીનગર મેઈન રોડ પર નવરંગપરા વિસ્તારમાં ક્રિષ્ના ફ્રીઝીંગ આઈસ ફેક્ટરી, મોચી બજાર મેઈન રોડ પર ભાગ્યોદય આઈસ ફેક્ટરી અને કોઠારીયા રીંગ રોડ પર રેલવે ઓવરબ્રિજની પાસેમાં રણુજા નગરના કાંઠે સંગમ આઈસ ફેક્ટરીમાં પણ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફૂડ વિભાગની ટીમ દ્વારા યુનિવર્સિટી રોડ પર અક્ષર એપાર્ટમેન્ટમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી રંગોલી કોલ્ડ્રિંક્સ નામની દુકાનમાંથી કેશર પીસ્તા લૂઝ આઈસ્ક્રીમ અને લૂઝ બોર્નબોર્ન શ્રીખંડનો નમુનો લેવામાં આવ્યો હતો. જ્યારે નાના મવા કોર્નર પર પંચવટી મેઈન રોડ સ્થિત અર્હમ હોસ્પિટલ પાસે ચામુંડા ડેરીમાંથી લૂઝ ગાયના દૂધનો નમૂનો લેવાયો છે. જ્યારે નંદનવન રોડ તથા બીગ બજારથી ઈન્દિરા સર્કલ સુધીના વિસ્તારમાં ખાણીપીણીની ૩૮ દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૩૮ ખાદ્ય ચીજોની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. ક્લાસીક કોલ્ડ કોફી, આર.વી. સેલ્સ એજન્સી, નાગદાદા રેસ્ટોરન્ટ, શ્રીહરિ પુડલા, બાપા સિતારામ નાસ્તાગૃહ, રામેષ્ટ આઈસ્ક્રીમ, ટી એન્ડ સ્ટોરીસ, પાનવાલા કોલ્ડ કોફી, શિવશક્તિ હોટેલ, સંજુ ગાંઠીયા, પટેલ વડાપાઉં અને સંતોષ ભેળને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી છે.







## લાભ આઈસ ફેક્ટરી, મહાદેવ આઈસ, નવદુર્ગા આઈસ ફેક્ટરી, રાજ આઈસ ફેક્ટરી અને નૂતન સૌરાષ્ટ્ર આઈસ ફેક્ટરીને નોટિસ ફટકારાય: રંગોલી કોલ્ડ્રિંક્સમાંથી આઈસ્ક્રીમ અને શ્રીખંડના જ્યારે ચામુંડા ડેરીમાંથી લૂઝ ગાયના દૂધનો નમૂનો લેવાયો

# દ્વારકાધીશ જગત મંદિરમાં કાલે જયેષ્ઠાભિષેક મહોત્સવ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં કાલે બુધવારના જેષ્ઠાભિષેક (ખુલ્લાં પડદે સ્નાન) કરવામાં આવશે. જગતમંદિરમાં દર વર્ષે જેઠ માસમાં જયેષ્ઠા નક્ષત્રમાં શ્રીજીની મંગલા આરતી બાદ જયેષ્ઠાભિષેક કરવામાં આવે છે. બુધવારે મંગલા આરતી બાદ સવારે ૭:૦૦ કલાકે ઠાકોરજીનો જયેષ્ઠાભિષેક કરાશે. જેમાં શ્રીજીનુ ઋતુનુસાર અમૃત (આંબા) તેમજ દ્વારકાના અઘોર કુંડના પવિત્ર જલથી જલાભિષેક કરવામાં આવશે. વારાદાર પૂજારીઓ દ્વારા સાંજના સમયે શ્રીજીના બાલ સ્વરૂપ ગોપાલજીને મંદિરના ગર્ભગૃહથી બહાર નિજસભામાં નૌકાવિહાર કરાવવામાં આવશે.

### શ્રીજીને વર્ષમાં માત્ર બે વખત ખુલ્લા પડદે સ્નાન કરાવાય છે : પ્રણવ પૂજારી



જયેષ્ઠાભિષેક ઉત્સવ વિશે માહિતી આપતા દ્વારકાધીશ મંદિરના પ્રણવભાઈ પૂજારીએ જણાવેલ કે વર્ષમાં જન્માષ્ટમી અને જયેષ્ઠ પૂર્ણિમાં એમ માત્ર બે વખત જ ઠાકોરજીને ખુલ્લાં પડદે અભિષેક - સ્નાન કરાવવામાં આવે છે જેમાંનો એક જયેષ્ઠાભિષેક ઉત્સવ હોય જેનું વિશેષ મહત્વ છે. બહારગામથી પધારેલ ભાવિકો તેમજ બહોળી સંખ્યામાં સ્થાનીકો અને ઓનલાઈનના માધ્યમથી લાખો શ્રદ્ધાળુઓ જયેષ્ઠાભિષેક તેમજ ત્યારબાદ સાંજના સમયે બાલસ્વરૂપના નૌકાવિહાર દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવશે.





### જગતમંદિરમાં ઠાકોરજીના દર્શન સમયમાં ફેરફાર

આજે જગતમંદિરમાં શ્રીજીના જેષ્ઠાભિષેક ઉત્સવ નિમિતે ઠાકોરજીના નિત્યક્રમમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. જે મુજબ સવારે ૬.૦૦ કલાકે મંગલા આરતી બાદ ઠાકોરજીને ખુલ્લાં પડદે સ્નાન સવારે ૭:૦૦ થી ૮:૦૦ સુધી યોજવામાં આવનાર છે. શૃંગાર આરતી તેમજ અનોસર (બંધ) નિત્યક્રમાનુસાર યોજાશે. ઉત્સવ તેમજ ઉત્થાપન દર્શન સાંજે ૫:૦૦ કલાકે તથા જલયાત્રા (નૌકાવિહાર) દર્શન સાંજે ૮:૩૦ સુધી યોજવામાં આવનાર છે.

### શ્રીજીને આમરસ અને અઘોરકુંડના પવિત્ર જલથી ખુલ્લાં પડદે અભિષેક

#### કાલે સાંજે ગોપાલજીની જલયાત્રા

જગતમંદિરમાં શ્રીજીના જયેષ્ઠાભિષેક ઉત્સવ નિમિતે જલયાત્રા ઉત્સવની પૂર્વ તૈયારી રૂપે ગત સાંજે જગતમંદિરના પૂજારી પરિવારના પુરૂષો તથા મહિલાઓ દ્વારા ચાંદીના બેડાં, ચાંદીની તાંબડી તેમજ વિવિધ ચાંદીના વાસણોમાં દ્વારકાના અતિ પ્રાચીન અને પવિત્ર ભદ્રકાલી માતાજીના મંદિર પાસેના અઘોર કુંડમાંથી પૂજા કરી કુંડના પવિત્ર જલને શાસ્ત્રોક્ત વિધિથી બેન્ડ વાજા સાથે વાજતે ગાજતે દ્વારકા શહેરના રાજમાર્ગો પર થઈ જગતમંદિર ખાતે લઈ જવામાં આવેલ. ગ્રીષ્મ ઋતુમાંથી વર્ષા ઋતુ આવતી હોય આ પવિત્ર જલને વિવિધ ઔષધિયુકત બનાવી રાત્રિ અધિવાસન કરી આજે આ પવિત્ર જલથી ઠાકોરજીને જલાભિષેક કરાશે તેમજ સાંજના સમયે જગતમંદિરમાં પવિત્ર જલથી જલ કુંડ (હોજ) ભરવામાં આવશે જેમાં ભગવાનનું બાલ સ્વરૂપ ગોપાલજીને નાવમાં બિરાજમાન કરી નૌકા ઉત્સવ એટલે કે જલયાત્રા ઉત્સવ મનોરથની ઉજવણી કરાશે જેનો લાભ દેશવિદેશના ભાવિકોને પ્રત્યક્ષ તેમજ ઓનલાઈનના માધ્યમથી મળશે.

# શાકભાજીના ભાવ આસમાને: ગરમી અને વરસાદની અછતનો બેવડો માર

## શાકભાજીના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો

**અબતક રાજકોટ**

જેમ જેમ ગરમીનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે અને વરસાદ ખેંચાઈ રહ્યો છે, તેમ તેમ આપણા રસોડાનું બજેટ પણ દઝાડી રહ્યું છે. શાકભાજી, જે આપણા દૈનિક આહારનો અનિવાર્ય ભાગ છે, તેના ભાવો આસમાને પહોંચી રહ્યા છે. રાજકોટના માર્કેટમાં શાકભાજીની આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, અને તેની સીધી અસર ભાવ પર દેખાઈ રહી છે. શાકભાજીના ભાવમાં સરેરાશ ૧૦ થી ૨૦ ટકાનો ઉછાળો જોવા મળી રહ્યો છે, જેના કારણે ગૃહિણીઓ માટે રસોઈ બનાવવી એક પડકાર બની ગઈ છે. હવે તો કદાચ ગવાર, ચોળી, ભીંડા કે કારેલા જેવા શાક આપણા થાળીમાંથી ગાયબ થઈ જાય તો પણ નવાઈ નહીં.

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ દર વર્ષની જેમ આ વર્ષે પણ શાકભાજીના ભાવમાં વધારો જોવા મળ્યો છે, પરંતુ આ વર્ષે તેની તીવ્રતા કંઈક વધારે જ છે. પહોંચી સૌથી મોંઘુ શાક બની ગયું છે. આ વધતા ભાવોના કારણે ગૃહિણીઓ રસોડામાંથી શાકભાજી ગાયબ કરી, વૈકલ્પિક રીતે કઠોળ બનાવીને પોતાનું બજેટ સંભાળવાનો પ્રયાસ કરી રહી છે.

ગરમીના કારણે શાકભાજી ઝડપથી બગડી જાય છે, જેના કારણે વેચાણ માટે ઉપલબ્ધ જથ્થો ઘટી જાય છે. વરસાદ ખેંચાવાને કારણે નવા શાકભાજીની વાવણીમાં વિલંબ થયો છે, જેથી આગામી સમયમાં પણ ભાવ ઊંચા રહેવાની શકયતા છે.

### શાકભાજીના ભાવ

| | |
|---|---|
| ભીંડા | રૂ ૧૨૦-૧૩૦ કિલો |
| રીંગણા | રૂ ૧૦૦ કિલો |
| ગવાર | રૂ ૧૨૦ કિલો |
| ચોળી | રૂ ૧૩૦ કિલો |
| કારેલા | રૂ ૧૦૦ કિલો |
| ટામેટા | રૂ ૭૦-૮૦ કિલોના |
| આદુ | રૂ ૨૦૦ પ્રતિ કિલો |



### માંગ સામે પુરવઠો ઓછો હોવાથી ભાવ વધે છે.: ઈન્સ્પેકટર ચાવડાભાઈ

શાકભાજીના ભાવ વધારા પાછળના કારણો બહુ સ્પષ્ટ છે. મુખ્ય કારણ છે પ્રતિકૂળ હવામાન. અબ તક સાથેની વાતચીતમાં, શાકભાજી ઈન્સ્પેક્ટર ચાવડાભાઈએ સ્પષ્ટતા કરી કે ગરમીના કારણે શાકભાજીનો પાક ઓછો ઉતરે છે.

જે શાકભાજી આવે છે, તે પણ ગરમીને કારણે ઝડપથી બગડી જાય છે, જેનાથી વેચાણ માટે ઉપલબ્ધ જથ્થો ઘટી જાય છે. આ ઉપરાંત, વરસાદ ખેંચાતા નવા શાકભાજી આવતા હજુ ઘણો સમય લાગશે. આ બધા પરિબળો ભેગા મળીને બજારમાં શાકભાજીની અછત ઊભી કરે છે, અને માંગ સામે પુરવઠો ઓછો હોવાથી ભાવ વધે છે.

આ સ્થિતિ માત્ર ગૃહિણીઓના ખિસ્સા પર જ નહીં, પરંતુ તેમના આહાર અને પોષણ પર પણ અસર કરે છે. મોંઘવારીના આ સમયમાં, લોકો સ્વાભાવિક રીતે સસ્તા વિકલ્પો તરફ વળે છે, જેનાથી ભોજનમાં વિવિધતા ઘટે છે. જો આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલે તો, ખાસ કરીને ઓછી આવક ધરાવતા પરિવારો માટે પૂરતું પોષણ મેળવવું મુશ્કેલ બની શકે છે. આ પડકારજનક સમયમાં, ખેડૂતો, વેપારીઓ અને ગ્રાહકો એમ સૌ કોઈ ભાવ સ્થિર થાય અને ચોમાસુ પાક સમયસર આવે તેવી આશા રાખી રહ્યા છે.

### એસપીએલમાં ડબલ હેડર મેચ સાથે સુપર સોમવાર

# સોરઠ લાયન્સ અને ઝાલાવાડ સ્ટ્રાઈકર્સની ધમાકેદાર જીત

## રક્ષિત મહેતા અને અંકુર પંવર મેન ઓફ ધ મેચનો ખિતાબ જીત્યો: આજે દિટા ગોહિલવાડ ટાઈટન્સ અને જેએમડી કચ્છ રાઈડર્સ વચ્ચે કાંટે કી ટક્કર







આઈપીએલ બાદ હવે સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગનો ધમાકેદાર પ્રારંભ થઈ ચૂક્યો છે. નિરંજન શાહ સ્ટેડિયમ, રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગનો ત્રીજો દિવસ પણ સવાયો સાબિત થયો. લિગના ત્રીજા દિવસે ડબલ હેડર મુકાબલામાં ક્રિકેટ રસિકોને ભરપૂર મનોરંજન મળ્યું, જેમાં આર્યન સોરઠ લાયન્સ અને ઝાલાવાડ સ્ટ્રાઈકર્સે પોતપોતાની મેચ જીતી લીધી.

બપોરે શરૂ થયેલી ડબલ હેડરની પ્રથમ મેચમાં આર્યન સોરઠ લાયન્સ અને જેએમડી કચ્છ રાઈડર્સ સામસામે હતા. આર્યન સોરઠ લાયન્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આર્યન સોરઠ લાયન્સે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૨૪ રન બનાવ્યા હતા. ટીમના ટોપ સ્કોરર રક્ષિત મહેતા રહ્યા, જેમણે ૪૨ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૪૮ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. તેમને કેપ્ટન પ્રેરક માંકડ (૨૫ બોલમાં ૨૨ રન) અને અર્પિત વસાવડા (૧૭ રન)નો સાથ મળ્યો હતો. જેએમડી કચ્છ રાઈડર્સ તરફથી દેવાંગ કરમતાએ શાનદાર બોલિંગ પ્રદર્શન કરતા ૪ ઓવરમાં માત્ર ૨૦ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત, પાર્થ ભૂતને ૨ વિકેટ મળી, જ્યારે કેપ્ટન ધર્મેન્દ્રસિંહ જાડેજા અને પાર્થ ચૌહાણને ૧-૧ વિકેટ મળી હતી.૧૨૫ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી જેએમડી કચ્છ રાઈડર્સની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૦૮ રન જ બનાવી શકી અને ૧૬ રનથી મેચ હારી ગઈ. જેએમડી કચ્છ રાઈડર્સના કેપ્ટન ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ૨૩ બોલમાં ૨ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ઝડપી ૩૪ રન બનાવ્યા હતા, જ્યારે પાર્થ ભૂત ૨૧ બોલમાં ૩ ચોગ્ગા સાથે અણનમ ૨૫ રન બનાવીને લડત આપી હતી. આર્યન સોરઠ લાયન્સ તરફથી ચેતન સાકરિયા, મૌર્ય ઘોઘારી અને અર્પિત વસાવડાએ ૨-૨ વિકેટ લઈને ટીમને વિજય અપાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. આર્યન સોરઠ લાયન્સનો ૧૬ રને વિજય થયો.મેચ પછીની પ્રેઝન્ટેશન સેરેમનીમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના મહેન્દ્રભાઈ રાજદેવે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કર્યું. કેમ્પસ મેક્સિમમ ફોર ઓફ ધ મેચનો પુરસ્કાર રક્ષિત મહેતાને મહેન્દ્રભાઈ રાજદેવ દ્વારા એનાયત કરવામાં આવ્યો. આ ઉપરાંત, પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ પણ રક્ષિત મહેતાને જેએમડી કચ્છ રાઈડર્સના માલિક ડો. અભિષેક અસ્થાના દ્વારા આપવામાં આવ્યો. સાંજે શરૂ થયેલી એસપીએલની પાંચમી મેચમાં ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ અને દિટા ગોહિલવાડ ટાઈટન્સ વચ્ચે ટક્કર થઈ. ઝાલાવાડ સ્ટ્રાઈકર્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું. ઝાલાવાડ સ્ટ્રાઈકર્સે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૩૩ રન બનાવ્યા હતા. ટીમ વતી જેમાં કેપ્ટન શેલ્ડન જેક્સનનો આક્રમક દેખાવ જોવા મળ્યો, જેમણે ૪૫ બોલમાં ૪ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૬૪ રનની વિસ્ફોટક ઈનિંગ રમી. તેમને હર્ષવર્ધન રાણા (૨૮ બોલમાં ૨૬ રન) અને ચિરાગ જાની (૨૪ બોલમાં ૨૨ રન)નો સહયોગ મળ્યો. દિટા ગોહિલવાડ ટાઈટન્સ તરફથી હિતેન કણબીએ શાનદાર બોલિંગ કરતા ૪ ઓવરમાં ૨૯ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. કવિંશ પાડલિયાને ૨ વિકેટ મળી, જ્યારે વંદિત જીવરાજાની અને આદિત્ય રાઠોડને ૧-૧ વિકેટ મળી હતી.

૧૩૪ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી દિટા ગોહિલવાડ ટાઈટન્સની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૧૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ અને ૧૬ રનથી મેચ હારી ગઈ. હેત્વિક કોટક (૨૭ બોલમાં ૨ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૩૦ રન) અને ટીમના કેપ્ટન અને વિકેટકીપર હાર્વિક દેસાઈ (૨૫ બોલમાં ૨૪ રન)એ પ્રયાસ કર્યો, પરંતુ ટીમને જીત અપાવી શકયા નહીં. ઝાલાવાડ સ્ટ્રાઈકર્સ તરફથી અંકુર પંવરએ અસાધારણ બોલિંગ કરતા ૩ ઓવરમાં ૨૦ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી, જેમાં એક ઓવરમાં ૪ વિકેટનો પણ સમાવેશ થાય છે. સ્મિત પટેલ અને દેવ ડેને પણ ૨-૨ વિકેટ મળી હતી. ઝાલાવાડ સ્ટ્રાઈકર્સનો ૧૬ રને વિજય થયો.

પ્રેઝન્ટેશન સેરેમનીમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ભૂતપૂર્વ ગવર્નિંગ બોડીના સભ્ય મુકેશ શાહે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કર્યું. કેમ્પસ મેક્સિમમ ફોર ઓફ ધ મેચનો પુરસ્કાર કેમ્પસ એક્ટિવવેરના હિમાંશુ જૈન દ્વારા ઝાલાવાડ સ્ટ્રાઈકર્સના કેપ્ટન શેલ્ડન જેક્સનને એનાયત કરવામાં આવ્યો. પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ અંકુર પંવરને ઝાલાવાડ સ્ટ્રાઈકર્સના માલિક ક્રિષ્ના ગાંધી દ્વારા આપવામાં આવ્યો.

### આજનો મેચ

**આજે, ૧૦ જૂન ૨૦૨૫ ના રોજ, નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે દિટા ગોહિલવાડ ટાઈટન્સ અને જેએમડી કચ્છ રાઈડર્સ વચ્ચે સાંજે ૭:૩૦ વાગ્યે મેચ રમાશે. આ મેચ પણ દર્શકો માટે રોમાંચક બની રહેશે અને ક્રિકેટપ્રેમીઓ આ મુકાબલાનો ભરપૂર આનંદ માણી શકશે.**

### પુજીત રૂપાણી ટ્રસ્ટ, હેલ્થકેર ગ્લોબલના ઉપક્રમે

# ન્યુરો, સ્પાઈનસર્જન, કાર્ડીયોલોજીસ્ટ દ્વારા રાહતદરે નિદાન સારવાર

## મગજ, સ્પાઈન અને હૃદયની સમસ્યાઓ માટે દર બુધવારે ટ્રસ્ટ ખાતે સેવાઓનો લાભ લેવા ચેરમેન વિજય રૂપાણી અને ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીનો અનુરોધ

**અબતક,રાજકોટ**

જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૩૦ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા ગજરાતની નામાંકિત હેલ્થ કેર ગ્લોબલનાં સંયુકત ઉપક્રમે દર બુધવારે સાંજે ૪:૩૦ થી ૫ પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, ''કિલ્લોલ'', ૧-મયુરનગર, રાજકોટ મહાનગર પાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે ન્યુરો અને સ્પાઈનને લગતી તકલીફ માટે ન્યુરો અને સ્પાઈન સર્જન ડો.કૃષ્ણકુમાર વીરડા તથા અને હૃદયને લગતી તકલીફો માટે કાર્ડીઓલોજીસ્ટ ડો.નિકુંજ કોટેચા દ્વારા તદન રાહતદરે કન્સલ્ટીંગ સેવાઓ શરૂ કરવામાં આવેલ છે.



જે અંતર્ગત જો કોઈપણ વ્યક્તિ મગજની એન્જીયોગ્રાફી, સ્ટેટિંગ, સ્ટ્રોક, હેમરેજ, મગજમાં / મણકામાં કેન્સરની કે સદી ગાંઠ, મગજમાં / મણકામાં આકસ્મિક ઈજા, ટ્રાઈજેમીનલ ન્યુરોલોજી, મગજમાં / મણકામાં ઈન્ફેકશન, મણકાનો ઘસારો કે ગાદી ખસી જવી, બાળકોમાં મગજને લગતી તકલીફ જેવા સંજોગોનો સામનો કરી રહ્યા હોય અથવા જો દર્દી નીચેના લક્ષણોનો સામનો કરી રહ્યું હોય જેમ કે

વ્યકિતને માથાનો દુઃખાવો રહેતો હોય,

ચક્કર આવતા હોય,

આંચકી - ખેચની તકલીફ હોય,

શરીરનું બેલેન્સ ન રહેતું હોય

- લકવાની અસર,

હાથ પગમાં તાકાત ઓછી હોય

હાથ પગનો દુઃખાવો, ઝણઝણાટી અથવા ખાલી ચડી જતી હોય

વગેરે જેવી તકલીફો હોય તો તેઓએ વહેલી તકે નિષ્ણાંત ન્યુરો સર્જન અને સ્ટ્રોક સ્પેશીયાલીસ્ટની યોગ્ય સારવારની જરૂર રહે છે. જે ખુબ જ ખર્ચાળ હોય છે. તેથી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ તેમજ હેલ્થ કેર ગ્લોબલના સંયુક્ત ઉપક્રમે દર બુધવારે સાંજે ૪:૩૦ થી ૫ તદન રાહતદરે નિષ્ણાંત ન્યુરો અને સ્પાઈન સર્જન ડો.કૃષ્ણકુમાર વીરડા કન્સલ્ટીંગ સેવાઓ શરુ કરવામાં આવેલ છે.

આ ઉપરાંતન હૃદયને લગતી તકલીફો માટે કોરોનરી એનજ્યોગ્રાફી, જટિલ કોરોનરી એન્જીયોપ્લાસ્ટી, પેસમેકર, બધા પ્રકારની હૃદયની પ્રક્રિયાઓ, બધા પ્રકારના ડિવાઈસ કલોસર, પેરીફરલ, રીનલ અને કેરોટીડ એન્જયોગ્રાફી અને એન્જયોપ્લાસ્ટીના એચસીજી હોસ્પિટલના નિષ્ણાંત કાર્ડીઓલોજીસ્ટ ડો.નિકુંજ કોટેચા પણ દર બુધવારે સાંજે ૪:૩૦ થી ૫ પોતાની કન્સલ્ટીંગ સેવાઓ તદન રાહતદરે આપશે. એ અંતર્ગત જો કોઈ વ્યક્તિને શ્વાશોચ્છવાસની તકલીફ હોય, હૃદયના વાલ્વની, બ્લડ પ્રેસર, હૃદયનો હુમલો, હૃદયના ધબકારા વધી જવા, છાતીમાં દુઃખાવો હોય કે પછી એન્જ્યોગ્રાફી, એન્જ્યોપ્લાસ્ટી કે બાયપાસ કરાવેલ હોય તો તેવા દર્દીઓ તદન રાહત દરે હૃદય રોગના નિષ્ણાંત ડોક્ટર પાસે કન્સલ્ટીંગ સેવાઓ મેળવી શકે છે.

જેનો લાભ લેવા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે આરોગ્યક્ષેત્રે જરૂરિયાતમંદ પ્રજાજનોની સેવાઓ માટે પુજીત રૂપાણી ટ્રસ્ટના મુખ્ય બિલ્ડીંગમાં ઓપીડી સેન્ટર પણ કાર્યરત છે. જેમાં માત્ર દસ રૂપિયામાં નિદાન તથા સારવારનો લાભ મેળવી શકાય છે તથા શહેરના નિષ્ણાંત તબીબોની સેવાઓ પણ મેળવી શકાય છે. દર બુધવારે સવારે ૯ થી ૧૨

(અનું. આઠમાં પાને)

# ભાજપ વિશાળ સંગઠન ધરાવતી વિશ્વની મોટી રાજકીય પાર્ટી બની: પ્રભારી રાકેશ શાહ

## મહાનગરની વિધાનસભા ૭૦/૭૧ના શકિત કેન્દ્ર સત્યાપનની બેઠકમાં જેમાં સંગઠનલક્ષી ચર્ચા કરવામાં આવી




**અબતક,રાજકોટ**

ભારતના વડાપ્રધાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારમાં એન.ડી.એ. સરકાર તેમજ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ભાજપ સરકાર દેશના તથા રાજયના વિકાસ કામો અવિરત ચાલું છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ ભારત એટ ૨૦૪૭ ના સ્વપનને સાકાર કરવા માટે ભારતીય જનતા પક્ષના સંગઠનને મજબુત કરવા માટે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં સંગઠનપર્વની કામગીરી થઈ રહી છે ત્યારે પ્રદેશની સુચના અનુસાર વોર્ડ પ્રમુખ, મહામંત્રીની નિમણુંકો બાદ રાજકોટ મહાનગરની ચારેય વિધાનસભાના શકિતકેન્દ્રોના સંયોજકોની નિમણુંક કરવામાં આવેલ છે. આ શકિત કેન્દ્રોના સંયોજકો સાથે પ્રદેશ અગ્રણી, આણંદના પ્રભારી અને પૂર્વ ધારાસભ્ય રાકેશભાઈ શાહ અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં વિધાનસભા-૭૦ની સત્યાપન બેઠકો યોજવામાં આવી હતી તેમજ વિધાનસભા-૭૧ ના સત્યાપન બેઠકો શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી હતી.

આ તકે રાકેશભાઈ શાહે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ વિશાળ સંગઠન ધરાવતી વિશ્વની રાજકીયપાર્ટી બની ચુકી છે. જનસેવામાં હંમેશા અગ્રેસર રહી દેશના મુલ્યો અને વિચારધારા સાથે સમયની સાથે થતાં બદલાવમાં આગળ રહી છે. સંગઠનને આગળ વધારવા અને જનસંપર્ક સ્થાપિત કરવાને માટે કાર્યકર્તા દેશભરમાં કાર્યરત છે. શકિતકેન્દ્રના સંયોજકો પક્ષ માટે અગત્યનો હોદ્દો ધરાવે છે. આ બેઠકમાં શકિતકેન્દ્ર સંયોજકો સાથે સંગઠનલક્ષી ચર્ચાઓ કરી અને

(અનું. આઠમાં પાને)

### રસોડાનો ખજાનો ને દાદીમાનું વૈદુ

# સ્વાસ્થ્ય, સ્વાદ, સુગંધનું પાવર હાઉસ: જડીબુટ્ટી અને મસાલા

## આજે રાષ્ટ્રીય જડીબુટ્ટી અને મસાલા દિવસ, ભોજનને સ્વાદિષ્ટ બનાવવાની સાથે આરોગ્યનું પણ રક્ષણ કરે, મસાલાએ જ વૈશ્વિક વેપાર માર્ગો અને ભૌગોલિક શોધખોળોને જન્મ આપ્યો

અબતક રાજકોટ

આજે રાષ્ટ્રીય જડીબુટ્ટી અને મસાલા દિવસ છે, એ દિવસ જ્યારે આપણે ભારતીય રસોડાના હીરો - આપણી જડીબુટ્ટીઓ અને મસાલાઓને બિરદાવીએ છીએ. સદીઓથી, આ સુગંધિત અને ગુણકારી તત્વો માત્ર આપણા ભોજનને જ સ્વાદિષ્ટ નથી બનાવતા, પરંતુ આપણા આરોગ્યનું પણ રક્ષણ કરે છે.



રસોઈમાં જડીબુટ્ટીઓ અને મસાલાનો ઉપયોગ માત્ર સ્વાદ પૂરતો સીમિત નથી. તે પાચન સુધારવામાં, શરીરમાંથી ઝેરી તત્વો દૂર કરવામાં, અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. કાળા મરી, લવિંગ, એલચી જેવા મસાલા ભારતીય ભોજનને એક આગવો સ્વાદ આપે છે, જ્યારે ધાણા, જીરું અને હિંગ જેવી વસ્તુઓ પાચનમાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત, લીમડો, અશ્વગંધા, બ્રાહ્મી જેવી જડીબુટ્ટીઓનો ઉપયોગ વિવિધ આયુર્વેદિક ઉપચારોમાં થાય છે, જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આ દિવસે આપણે આપણા દાદીમાના નુસખા અને પરંપરાગત વાનગીઓમાં છુપાયેલા આ સ્વાસ્થ્ય રહસ્યોને ફરીથી જીવંત કરી શકીએ છીએ.

વળી, આ મસાલા અને જડીબુટ્ટીઓ માત્ર ભારતીય રસોઈ પૂરતા સીમિત નથી, પરંતુ વિશ્વભરની વિવિધ સંસ્કૃતિઓમાં તેમનું આગવું સ્થાન છે. ભૂતકાળમાં મસાલાઓનો વેપાર એટલો મહત્વનો હતો કે તેણે વૈશ્વિક વેપાર માર્ગો અને ભૌગોલિક શોધખોળોને જન્મ આપ્યો હતો. આ દર્શાવે છે કે આ સાધારણ દેખાતી વસ્તુઓનું માનવજાતિના ઈતિહાસ અને વિકાસમાં કેટલું મોટું યોગદાન રહ્યું છે. આજે પણ, જ્યારે આપણે કોઈ વિદેશી વાનગી ચાખીએ છીએ કે વૈશ્વિક બજારમાં નજર કરીએ છીએ, ત્યારે મસાલાઓની સમૃદ્ધિ અને વિવિધતા આપણને આકર્ષે છે.

આ સંદર્ભે, જાણીતા આયુર્વેદિક નિષ્ણાત ડો. સંજય જીવરાજાણીએ જડીબુટ્ટીઓ અને મસાલાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે, ''જડીબુટ્ટીઓ અને મસાલા એ ભારતીયોનો વારસો છે. આપણા મરી-મસાલા સાથે તંદુરસ્તીના ગુણ વણાયેલા છે, જે સદીઓથી આપણા સ્વાસ્થ્યનું રક્ષણ કરતા આવ્યા છે.'' તેમણે ભારપૂર્વક



જણાવ્યું કે, પ્રાચીન કાળથી જ આપણા દૈનિક જીવનમાં આ કુદરતી તત્વોનું આગવું સ્થાન રહ્યું છે.

ડો. જીવરાજાણીએ વધુમાં ઉમેર્યું કે, ''પહેલાના સમયમાં આપણા દિવસની શરૂઆત લીમડા કે કરંજના દાતણથી થતી, જે મોંના સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયી હતું.'' તેમણે પર્યાવરણ અને સ્વાસ્થ્ય બંને માટે તુલસીના મહત્વ પર ભાર મૂક્યો, અને કહ્યું કે, ''તુલસી સૌથી વધુ ઓક્સિજન આપે છે અને તે ઘરઆંગણે સરળતાથી ઉગાડી શકાય તેવી ઉત્તમ જડીબુટ્ટી છે.'' તેમણે લીમડો, તુલસી, એલોવેરા, કોયલવેલ અને બિલિપત્ર જેવી જડીબુટ્ટીઓને ઘર આંગણે ઉગાડવા યોગ્ય ગણાવી, જે આપણા સ્વાસ્થ્ય માટે અનેક રીતે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

મસાલાઓના ઔષધીય ગુણધર્મો વિશે વાત કરતા ડો. જીવરાજાણીએ જણાવ્યું કે, ''હળદર, જીરું, તજ, લવિંગ વગેરે જેવા મસાલા માત્ર સ્વાદ જ નથી વધારતા, પરંતુ તે સ્વાસ્થ્યવર્ધક પણ છે.'' તેમણે ખાસ કરીને હળદર અને એલોવેરાના બહુવિધ ઉપયોગોનો ઉલ્લેખ કર્યો, જે કોસ્મેટિક તરીકે પણ ખૂબ પ્રચલિત છે અને ત્વચા તથા વાળના સ્વાસ્થ્ય માટે અદ્દભુત પરિણામો આપે છે. વર્તમાન સમયમાં વાયરલ તાવના કેસમાં વધારો જોવા મળી રહ્યો હોવાથી, ડો. સંજય જીવરાજાણીએ આવા સમયે તુલસી, નિમપત્ર (લીમડાના પાન), ઘઉંના ઝવેરાનો રસ અને સરગવો જેવા કુદરતી ઉપચારોને રામબાણ ઈલાજ ગણાવ્યા, જે રોગપ્રતિકારક શકિત વધારીને બીમારી સામે રક્ષણ આપી શકે છે.આ રાષ્ટ્રીય જડીબુટ્ટી અને મસાલા દિવસ નિમિત્તે, ડો. સંજય જીવરાજાણીનો સંદેશ સ્પષ્ટ છે કે, આપણે આપણા પ્રાચીન વારસાને અપનાવીને સ્વસ્થ અને સુખી જીવન જીવી શકીએ છીએ. આપણા રસોડામાં અને ઘરઆંગણે રહેલા આ કુદરતી સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરીને આપણે આધુનિક બીમારીઓ સામે પણ રક્ષણ મેળવી શકીએ છીએ. ચાલો, આજના દિવસે આપણે આયુર્વેદના જ્ઞાનને અપનાવીએ અને પ્રકૃતિ સાથે સુમેળ સાધીને આરોગ્યમય જીવન તરફ આગળ વધીએ.

### આક્ષેપ-પ્રતિઆક્ષેપ વચ્ચે તંત્ર 'ઝોલે' ચડ્યું

# અમિત ખૂંટ આપઘાત કેસમાં દુષ્કર્મ ફરિયાદીએ તંત્રના દબાણમાં ખોટા નિવેદનો લખાવ્યાનો આક્ષેપ

## જયરાજસિંહ અને પોલીસે દબાણ કરી છ લોકો સામે બોલવા મજબુર કરી : સગીરાનું ચોંકાવનારું નિવેદન

## છ લોકોના નામ આપી દે તો ફરિયાદમાંથી તારૂ નીકળી જશે, આજીવન ખર્ચ આપીશું : લાલચ આપ્યાનો આરોપ

**અબતક, રાજકોટ**

ગોંડલ અને રીબડા જૂથ વચ્ચે ચાલતા રાજકીય વિવાદમાં તંત્ર આખું ઝોલે ચડ્યું છે. અગાઉ અમિત ખૂંટ વિરુદ્ધ દુષ્કર્મનો આરોપ, બાદમાં અમિત ખૂંટનો આપઘાત, અનિરુદ્ધસિંહ-જયરાજસિંહ સહિતના નામવાળી સુસાઈડ નોટ સહિતના ઘટનાક્રમમાં હવે વધુ એક નવો વળાંક આવ્યો છે. દુષ્કર્મની ફરિયાદ કરનાર સગીરા જેના પર હનિટ્રેપનો આરોપ મૂકવામાં આવ્યો છે તે સગીરાએ ગંભીર આક્ષેપો સાથે મેજિસ્ટ્રેટ સમક્ષ ચોંકાવનારૂં નિવેદન આપ્યું કે, 'પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને પોલીસે દબાણ લાવીને મારી પાસે નિવેદન લખાવ્યા હતા. મારી પર દુષ્કર્મ થયું છે, પણ પોલીસ મને જ ખોટી રીતે ફસાવી રહી છે. મને હેરાન કરીને છ લોકો વિરૂધ્ધ બોલવા મજબૂર કરી હતી. મને જીવનું જોખમ છે.'

રાજકોટમાં મોડેલિંગ કરતી ૧૭ વર્ષીય સગીરાએ ગત તા. ૩ મેના રોજ રીબડાનાં અમિત ખૂંટ નામના યુવાન સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જેના બે દિવસ બાદ દુષ્કર્મના આરોપી એવા અમિત ખૂંટે રીબડા ગામમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી હતી, જેમાં તેણે લખ્યું હતું કે 'મને મારવા પાછળ અનિરૂદ્ધસિંહ રીબડાનો હાથ છે. રાજદીપ ત્રાસ આપતો, પૈસા આપી



ખોટી ફરિયાદ કરાવી છે.' મૃતક અમીત ખૂંટ ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનો સમર્થક હોવાથી રાજકીય રંગ લાગતા મામલો ગરમાયો હતો અને આ મામલે રીબડાનાં ક્ષત્રિય આગેવાન અનિરૂદ્ધસિંહ અને તેમના દીકરા રાજદીપસિંહ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ચકચારી પ્રકરણમાં સમયાંતરે અનેક આક્ષેપબાજી ચાલુ છે ત્યાં આજે હનિટ્રેપ કેસની આરોપી સગીરાએ તેણીના વકીલ સાથે મેજિસ્ટ્રેટ સમક્ષ ચોંકાવનારૂ નિવેદન નોંધાવતા જણાવ્યું કે, 'મૃતક અમિત ખૂંટ દ્વારા કેફી પીણું પીવડાવીને મારા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે અને પછી મેં ફરિયાદ કરતા પોતે આપઘાત કરી લીધો છે. તેની પાસેથી મળેલી સુસાઈડ નોટમાં લગાવવામાં આવેલા હનીટ્રેપના આક્ષેપ ખોટા છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને તેના માણસો દ્વારા ખુબ દબાણ કરીને મને ૬ લોકો અનિરૂદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા, દિનેશ પાતર, રહીમ અને સંજય પંડિતનાં નામ આપી દેવા માટે કહેવામાં આવ્યું હતું. જેમાં અનિરૂદ્ધસિંહ કે રાજદીપસિંહ જાડેજાને હું ઓળખતી પણ નથી. આજે મારાં અને મારા પરિવારનાં જીવને જોખમ છે, અમને સુરક્ષા મળે એવી મારી માગ છે.

મેજિસ્ટ્રેટ સમક્ષ વકીલ મારફતે સગીરાએ નિવેદન નોંધાવવા સાથે આ કેસમાં પીડિતા સગીરાની ગેરકાયદે અટકાયત, અપહરણ, ધાક-ધમકી આપવી સહિતની કલમ હેઠળ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, તેના પુત્ર ગણેશ જાડેજા તેમજ ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કિશોરસિંહ ઝાલા, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એ. ડી. પરમાર તેમજ રાજકોટ શહેરના ઝોન-૨ના ડીસીપી જગદીશ બાંગરવા તેમજ એ-ડિવિઝનના પોલીસ અધિકારી સહિતના વિરૂદ્ધ અલગથી ફરિયાદ નોંધીને ગુનો દાખલ કરવાની માંગ કરી હતી. સગીરાએ નિવેદનમાં કહ્યું કે, 'મને હેરાન કરીને ખોટુ બોલવા મજબુર કરાઈ હતી. જયરાજસિંહ અને પોલીસ મને નિવેદન અપાવતા હતા અને દબાણ કરતા હતા કે તું છ-સાત વ્યક્તિઓના નામ આપી દે એટલે તારૂ નામ આરોપીમાંથી નીકળી જશે. તને આજીવન ખર્ચ આપીશું. આ રીતે દબાણ કરી નિવેદન લખાવતા હતા.

### જયરાજસિંહથી માંડી પોલીસ અધિકારીઓ સામે અલગથી ફરિયાદ નોંધવા માંગ

મેજિસ્ટ્રેટ સમક્ષ વકીલ મારફતે સગીરાએ નિવેદન નોંધાવવા સાથે આ કેસમાં પીડિતા સગીરાની ગેરકાયદે અટકાયત, અપહરણ, ધાક-ધમકી આપવી સહિતની કલમ હેઠળ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, તેના પુત્ર ગણેશ જાડેજા તેમજ ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કિશોરસિંહ ઝાલા, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એ. ડી. પરમાર તેમજ રાજકોટ શહેરના ઝોન-૨ના ડીસીપી જગદીશ બાંગરવા તેમજ એ-ડિવિઝનના પોલીસ અધિકારી સહિતના વિરૂદ્ધ અલગથી ફરિયાદ નોંધીને ગુનો દાખલ કરવાની માંગ કરી હતી.

# આપઘાતની ફરજ પાડવાના ગુનામાં પાંચ આરોપીની જામીન અરજી રદ

## આંતરજ્ઞાતીય કોર્ટ મેરેજ બાબતે યુવતિના પરિવારજનો મારકુટ અને ધમકીથી ડરી યુવાનની માતાએ બાલ્કનીમાંથી કૂદીને જીવન ટૂંકાવ્યું હતુ

**અબતક, રાજકોટ**

શહેરમાં આંતરજ્ઞાતીય યુવક યુવતીના પ્રેમ પ્રકરણમાં કોર્ટ મેરેજ બાબતે યુવાનના પરિવારજનોને જુદી જુદી જગ્યાએ લઈ જઈ મારકુટ, ગાળાગાળી, ધમકીથી યુવાનની માતાને બાલ્કનીમાંથી કૂદીને આપઘાતની ફરજ પાડવાના ગુન્હામાં કુલ આઠ આરોપી પૈકીના પાંચ આરોપીઓએ કરેલી જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.આ અંગેની હકીકત મુજબ, શહેરના સાધુવાસવાણી રોડ,આદિત્ય હાઈટ્સ મા રહેતા ગૌતમભાઈ કીશોરભાઈ જાનીના ભાઈ મિલનના પ્રેમ પ્રકરણ બાબતે મનીષ જલાભાઈ સભાડ, ગોપાલભાઈ સભાડ, વિજયભાઈ સભાડ, જલાભાઈ સભાડ, મેહુલભાઈ સભાડ, કવાભાઈ સભાડ, વિમલભાઈ સભાડ, સાગરભાઈ સભાડ વગેરેએ ઘરે આવી મિલન અને પાયલ ક્યાં છે? એ બાબતે બોલાચાલી અને ડખો કરી ઝઘડો કરી પોતાના માતા ઉષાબેન અને પરિવારજનોને કિડનેપ કરી ઢીકાપાટૂનો માર, બેફામ ગાળાગાળી કરી, ધમકી આપવા ઉપરાંત બાદમાં કટારીયા ચોકડી, ઈન્દિરા સર્કલ, ગોંડલ રોડ ચોકડી, જુનાગઢ સગાના ઘરે વગેરે સ્થળોએ લઈ જઈ પરિવારજનો ઉપર ઢીકાપાટુનો માર સહિતનો જોર જુલમ અને ધમકી આપવાને કારણે શારીરિક માનસિક ત્રાસથી કંટાળી માતા ઉષાબેને ફલેટની બાલ્કનીમાંથી પડતું મૂકી દેતા ગંભીર ઈજા સાથે તા. ૧૪/૦૧/૨૦૨૫ના મૃત્યુ પામેલ હતા. આથી ગૌતમ જાનીએ ઉપરોકત જણાવેલ આરોપીઓ વિરૂધ્ધ ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ અધીકારી દ્વારા કુલ ૮ આરોપીઓની ગુન્હાના કામે ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપીઓ પૈકી કૈલાશ ઉર્ફે કવો દાનાભાઈ સભાડની જામીન અરજી ગત ફેબ્રુઆરી માસમાં રદ થઈ હતી. દરમિયાન ચાર્જશીટ મુકાઈ ગયા બાદ આરોપીઓ વિમલ સભાડ, ગોકુલ સભાડ, સાગર સભાડ, મેહુલ સભાડ અને વિજય સભાડે જેલમાંથી જામીન ઉપર છૂટવા તેના વકીલ મારફત રેગ્યુલર જામીન અરજી કરી હતી. જે અરજીમાં ફરિયાદ પક્ષના વકીલે હાજર થઈ પાંચેય જામીનઅરજી નામંજુર કરવા મૌખિક લેખિત દલીલો કરી હતી. જેમાં એક આરોપીની પુત્રીએ ફરિયાદીના ભાઈ સાથે લગ્ન કરેલ હોય તેનો બદલો લેવા ફરિયાદી તથા તેના માતાને ફરિયાદી વગેરેને કિડનેપ કરી અસહય માર તથા અસહય ત્રાસના કારણે ફરિયાદીના માતાએ ગેલેરીમાંથી કુદકો મારી આપઘાત કરેલ હોય અને આરોપીઓ સમાજ માટે ખતરા સમાન હોય અને તપાસ ચાલુ હોય આરોપીને જામીન પર મુકત ન કરવા અરજ કરી હતી. અદાલતે તમામ પક્ષકારોને વિગતવાર સાંભળ્યા બાદ આરોપી સામે પ્રાઈમાફેસી પુરાવો હોય જેથી પાંચેય આરોપીની જામીન અરજી નામંજુર કરી છે. આ કામમાં મુળ ફરીયાદી વતી પિયુષભાઈ શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, કશ્યપ ઠાકર, રવિ મુલીયા, ચિત્રાંક વ્યાસ, રાજુ ગોસ્વામી, ભાવીન રૂઘાણી, સાગર વાટલીયા, સચિન ગોસ્વામી, કપિલ મૂળિયા, નેહાબેન વ્યાસ, બીનાબેન પટેલ, ઉર્વીશા યાદવ,રીનાબેન સરના અને સરકાર પક્ષે મદદનીશ સરકારી વકીલ દિલીપ મહેતા રોકાયા હતા.

# કેકેવી ચોક નજીક રીક્ષાને ટક્કર મારી ચાલકને સળિયા વડે માર મરાયો

### છોડાવવા વચ્ચે પડેલા કૌટુંબિક ભાઈને પણ સળીયો ઝીંકી દીધોઃ તાલુકા પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના કેકેવી ચોક નજીક રીક્ષાને ટક્કર માર્યા બાદ ચાલકને લોખંડના સળિયા વડે માર મારવાનો બનાવ તાલુકા પોલીસના ચોપડે નોંધાયો છે. ઘટનામાં રીક્ષાચાલકને બચાવવા પડેલા કૌટુંબિક ભાઈને પણ ટક્કર મારનાર રીક્ષાના ચાલકે સળીયો ઝીંકી દીધો હતો.

કાલાવડ રોડ પર પુષ્કરધામ નજીક આરએમસી ક્વાર્ટરમાં રહેતા ૩૫ વર્ષીય રીક્ષા ચાલક રમેશભાઈ નારણભાઈ ભાદરવડાએ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીજે-૦૩-બીયુ-૭૯૫૪ નંબરની રીક્ષાના ચાલકનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના દોઢ વાગ્યે હું મારી ઓટો રીક્ષા લઈને કે.કે.વી. ચોકમાં મેટ્રો શોરૂમની સામે રિક્ષા રાખી પેસેન્જર ભરી રીક્ષા ચાલુ કરવા જતો હતો. ત્યારે મારી પાછળથી એક રીક્ષાના ચાલકે મારી બાજુમાંથી પોતાની રિક્ષા લઈ મારી રિક્ષાને ટક્કર મારી હતી. બાદ રીક્ષા આગળ ઉભી રાખી ચાલક રિક્ષામાંથી બહાર આવેલ હતો. જે શખ્સને મેં કેમ મારી રીક્ષામાં તારી રીક્ષા અથડાવે છે કહેતા રીક્ષાચાલક મને ગાળો દેવા લાગ્યો હતો. મેં મારા મોબાઈલ ફોનમા રીક્ષા અને ચાલકનો વિડીયો રેકોર્ડિંગ કરતા રીક્ષાચાલકે તેની રિક્ષામાંથી એક લોખંડનો સળીયો કાઢી મને માથાના ભાગે તથા ડાબા હાથે પગે માર માર્યો હતો. આ વખતે ત્યાં હાજર મારા કુટુંબી ભાઈ સાગરભાઈ કેશુભાઈ શીંગરખિયા આવી જતા મને વધુ મારથી બચાવવા જતાં તેને પણ રીક્ષા ચાલકે સળીયો મારી દીધો હતો.

બાદમાં રીક્ષાચાલક તેની રીક્ષા લઈને બનાવસ્થળેથી નાસી જતો હોય દરમિયાન રીક્ષાના નંબર જીજે-૦૩-બીયુ-૭૯૫૪ હોવાનું મે નોંધ્યું હતું. બાદમાં કોઈ રાહદારીએ ૧૦૮ એમ્બયુલન્સમાં ફોન કરતા કૌટુંબિક ભાઈ સાગર મને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયેલ હતો. મામલામાં રીક્ષા ચાલક યુવકે હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે જીજે-૦૩-બીયુ-૭૯૫૪ રીક્ષાના ચાલકની માહિતી એકત્ર કરી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# પારેવડા ગામે પિયરમાં વિધવાનો ઝેરી દવા પી આપઘાત

### બાર વર્ષમાં બે લગ્ન છતાં ચુડલો અકબંધ ન રહયાનો વસવસો મહિલાને કોરી ખાતો તો

**અબતક, રાજકોટ**

શહેરના એરપોર્ટ પોલીસ મથકની હદમાં આવેલ પારેવડા ગામે પિયરમાં રહેતી વિધવા મહિલાએ ઝેરી દવા પી લઈ આપઘાત કરી લેતા પરિવારમાં કલ્પાંત મચી જવા પામ્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ પારેવડા ગામે માવતર માં રહેતી મધુબેન વિપુલભાઈ રોજાસરા કોળી એ તારીખ ૪ /૬ ના રોજ બપોરે ૪:૩૦ વાગે ઝેરી દવા પી લેતા પ્રથમ સારવાર કુવાડવા સદભાવના હોસ્પિટલ બાદ રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા ચાલુ સારવાર દરમિયાન ૯ જુનના રોજ ૧૧:૦૦ વાગે મૃત્યુ થયું હતું. આ બનાવની કરુણતા એ છે કે મધુબેન ના બે લગ્ન થયા હતા પ્રથમ લગ્ન માં સાત વર્ષ બાદ પ્રથમ પતિનું મૃત્યુ બીજા લગ્નમાં પાંચ વર્ષ બાદ બીજા પતિનુ મૃત્યુનીપજ્યું હતું પ્રથમ લગ્નમાં એક દીકરો એક દીકરી અને બીજા લગ્ન પણ સુખરૂપ ન નીવડતા છેલ્લા કેટલાક સમયથી મધુબેન પોતાની માતાના ગામે રહેતા હતા ,એકલવાયા અને કિસ્મતની બલિહારી ..બે બે લગ્ન છતાં ચૂડલો સલામત ન રહ્યા ના વસવસામાં તેમણે ઝેરી દવા પી લીધી હોવાનું પારિવારિકસૂત્રોએ જણાવ્યું છે આ અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનના એએસઆઈ પરેશભાઈ સાંગાણી તપાસ ચલાવી રહ્યા છે

# ઘરના જ ભો ટાંકામાં અકસ્માતે પડી જતા વૃદ્ધાનું મોત

### સવારે ઘરના મોભી ક્યાંય જોવા ન મળતા શોધખોળ દરમિયાન ટાંકા માંથી બેભાન હાલતમાં વૃદ્ધા મળી આવ્યા

**અબતક, રાજકોટ**

શહેરના મોરબી રોડ પર આવેલ બ્રાહ્મણીયા પરામાં ૫૯ વર્ષના વૃદ્ધા નું ઘરના જ ભોઈ ટાંકામાં પડી જતા મોત નીપજ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મોરબી રોડ પર આવેલ બ્રાહ્મણીયા પરા બાલક હનુમાન મંદિર સામે રહેતા લતાબેન ધીરુભાઈ ખૂટ ગઈકાલે સવારે અચાનક ઘરમાં ન દેખાતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી ,અને લતાબેન ભોઈ ટાંકામાંથી મળી આવતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયું હતું, તાત્કાલિક લતાબેન ને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યું હતા, સંતાનમાં એક પુત્ર ધરાવતા લતાબેન ની બીમારીની દવા ચાલુ છે લતાબેન નું મૃત્યુ આકસ્મિક સંજોગોમાં ટાંકામાં પડી જવાથી થયું છે કે તેમણે આપઘાત કરી લીધો છે તે અંગે બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે

# એપાર્ટમેન્ટમાં કલર કામ કરતા યુવાન ત્રીજા માળેથી પટકાતા મોત

### રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ રીનોવેશન દરમિયાન દુર્ઘટનામાં યુવાનનો ભોગ લેવાયો, માસુમ પુત્રીએ પિતાનું ગુમાવ્યું છત્ર

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ નજીક પર્ણકુટીર સોસાયટી નજીક એપાર્ટમેન્ટ ના રીનોવેશન દરમિયાન કલરકામ કરતા યુવાનનું ત્રીજા માળેથી અકસ્માતે નીચે પડતા પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. અંગે પ્રાપ્ત વિગત મુજબ પર્ણ કુટીર સોસાયટીમાં આવેલ રુદ્રાક્ષ એપાર્ટમેન્ટ ના રીનોવેશન દરમિયાન લક્ષ્મીનગર નાળા પાસે હાલમાં જ રહેવા આવેલા રાજુભાઈ દયારામ સહાની ગઈકાલે સાંજે છ વાગ્યે રુદ્રાક્ષ એપાર્ટમેન્ટના ત્રીજા માળે કલર કામ કરતો હતો તે દરમિયાન અકસ્માતે પગ લપસતા નીચે ફટકાયો હતો અને બેભાન થઈને ઢળી પડ્યો હતો, રાજુભાઈ ને તાત્કાલિક વિભાગ વ્યવસ્થામાં સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો જ્યાં સારવાર મળે તે પહેલા તેનું મોતની ભજવ્યું હતુ મનના રાજુભાઈ નવ મહિના પહેલા જ વતનમાંથી રાજકોટ આવ્યો હતો અને બે ભાઈમાં સૌથી મોટો હતો સંતાનમાં એક પુત્રી હોવાનું પારિવારિક સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

### રાજકોટની ચકચારી હરેન્દ્ર લોઢીયા અને જેતપુર દેવ્યાની ડાઈંગ હત્યાકાંડમાં સંડોવાયેલા

# હથિયાર સપ્લાય કરવાના બે ગુનામાં ૧૩ વર્ષથી ફરાર કુખ્યાત આબીદ અંસારીને ઝડપી લેવાયો

### રાજકોટ સહિત ત્રણ હત્યામાં સંડોવાયેલ શખ્સને રાવકી જીઆઈડીસીમાંથી ઉઠાવી લેવાયો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ચર્ચાસ્પદ બનેલા રાજકોટના હરેન્દ્ર લોઢીયા હત્યા કાંડુ અને જેતપુરના દેવ્યાની ડાઈંગ હત્યાકાંડમાં પકડાયેલા યુપીના આઝમગઢના કુખ્યાત આબીદ સદરુદ્દીન ઉર્ફે સલારન અન્સારી (ઉ.વ.૫૩)ને રાજકોટ રૂરલ પેરોલ ફર્લો સ્કવોડએ રાવકી જીઆઈડીસીમાંથી ઝડપી લીધો હતો. છેલ્લા ૧૩ વર્ષથી લોધીકા અને વીરપુર પોલીસ મથકમાં નોંધાયેલા હથિયારધારાના બે ગુનામાં વોન્ટેડ હતો. આરોપી વિરૂધ્ધ કોર્ટે સીઆરપીસીની કલમ ૭૦ અને ૮૨ મુજબ વોરન્ટ પણ ઈશ્યુ કર્યું હતું. પોલીસનો દાવો છે કે તેના દ્વારા છેલ્લા ઘણા સમયથી આરોપીને પકડવા માટે કામગીરી કરવામાં આવી રહી હતી. પરંતુ આરોપી હાથમાં આવતો ન હતો. આખરે રાવકી



જીઆઈડીસીમાં આવ્યાની માહિતી મળતાં તેને ઝડપી લેવાયો છે.

આરોપી લાંબો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. તેના વિરૂધ્ધ હરેન્દ્ર લોઢીયા હત્યા અંગે ભક્તિનગર પોલીસ મથકમાં જ્યારે જેતપુરનાં દેવ્યાની ડાઈંગ હત્યા અંગે જેતપુર સિટી પોલીસ મથકમાં ગુના નોંધાયા હતાં. આ ઉપરાંત આઝમગઢમાં પણ હત્યા, મારામારી સહિત પાંચ ગુના નોંધાયેલા છે. કાનપુરમાં પણ એક ગુનો નોંધાયેલો છે. હરેન્દ્ર લોઢીયા અને દૈવ્યાની ડાઈંગ હત્યા કેસમાં હથિયારો સપ્લાય કરવા અંગે આરોપીનું નામ ખુલ્યું હતું.

આરોપીનો લોધીકા પોલીસને કબજો સોંપી દેવાયો છે. જેમાં ઘણા ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના છે. આરોપી કામની તલાશમાં રાવકી જીઆઈડીસી આવ્યાની પ્રાથમિક તપાસમાં પેરોલ ફર્લો સ્કવોડને માહિતી મળી છે.

# શાપરમાં પ્રોસિઝન એલોય કાસ્ટ ફેક્ટરીમાં બોઈલર ફાટતા કારખાનેદાર ભરતભાઈ કાકડીયાનું મોતઃ ત્રણ ઘાયલ


### ફેક્ટરીમાં કાસ્ટિંગ કામ ચાલુ હતું તે દરમિયાન અકસ્માતે બોઈલર ફાટ્યુંઃ કારખાનેદાર બંધુઓ મોનિટરિંગમાં હતા

**અબતક, રાજકોટ**

શાપર- વેરાવળ જીઆઈડીસી માં કાસ્ટિંગની ફેક્ટરીમાં બોઈલર ફાટતા કારખાનેદાર માલિક નું મૃત્યુ નીપજ્યું હતું જ્યારે કારીગર સહિત ત્રણ ગંભીર રીતે દાજતા સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શાપર ગોલ્ડન ગેટ બે વીરવા રોડ પર આવેલ પ્રોસિઝન એલોય કાસ્ટ નામના કારખાનામાં ગઈકાલે રાત્રે એલ્યુમિનિયમ કાસ્ટિંગ નું કામ ચાલતું હતું ,ત્યારે ઓઈલ લીકેજ ના કારણે ભઠ્ઠી માં બ્લાસ્ટ સાથે મોટો ભડકો થયો હતો અને કારખાનાના ભાગીદાર ભરતભાઈ કાકડીયા, તેમના ભાઈ જયેશભાઈ કાકડીયા અને બનેવી પિયુષભાઈ પટેલ અને શ્રમિક પ્રદ્યુમનભાઈ રામ કૃપાલ રાજપુત ૨૩ ને સામાન્યથી લઈ ગંભીર ઈજા થઈ હતી અને તમામને અલગ અલગ દવાખાને સારવાર માં ખસેડવામાં આવ્યા હતા જ્યાં કારખાનેદાર ભરતભાઈ કાકડીયાનું ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. બોઈલર ફાટવાની ઘટનામાં દાઝેલા પ્રદ્યુમન ને સરકારી હોસ્પિટલ અને જયેશભાઈ અને પિયુષભાઈ ને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે આ અંગે સાપર પોલીસના એએસઆઈ ગોપાલભાઈ સહિતનો સ્ટાફે ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરી છે.



મૃતક ભરતભાઈ કાકડીયા



ઈજાગ્રસ્ત જયેશ કાકડીયા

# પોરબંદર એક્સ. ટ્રેનના ડબ્બામાંથી રૂ.૮૭ હજારની મતા ભરેલા પર્સની ઉઠાંતરી

### ગેમઝોન સંચાલકનો પરિવાર જામજોધપુર ખાતે પ્રસંગમાં હાજરી આપવા જતો હતો ત્યારે તસ્કરનો ભેટો થઈ ગયો'તો

**અબતક, રાજકોટ**

પોરબંદર એક્સપ્રેસ ટ્રેનના જનરલ ડબ્બામાંથી ગેમઝોન સંચાલકના પત્નીના થેલામાં રહેલ પર્સની ચોરી થઈ ગઈ હતી. જેમાં રોકડ રકમ અને દાગીના સહિત રૂ. ૮૭,૩૬૫ ની મત્તા હોય જે અંગે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. મૂળ રાજકોટનો વતની હાલ અમદાવાદ રહેતો પરિવાર જામજોધપુર લગ્ન પ્રસંગમાં જતો હતો દરમિયાન આ ઘટના બની હતી.

હાલ અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં રહેતા મૂળ રાજકોટના શિવરાજ પાર્ક વિસ્તારના વતની ગેમઝોન સંચાલક રમેશભાઈ મૂળજીભાઈ માકડીયા (ઉ.વ ૫૬) દ્વારા રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ જામજોધપુરમાં રહેતા તેમના સાઢુભાઈની દીકરીના લગ્ન તારીખ ૭/૬/૨૦૨૫ ના હોય જેથી તા. ૩/૬/૨૦૨૫ ના અમદાવાદથી રાજકોટ આવવા ગાંધીનગર વેરાવળ ટ્રેનમાં બેઠા હતા. અહીં રાજકોટમાં સાધુ વાસવાણી રોડ પર રહેતા તેમના સાળાના ઘરે એક દિવસ રોકાયા હતા. બાદમાં રાજકોટના ભકિતનગર સ્ટેશનથી જામજોધપુર જવા માટે પોરબંદર એકસપ્રસ ટ્રેનમાં ગઈ તા. ૪/૬/૨૦૨૫ ના ટ્રેનના જનરલ ડબ્બામાં બેઠા હતા. તે સમયે તેમના પત્ની પાસે ખાખી કલરના થેલામાં એક નાનું પર્સ હતું. જેમાં સોનાનું પેન્ડલ, સોનાનો ચેન, રોકડ રૂ.૧૦,૮૬૦ સહિત કુલ રૂપિયા ૮૭,૩૬૫ ની મત્તા હતી. ભક્તિનગરથી ગોંડલ આવતા ફરિયાદીના પત્નીએ થેલો હાથમાં રાખ્યો હતો જે પાણી પીવા માટે તે થેલો જોતા અંદર દાગીના તથા રોકડ રૂપિયા સાથેનું પર્સ જોવા મળ્યુ ન હતું. આજુબાજુ તપાસ કરી હતી પરંતુ ક્યાંય પર્સ જોવા ન મળતા ચોરી થયાનું માલુમ પડ્યું હતું તેથી તેમણે તેમના સાળાને ફોન કરી આ બાબતે જાણ કરી હતી.

બાદમાં તેમણે આ અંગે રેલવે પોલીસ સ્ટેશનમાં રોકડ અને દાગીના સહિત ૮૭,૩૬૫ ની મત્તા સાથેનું પર્સ ચોરી થયા અંગે આ ફરિયાદ નોંધાવી છે.

# ગાંધીગ્રામના ૫૫ વર્ષીય આધેડને કોરોના ભરખી ગયો

## બ્લડ કેન્સર, ડાયાબિટીસ, બી.પી. અને ફેફસાની બિમારીથી પીડાતા આધેડનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાના ગણતરીની કલાકોમાં સિવિલ હોસ્પિટલમાં દમ તોડી દીધો

**અબતક, રાજકોટ**

કોરોનાની ચોથી લહેરમાં દેશભરમાં કોરોનાના કેસમાં દિનપ્રતિદિન વધારો થઇ રહ્યો છે. રાજકોટમાં આજે કોરોનાના નવા ૯ કેસ નોંધાયા હતા. શહેરમાં નવી લહેરમાં કોરોનાથી ગત મધરાતે શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા આધેડનું મૃત્યુ નિપજતાં શહેરભરમાં ડરનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. હાલ શહેરમાં કોરોનાના ૧૧૩ કેસ નોંધાયા છે. જે પૈકી ૫૩ કેસ એક્ટિવ છે. બે દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે.

આ અંગે વધુ માહિતી આપતા કોર્પોરેશનના આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણીએ જણાવ્યું હતું કે શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષીય વૃદ્ધને કોરોના જેવા લક્ષણો દેખાતા તેઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. ગઇકાલે જ તેઓનો કોવિડ રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. દરમિયાન મધરાતે તેઓનું મૃત્યુ નિપજ્યું છે. કોરોના પોઝીટીવ મૃત્તક બ્લડ કેન્સર, ડાયાબિટીસ, બી.પી. અને ફેફસાની બિમારીથી પીડાતા હતા. નવા વેરિએન્ટે શહેરમાં પ્રથમ દર્દીનો ભોગ લીધો છે. આજે શહેરમાં કોરોનાના નવા ૯ કેસ નોંધાયા છે. જે પૈકી માત્ર ૫૩ દર્દીઓ જ સારવાર હેઠળ છે. બાકીના તમામ કોરોનામુક્ત થઇ ગયા છે. કોરોનાથી શહેરમાં પ્રથમ મોત નિપજતાં થોડો ડરનો માહોલ વ્યાપી જવા પામ્યો છે. આ કેસમાં નવો વેરિએન્ટ હોવાની શંકા છે. જીનોમ સિક્વેન્સીસ રિપોર્ટ માટે સેમ્પલ મોકલવામાં આવ્યા છે. હાલ કુલ બે દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે. બાકીના તમામ દર્દીઓ હોમ આઇસોલેશન હેઠળ છે.

ગુજરાતમાં કોરોનાનો પ્રકોપ સતત વધી રહ્યો છે. સોમવારે એક જ દિવસમાં કોરોનાના નવા ૨૩૫ કેસો નોંધાયા હતા. રાજયમાં કોવિડનો નવો વેરિઅન્ટ પણ દેખાવા લાગ્યો છે. જો કે સંક્રમિત દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવાની ટકાવારી ખુબ જ ઓછી છે. આરોગ્ય વિભાગ હાલ એલર્ટ મોડ પર આવી ગયું છે. તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. કોરોનાને નાથવા તંત્ર સજજ બની ગયું છે.

રાજયમાં ગઇકાલે સોમવારે અત્યાર સુધીના સૌથી વધુ ૨૩૫ નવા કેસ નોંધાયા હતા. આ સાથે રાજયમાં હાલ કોરોનાના એકિટવ કેસનો આંક ૧૧૦૯ પહોંચી ગયો છે. જે પૈકી ૩૩ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે. જયારે ૧૦૭૬ દર્દીઓ ઓપીડી બેઇઝ સારવાર હેઠળ છે. ગઇકાલે રાજયમાં ૧૦૬ દર્દીઓને કોરોનાને હરાવ્યો હતો. રાજયમાં હાલ કોરોનાના જેએન-૧, એલએફ-૭, એલએફ-૭.૯ અને એકસ એફજી એમ કુલ ચાર વેરિઅન્ટ એકિટવ છે. આ તમામ વેરિઅન્ટ સામાન્ય પ્રકારના જ હોવાના કારણે લોકોએ બહુ ચિંતા કરવાની આવશ્યકતા નથી.

દરમિયાન આજે રાજકોટમાં કોરોનાના નવા ૯ કેસ નોંધાયા છે. મલેરિયા અને મુંબઇની ટ્રાવેલીંગ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ સંક્રમિત થયા છે. વોર્ડ નં.૮ માં કાલાવડ રોડ પર ૩૬ વર્ષીય યુવાન નરશી પાર્કમાં ૩૨ વર્ષીય યુવાન, અને મયુરનગરમાં ૨૬ વર્ષીય યુવાન, વોર્ડ નં.૩ માં વર્ધમાનનગરમાં ૨૬ વર્ષીય યુવાન, અને આકાશદીપ સોસાયટીમાં ૪૪ વર્ષીય મહિલા, વોર્ડ નં. ૭ માં હેમુ ગઢવી હોલ પાછળ યુવતિ, વોર્ડ નં. ૧૪માં કેવડાવાડી વિસ્તાર અને વોર્ડ નં. ૧૭માં રાજલક્ષ્મી સોસાયટીમાં ૬૯ વર્ષીય વૃધ્ધ કોરોના સંક્રમિત થયા છે.

રાજકોટમાં આજ સુધીમાં કોરોનાના કુલ ૧૧૪ કેસ નોંધાયા છે. જે પેકેટ ૫૦ ટકાથી વધુ દર્દીઓ એટલે કે ૬૧ દર્દીઓએ કોરોનાને મ્હાત કર્યા છે. જયારે ૫૩ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. મલેરિયા અને મુંબઇની ટ્રાવેલ્સ હિસ્ટ્રી ધરાવતા વ્યકિતઓ કોરોનાથી ઝપટમાં આવી ગયા છે. આજે નોંધાયેલા નવ કેસમાં આઠ દર્દીઓ યુવા છે. રાજયભરમાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે. દેશમાં ગુજરાત બીજા ક્રમે છે.

# રાજ્યમાં ફક્ત એક માસમાં બોમ્બ વિસ્ફોટની ચાર પોકળ ધમકીઓ

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, ઈન્ડિગો ફ્લાઈટ અને શાળા બાદ હાઈકોર્ટ પરિસરને ઉડાવી દેવાની ધમકીથી પોલીસતંત્ર દોડતું થયું

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે સોમવારે બપોર પછીની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી કારણ કે, કોર્ટ પરિસરમાં વિસ્ફોટ થવાની ધમકી આપવામાં આવી હતી. બપોર પહેલા મોકલવામાં આવેલા આ ઈમેલના પગલે પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ યુનિટ્સ દ્વારા તાત્કાલિક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યો હતો. જો કે, બાદમાં વિસ્ફોટનો દાવો પોકળ સાબિત થયો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક માસમાં નરેન્દ્ર મોદી

વિસ્ફોટ અંગેના ઈમેલની જાણ થતાં જ અમદાવાદ શહેર પોલીસે બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) ની છ ટીમો સાથે મળીને એસજી રોડ પર સ્થિત હાઈકોર્ટ સંકુલમાં સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ટીમોમાં ફાયર સર્વિસ યુનિટ્સ અને અનેક શાખાઓના અધિકારીઓ પણ સામેલ હતા.કોર્ટની તમામ ઈમારતો, સ્ટાફના પ્રવેશદ્વારો અને પાર્ક કરેલા તેમજ આવતા વાહનોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. કોર્ટના કર્મચારીઓ દ્વારા મુખ્યત્વે ઉપયોગમાં લેવાતા ગેટ નંબર ૫ ને ઓપરેશનના ભાગ રૂપે સીલ કરવામાં આવ્યો હતો જ્યારે એસઆરપી કર્મચારીઓએ કડક સુરક્ષા સુનિશ્ચિત કરી હતી.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઝોન-૧) સફીન હસને જણાવ્યું હતું કે, અમદાવાદ અને ગાંધીનગરની ત્રણ-ત્રણ બીડીડીએસ ટીમો તકનીકી દેખરેખ સાધનો સાથે તૈનાત કરવામાં આવી હતી. શંકાસ્પદ વસ્તુઓની શોધમાં તમામ વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના સત્તાવાર ઈમેઈલ આઈડી પર સવારે ૧૧.૪૫ વાગ્યે એક અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલા ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે, સાંજે કોર્ટ બિલ્ડીંગમાં ઈમ્પ્રુવાઈઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) દ્વારા વિસ્ફોટ થશે. વધુમાં ડીસીપીએ જણાવ્યું હતું કે, ઈમેઈલ મોકલનાર વ્યક્તિએ ચેતવણી આપી હતી કે સાંજે હાઈકોર્ટની એક ઈમારતમાં આઈઈડી વિસ્ફોટ થશે. ધમકીની જાણ થતાં સ્થાનિક પોલીસ અને બીડીડીએસની છ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

ધમકી બાદ ગુજરાત

(અનુ. આઠમા પાને)

# વટ સાવિત્રી વ્રતઃ શ્રદ્ધાનો સંગમ, સૌભાગ્યનું વરદાન

**અબતક, રાજકોટ**


તસવીરઃ શૈલેષ વાડોલિયા

વડ સાવિત્રી વ્રત, હિંદુ ધર્મમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને પવિત્ર તહેવાર છે, જે જેઠ મહિનાની પૂનમ ના દિવસે ઉજવવામાં આવે છે. આ વ્રત પરિણીત મહિલાઓ દ્વારા તેમના પતિના લાંબા આયુષ્ય, સારા સ્વાસ્થ્ય અને સુખી દામ્પત્ય જીવન માટે રાખવામાં આવે છે. આ દિવસે, મહિલાઓ સૂર્યોદય પહેલાં સ્નાન કરીને શુદ્ધ વસ્ત્રો ધારણ કરે છે અને વડના વૃક્ષની પૂજા કરે છે.વડ સાવિત્રી વ્રત દેવી સાવિત્રી અને સત્યવાનની કથા સાથે ગાઢ રીતે જોડાયેલું છે. પૌરાણિક કથા અનુસાર, સાવિત્રીએ પોતાના પતિ સત્યવાનના પ્રાણ યમરાજ પાસેથી પાછા મેળવવા માટે આ વ્રત કર્યું હતું. તેમની શ્રદ્ધા, નિષ્ઠા અને તપસ્યાથી પ્રસન્ન થઈને યમરાજે સત્યવાનને પુનર્જીવિત કર્યા હતા. ત્યારથી, આ વ્રત મહિલાઓ માટે અતૂટ શ્રદ્ધા અને સમર્પણનું પ્રતીક બની ગયું છે.વડ સાવિત્રીના દિવસે મહિલાઓ વડના વૃક્ષની આસપાસ સૂતરનો દોરો વીંટીને પરિક્રમા કરે છે. વડના વૃક્ષને ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સ્વરૂપ માનવામાં આવે છે. પૂજામાં ફળ, ફૂલ, ધૂપ, દીપ, નૈવેદ્ય અને અન્ય પૂજા સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. આ દિવસે વાર્તાનું પઠન કરવામાં આવે છે આ વ્રત દ્વારા મહિલાઓ પોતાના દામ્પત્ય જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિની કામના કરે છે. તે પતિ-પત્નીના સંબંધોને વધુ મજબૂત બનાવે છે અને પરસ્પર પ્રેમ અને સમજણને પ્રોત્સાહન આપે છે.

# તમામ સંસ્થાઓએ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાન કરવા કર્મચારીઓને રજા આપવી પડશે

## યોગ્ય સુવિધા અને સમયમાં પણ છુટછાટ આપવા ચૂંટણી પંચન આદેશ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે તા. ૨૨ જૂન રોજ રાજ્યના તમામ જિલ્લાઓની અંદાજે ૮,૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. રાજ્યમાં યોજાનાર આ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદારો-કર્મચારીઓ મતાધિકારનો પૂરતો ઉપયોગ કરી શકે તે માટે કચેરીમાં યોગ્ય સુવિધા-સમયમાં છુટછાટ ઉપલબ્ધ કરાવવાની રહેશે

કર્મચારીઓ અને તાલીમ વિભાગના પર્સનલ, પીએજી અને પેન્શન મંત્રાલયના તા. ૧૦ ઓક્ટોબર-૨૦૦૧ની માર્ગદર્શિકા મુજબ વિવિધ સંસ્થાઓમાં કાર્યરત કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેમ કે બેંકો, એલઆઈસી વગેરેના કર્મચારીઓ જો તેઓ વાસ્તવિક મતદારો હોય અને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા ઈચ્છતા હોય તો તેમનો મતાધિકાર સુનિશ્ચિત થાય તે માટે સેવા સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમને મતદાન માટે યોગ્ય છૂટછાટ આપવાની રહેશે. જેમ કે મતદાન કરવા માટે ઓફિસમાં મોડા આવવાની છૂટ, ઓફિસથી વહેલા નીકળવાની છૂટ અથવા થોડા સમય મતદાન માટે ગેરહાજર રહેવાની છૂટ આપવી જોઈએ ઉલ્લેખનીય છે કે, રવિવારના દિવસે સામાન્ય રીતે રાજ્ય સરકારના મોટાભાગની કચેરીઓ બંધ રહે છે, પરંતુ કેટલાક વિભાગો જેમ કે ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો, સહકારી બેન્કો બેંકો, રેલવે, ટેલિફોન, પોસ્ટ કચેરીઓ, દુકાનો, વેપારિક સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ, હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ તથા અન્ય આવશ્યક સેવાઓ આપતી સંસ્થાઓ રવિવારના રોજ પણ કાર્યરત રહેતી હોય છે. આ સંસ્થાના કર્મચારીઓને મતદાન કરવા માટે યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

# ઓખાનો દીકરો રોહિતકુમાર વઢવાણા બોલિવિયામાં ભારતનો પ્રથમ રાજદૂત બન્યો!!!

## ઈરાનમાં ભારતીય દૂતાવાસથી લઈને યુકે અને કેન્યામાં ભારતીય ઉચ્ચ આયોગ સુધી રોહિતકુમારનો કાર્યકાળ શાનદાર

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં કોઈપણ ક્ષેત્રે ગુજરાતીઓ હંમેશા આગળ જ રહ્યા છે. ત્યારે ગુજરાતના ગોરોમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે. જેમાં ઓખાનો દીકરો રોહિતકુમાર વઢવાના બોલિવિયામાં ભારતનો પ્રથમ રાજદૂત બન્યો છે. ૪૪ વર્ષીય રોહિતકુમાર વઢવાનાએ તાજેતરમાં બોલિવિયાના બહુરાષ્ટ્રીય રાજ્યમાં ભારતના પ્રથમ રાજદૂત તરીકે નિમણૂક પામીને ઈતિહાસ રચ્યો છે. દક્ષિણ અમેરિકાના આ કુદરતી



સંસાધનોથી સમૃદ્ધ દેશમાં ભારતના પ્રથમ મિશનનું નેતૃત્વ કરવાની જવાબદારી હવે તેમના શિરે છે. એન્ડીઝ પર્વતોમાં લગભગ ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા વિશ્વના સૌથી ઊંચા પાટનગર લા પાઝ ખાતે, વઢવાનાને શરૂઆતથી જ ભારતીય દૂતાવાસ સ્થાપવાનું મોટું કાર્ય સોંપવામાં આવ્યું છે.

૨૦૧૦ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી રોહિતકુમાર વઢવાનાએ પોતાની કારકિર્દીમાં અનેક મહત્વપૂર્ણ સ્થાનો પર સેવા આપી છે. ઈરાનમાં ભારતીય દૂતાવાસથી લઈને યુકે અને કેન્યામાં ભારતીય ઉચ્ચ આયોગ સુધી તેમનો કાર્યકાળ શાનદાર રહ્યો છે. નૈરોબીમાં તેમણે યુએનપીએ અને યુએન-

(અનુ. આઠમા પાને)

# ફાર્મસી કોલેજોની ૧૧૫૮૪ બેઠક માટે પ્રોવિઝનલ મેરિટ યાદીમાં ૧૪૬૦૪ વિદ્યાર્થીનો સમાવેશ

## મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ, આગામી ૧૭મીએ પરિણામ

**અબતક, રાજકોટ**

ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે પ્રોવિઝનલ મેરિટલીસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. કુલ ૧૧૬૮૪ બેઠકો માટે ૧૫૮૧૯ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આજથી મોક રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને ચોઈસ ફિલિંગ કરવાની સૂચના આપવામાં આવી છે. મોક રાઉન્ડનું પરિણામ આગામી ૧૭મીના રોજ જાહેર કરવામાં આવશે. પ્રોવિઝનલ મેરીટયાદીમાં પ્રથમક્રમે ગુજરાત બોર્ડના ધ્યેય શેઠ નામના વિદ્યાર્થી ૯૯.૯૭ પર્સન્ટાઈલ સાથે સ્થાન મેળવ્યું છે.ફાર્મસીમાં પ્રવેશ માટે ગત તા.૩૦મી મેના રોજ રજિસ્ટ્રેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું હતુ. જુદી જુદી કોલેજના પરિણામ જાહેર થયા નહોવાથી પ્રોવિઝનલ મેરીટયાદી આજે એટલે કે ૯મીના રોજ જાહેર કરવામાં આવી છે. મેરીટયાદીમાં ગુજસેટ અને બોર્ડ આધારિત ૧૪૬૦૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૬૫૮૨ વિદ્યાર્થીઓ અને ૮૦૨૨ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની ૯૫ ટકા બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવશે. આજ રીતે સ્વનિર્ભર કોલેજોની ૫૦ ટકા બેઠકો ગુજસેટના આધારે અને ૫ ટકા સરકારી બેઠકો જેઈઈ-નીટના આધારે ભરવામાં આવશે. મેરીટયાદીમાં ગુજરાત બોર્ડના કુલ ૧૩૦૬૭, સેન્ટ્રલ બોર્ડના ૧૩૭૩ અને આઈએસસીઈ બોર્ડના ૭૬ અને અન્ય બોર્ડના ૮૮ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેટેગરી પ્રમાણે જોઈએ તો જનરલ કેટેગરીમાં ૫૨૨૮, ઈડબલ્યુએસ કેટેગરીમાં ૨૮૭૯ અને એસસી કેટેગરીમાં ૯૯૧ અને એસઈબીસી કેટેગરીમાં ૪૩૭૨ ઉપરાંત એસટી કેટેગરીમાં ૧૧૩૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજથી મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ શરૂ કરવામાં

(અનુ. આઠમા પાને)

# રાજકોટના ગાયત્રી ટ્રસ્ટના ૭૪ વર્ષીય ટ્રસ્ટી અને ભત્રીજો બે લાખની લાંચ લેતાં ઝડપાયા

## લોધિકાના પાળ ગામ સ્થિત સ્કૂલમાંથી દસ માસ પૂર્વે નિવૃત થયેલા શિક્ષક પાસે મોંઘવારી ભથ્થાના લાભ સહિત રૂ.૧૨.૫૦ લાખ એરિયર્સની ચુકવણી માટે લાંચ માંગી'તી

**અબતક, રાજકોટ**

સરકારી નોકરી કરતા અધિકારીઓ તો અવારનવાર લાંચ લેતા રંગે હાથ એસીબીની ઝડપે ચડી રહ્યા છે. પરંતુ હવે તો ટ્રસ્ટીઓ ના નામે સેવા આપતા લોકો પણ પૈસા ભૂખ્યા બન્યા હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. ત્યારે શિક્ષણના ધામમાં ટ્રસ્ટી બનેલા રાજકોટના ગુણવંત ખીરા અને તેના ભત્રીજા એવા કલાર્ક ધર્મેન્દ્ર ખીરાએ નિવૃત્ત શિક્ષકને નિવૃત્તિ બાદના મળતા લાભોના રૂપિયા જલ્દીથી મેળવવા માટે રૂપિયા બે લાખની લાંચ લેતા એસીબીના હાથે રંગે હાથ ઝડપાયા છે.

પાળ ગામે આવેલ ગાયત્રી હાઈસ્કૂલમાંથી નિવૃત્ત થયેલ શિક્ષકને નિવૃત્તિ બાદના પોતાના હક્કો મેળવવા માટે પણ લાંચ દેવી પડી હતી. જો કે, એસીબીએ ગોઠવેલ છટકામાં આરોપી કાકો-ભત્રીજો ફસાઈ ગયાં હતાં.



### બીલને ત્વરિત પાસ કરાવવા ગુણવંત ખીરા અને કલાર્ક ધર્મેન્દ્રએ લાંચ માંગતા વાણીયાવાડી સ્થિત ટ્રસ્ટીના ઘરે જ બંનેને લાંચ લેતાં એસીબીએ રંગેહાથ ઝડપી લીધાં

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં રહેતાં અને પાળ ગામ નજીક આવેલ એચ.એન.ગારડી શ્રી ગાયત્રી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતાં શિક્ષક ગઈ તા.૩૦-૧૦-૨૦૨૪ ના નિવૃત થયાં હતાં. જે બાદ તેઓને નિવૃત્તિ બાદના મોંઘવારી ભથ્થાના તફાવતના ચુકવવાની બાકી રકમ તેમજ રજાનું રોકડમાં રૂપાંતર કરી કુલ રૂ.૧૨.૫૦ લાખ લેવાના નીકળતાં હતાં.

જે મામલે તેઓએ અવારનવાર

(અનુ. આઠમા પાને)

# કટારિયા ચોકડીએ ડિમોલીશનઃ ૨૫ કાચા-પાકા મકાનનો સફાયો

## બ્રિજના ડાયવર્ઝન માટેના સર્વિસ રોડ પર ગેરકાયદે ખડકાઈ ગયેલા ૨૫ કાચા-પાકા મકાનો પર બુલડોઝર ફેરવી ૧૫ કરોડની જમીન ખુલ્લી કરાવતી ટીપી શાખા

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર કટારિયા ચોકડી ખાતે કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે મલ્ટીલેયર બ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેના માટે અલગ-અલગ ડાયવર્ઝન કાઢવામાં આવ્યા છે. ડાયવર્ઝન રૂટ પર નડત્તર રૂપ કાચા-પાકા મકાન અને ઝુપડાં હટાવવા માટે આજે વેસ્ટ ઝોન કચેરીની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા

(અનુ. આઠમા પાને)

